રવિશંકર રાવળ

સંપાદક
બચુભાઈ રાવત

કુમાર

ફાગણ
૧૯૯૦

અંક ૧૨૩ મો



આવતી કાલનાં નાગરિકો ઘડતું માસિક



મુદ્રક: બચુભાઇ પોપટભાઇ રાવત: તંત્રી અને પ્રકાશક : રવિશંકર મહાશંકર રાવળ: કુમાર પ્રિન્ટરી—કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.


વાર્ષિક લવાજમ, રૂા. ૬ (પરદેશ ૧૨ શિ.) આગાઉથી. વર્ષની શરૂઆતથી (જાન્યુઆરીથી) જ નોંધાય છે. છુટક ૦-૧૦-૦

મુંબાઈના એજન્ટ : સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ: તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ—૨

સુરતના એજન્ટ : વનરાજ બ્રધર્સ : લીમડા ચોક : સુરત

કલકત્તા : ઉપયોગી વસ્તુભંડાર · ૧૪, અમરતલા સ્ટ્રીટ

જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ
મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.



પ્રકૃતિ-પુરુષ

ચિત્રકાર: રવિશંકર રાવળ

'દ્વિવેદી અભિનંદન ગ્રંથ'ના સંપાદકોના સૌજન્યથી

જીવનના અવલંબનને

· શિખરિણી ·

હશે વ્હેતું મારું કઈ દિશ, કશે જીવન, ખરે?
ખગોળે ભૂગોળે નિયત નિજ ધ્યેયસ્થ સઘળાં:
શશી, પૃથ્વી, સૂર્યો, અચુત ઉડુઓનાં ક્રમણ સૌ
અચૂક્યાં થાતાં આ, નિજ પથ દિશા કો નહિ ચૂકે,
ફરે, ચાલે, આવે, વહન ભ્રમણે સૌ સ્થિત રહે.
અહીં, આ કાલે શું બનવું નહિ આજે રજ લહું,
ચહેલાં ચાહીને ભવન ચણવાં તે જ પડતાં,
થતાં ઊભાં બીજાં અધિક રમણાં, કૈંક અવળાં,
અને ક્યારે યે તો પગની પગદંડી ય સરતી.
મને ના સૃષ્ટિનાં ક્રમણભ્રમણોની જ ગમ રે,
લહું, શોચું, માનું જગત બઢતું જો શુભ દિશે,
સુયોજાયાં વિશ્વે ક્યમ ન મુજ સંયોજન હશે?

મને જો એવાં આ નહિ જગરહસ્યો ઉઘડશે,
વ્યથાથી મારી તો અચળ જગક્રમ્યા ય ચળશે.

સુન્દરમ્

કવિના મનમાં એક વ્યથા છે: માનવીના જીવનનો અને આ જગતનો મેળ કેમ નથી બેસતો? જગતમાં બધું ચોક્કસાઈથી, નિયત નિયમાનુસાર ચાલ્યા કરે છે, તો માત્ર માનવીના જ જીવનમાં અસ્થિરતા કેમ? સૌ જાણે છે કે સૂર્ય આજ આથમ્યો તે કાલ ઊગવાનો જ છે; ચંદ્રની કલા નિયતપણે ઘટતી-વધતી થવાની જ છે, તારાઓ ને પૃથ્વી ચોક્કસ અણચૂક માર્ગોમાં વહન કરવાનાં જ છે; માત્ર મને—માનવીને—જ ખબર નથી કે આવતી કાલે શું થવાનું છે. મનનું ધાર્યું તો કૈં પાર પડતું જ નથી. ચણ્યું હું તે પડે છે; કૈંક નવાં ઊભાં થાય છે તો કૈંક અવળાં થાય છે; અને ક્યારેક તો એટલી નિરાશા થાય છે કે પગ તળેની પગદંડી પણ સરી જાય છે. કંઈ ગમ નથી પડતી કે શુભ દિશામાં ધપતા આ સુયોજિત વિશ્વમાં એક મારું જ કોઈ નિયત સંયોજન કેમ નહિ હોય? આમ એ ઉરની વેદના પ્રગટ કરે છે. પરંતુ છેલ્લી બે લીટીઓ કહે છે કે કવિની આ નિરાશા એ બાળા હૃદયની રોતલ વ્યથા નથી, પણ અંતરમાં વડવાનલ ધારતા સમુદ્રનો ઘૂઘવાટ છે. એ તો જીવનના અવલંબન વિશ્વનિયંતાને પણ કહી દે છે કે જગરહસ્યોનો એ પડદો જો મારી આગળ નહિ ઊઘડે તો મારી વેદનાનો ધખધખાટ એટલો બળવાન છે કે જગતનું આવું અચળ પરિક્રમણ પણ તે ચળાવી દેશે. વિશ્વયોજના સામેનો આ પડકાર વિચારક તત્ત્વજ્ઞને હસવા સરખો લાગે એવો છે છતાં એ પ્રાણવાન આત્માનું કેવું અરમાન દાખવે છે! —બા.શ.

મારી નજરે

● આપણા જ યુગમાં, આપણા જ દેશમાં અને બે પ્રજાઓનાં રાજકારણ વચ્ચે ફુપજેલી સ્વાતંત્ર્ય માટેની ઝુંબેશમાં જે પાત્રો ચરિતાર્થ થયાં તેમની તાદશ હકીકતો પર એક નવી પણ સચોટ દૃષ્ટિ ફેંકનારૂં એક પુસ્તક ઘણા સમય પહેલાં મારા હાથમાં આવ્યું હતું, પણ તેની વાત કહેવાની તક સાંપડતી નહોતી. આવાં પુસ્તકોનો તોલ કરવાનું અરમાન તો મારાથી કેમ થાય? પણ 'આંગળી ચીંધ્યાનું પુણ્ય' જરૂર લઈ શકું. એ પુસ્તક તે પ્રસિદ્ધ અંગ્રેજ ચિંતક ને લેખક બર્નાર્ડ શૉની વિખ્યાત કૃતિ 'સન્ત જોઆન'.

આ જમાનામાં પુસ્તકોની સંખ્યા ઉભરાઇ જવાથી પ્રશ્ન થયો હતો કે હાલના લેખકોમાંથી કોનાં પુસ્તકો આજથી સો વર્ષ પછી વંચાશે? તેના ઉત્તરમાં વિદ્વાનોએ બે નામ પ્રસિદ્ધ કર્યાં હતાં તેમાંનું એક શ્રી બર્નાર્ડ શૉનું હતું. આ પુસ્તક માટે એમને નોબેલ પ્રાઇઝ મળ્યું હતું એ તો જાણીતી વાત છે.

આ પુસ્તકને ગુજરાતીમાં ઉતારવાનું સદ્ભાગ્ય શ્રી અનન્તરાય પટ્ટણીએ પ્રાપ્ત કર્યું છે. 'કુમાર'માં અમારૂ 'સિંહગઢ'નું નાટક તેના લેખકનું નામ અપ્રકટ રાખી આગે રજુ કર્યું હતું. આજે એના લેખક તરીકે શ્રી અનન્તરાય પટ્ટણીને જાહેર કરતાં અમને આનંદ થાય છે એ નાટકના પાત્રમંડળમાં, સમાજમાં એક નજીવું સ્થાન ધરાવનાર અરબ જમાદારમાં તેમણે જે ઉદાત્ત માનવતા પ્રકટાવી બતાવી હતી તે પરથી જ તેમની પાત્રપરીક્ષા ને નિરૂપણશક્તિનો પરિચય મળી ગયો છે. 'સન્ત જોઅન'નો અનુવાદ કરવા તેઓ લલચાયા તેમાં પણ તેમની પોતાની અમુક પ્રકારની જીવનદૃષ્ટિ જ કારણભૂત છે.

'આ ઇતિહાસને ગુજરાતીમાં સમજી શકાય તેવા સરળ રૂપમાં મૂકી, મનુષ્યજાતિએ પ્રામાણિક વૃત્તિથી કરેલા અનેક કામાઓમાંથી જેને સૌથી વધારે પ્રખ્યાતિ મળી છે એવા એક આ જોઅન વિષેના કામાને સમજી શકાય તેટલા પુરતો ખુલાસો કર્યો છે;' એમ કહી લેખકે મૂળ પુસ્તકની વસ્તુઘટના ઉપર સચોટ દૃષ્ટિ નાખતો એક ૩૨ પાનાંનો નિબંધ લખ્યો છે અને તેમાં પ્રજાઓની ભૂલો અને સ્વાતંત્ર્યપ્રયોગો ઇતિહાસમાં કઇ રીતે ભાગ ભજવે છે તે આ નાટકના વસ્તુ દ્વારા દર્શાવ્યું છે. એ બધું હિંદ તેમજ યૂરોપના ઇતિહાસને સરખુ જ લાગુ પડે છે. જેમણે યૂરોપિયન ઇતિહાસ કે સાહિત્યનું કશું યે વાંચ્યું ન હોય તેમને માટે એમણે પ્રસ્તાવનામાં સરસ ભૂમિકા રચી આપી છે.


આખું નાટક વાંચી રહ્યા પછી ધર્મ, સમાજ, રાજસત્તા, દેશ વગેરે બાબતો પર નવીન વિચારસરણી પ્રાપ્ત થાય છે. શબ્દો, મર્મવાક્યો, રિવાજો, પદવીઓ વગેરે સમજવામાં વાંચનારને સહાયભૂત થાય એવાં ટિપ્પણો પાનેપાને આપવામાં લેખકે ખૂબ ઔચિત્ય દર્શાવ્યું છે. માત્ર કોઇકોઇવાર તદ્દન તળપદા કાઠિયાવાડી શબ્દો વપરાવાથી વાચનમાં ખટકે છે; જેમકે 'લડાઇયું' ઇ૦ બીજી તરફ આશીર્વચનમાં સંસ્કૃત વાક્ય વપરાય છે ત્યારે પણ એવી જ લાગણી થાય છે. આ બાબતની વિશેષ ટીકા કરવાનું મારૂં ક્ષેત્ર નથી. હું તો બધા આ પુસ્તક વાંચી જઇ પોતપોતાને માટે તેમાંથી વસ્તુસ્વરૂપ વિચારી લે એમ ઇચ્છું. વાંચનારને પુસ્તક જરા યે પાછો પાડયા વિના રસમાં ખેંચી રાખે અને પોતાને માટે ઘણા મળતા વિચારે ચડાવે એવું છે.

છેલ્લા ત્રણ અંકથી 'કુમાર'ના પ્રકાશનમાં જે અનહદ ઢીલ થયા કરી છે તે માટે વાચકોની ક્ષમા માગી જણાવીએ છીએ કે હવેનો ચૈત્રનો અંક અધિક વૈશાખના અંતમાં પ્રકટ થયા પછી વૈશાખ અંક દ્વિતીય વૈશાખમાં જ બહાર પાડી અમે નિયમિત થઇ જવાની ખાહેશ રાખીએ છીએ. આજ સુધીની ઢીલ સાંખી જે ઉદાર પ્રેમભાવે નિભાવી લીધી છે તેને માટે અત્યન્ત આભારી છીએ.

એક નાનો પ્રવાસ

● કોઇ સગાંવહાલાંને મળવા ગયા હોઇએ કે ધંધા માટે રખડપટ્ટી કરી હોય અથવા ધર્મધ્યાનને નામે એકબે ધામમાં પગ માંડી આવ્યા હોઈએ તેની વાત જાહેરમાં મૂકવાની જરૂર હોતીનથી; પણ ઇતર પ્રાંત, ઇતર ભાષા કે ઈતર સમાજની સંસ્કૃતિનાં દર્શન પરિચય કે પ્રસન્ન વિનિમય કરવાની તક મળે ત્યારે સહજ પોતાના દેશ આગળ તેની વાત કહેવાનો ઉલ્લાસ પ્રકટે છે. એવી જ પુણ્યબુદ્ધિથી મેં હમણાં મહારાષ્ટ્રનાં દર્શન કરવાની તક સાધી હતી. ઇડર રાજ્યના વિદ્યાધિકારી શ્રી પંઢરીનાથ ઇનામદારની સૌજન્યભરી મૈત્રીએ મને આ પ્રવાસ માટે પ્રેરણા આપી હતી.

ઇ.સ. ૧૯૨૬માં ઔંધનરેશ શ્રી પંત સાહેબના આમંત્રણે હું અજંતાનાં ચિત્રો ઉતારવા ગયો ત્યારે શ્રી પંઢરીનાથ અમારા સંઘપતિ નીમાયા હતા અને બધાની વ્યવસ્થા તેમજ કાર્યવાહી નક્કી કરનારા હતા. એ દિવસો પછી ઘણીવાર ઔંધ જવાને ઊર્મિ થએલી, પણ મહારાષ્ટ્રના જીવનમાં ડોકિયું કરવાને યોગ્ય સમયવારાની રાહ જોતાં વર્ષો વીતી ગયાં, અને હમણાં જ 'શિવાજી જયંતી મહોત્સવ'ની તક સાધી તેમની સાથે ઔંધ જઇ શકયો. એ પ્રવાસની રસપૂર્ણ માહિતી આવતે મહીને રજુ કરીશ — ૨.મ.રા.



અવલોકિતેશ્વર

• મિશ્રોપજાતિ •

ઉચ્છ્વાસતો કાનનમર્મર ધ્વનિ,
શરૂતરુનાં વન વીંધતો વહે;
લળી જતો મંજરીભાર વેરી,
ઊંચા ઊંચા સાગ નીચા નમી રહે:

પ્રચ્છન્ન રૂપે પગદંડી પાતળી,
તૃણાંકુરોમાં અટવાતી આથડે;
કરી રહ્યો નિર્ઝર કલ્કલ ધ્વનિ,
કો ગહ્વરેથી જલધોધવા દડે:

મધુરસ્વરે સોહ્નિ ગાય શ્યામો,
નિબીડથી નીલમ દેવદારુની;
અને હિમાદ્રિ શતશૃંગ ટોચે,
ચડી પડે પ્રાતરબ્હેન આરુણી:

આગે બઢ્યો હું કરી સ્નાનસંધ્યા,
તીબેટની પ્રાંતસીમા જરા વીંધી;
ફૂલી દૂરે ટેકરીઓ વચાળે,
દેખાડતો દેવળ આંગળી ચીંધી:

'સામે જુઓ તે જ દલાઈલામા,
આરૂઢતા ત્યાં અવલોકિતેશ્વર;
અહીં ઊભો હું, જઈને ત્વરાથી
આટોપી લ્યો સત્ત્વસ્વરૂપ દર્શન!'

. . . . . .

તંદ્રા

આકાશનો ઘુમ્મટઘેર સાંધી,
બાંધી લીધું મેઘધનુષ્ય તોરણે;
મરાલનો મૉડધર્યાં વિમાને,
મૂકી દીધા મત્તમયૂર વીંઝણે:

વીણા લઈ ગાંધર્વો બજાવે,
ઊડી કરે ગાયન અંતરિક્ષમાં;
પદે પદે તાલ ધરી મૃદંગે,
કરી રહ્યા કિન્નર તો પ્રદક્ષિણા:

મંદારની માલ્ય કરે ધરીને,
અશ્વિની ઊભા કરતા પ્રતીક્ષા;
શચિ, શુચિ, અગ્નિ. અરુણ, વાયુ,
આતુર હસ્તે ગ્રહી દિવ્ય દીક્ષા:

અસ્તાચલે, ઊગમણી દિશાન્તે,
મૂકી દીધા સૂરજચન્દ્ર દીવડા;
પૃથ્વી થકી ઊર્ધ્વ પ્રસંત કેડીએ,
વૈતાલિકો હાર કરી રહ્યા ખડા:

જન્માન્તરોની ફૂદડી ફરીને,
આજે પધારે અવલોકિતેશ્વર;
મનુષ્યનો દેહ ત્યજી દઈને,
જતા હતા મોક્ષ-સ્વધામ ઈશ્વર:

અને હવામાં ઊડતી પતાકા,
વિમાનનો મંગલ શબ્દ ગુંજતો;
વૈતાલિકો ગાન ધરે: મૃદંગે
પદે પદે કિન્નરતાલ ઊઠતો:

આકાશમાં ઝાલર ઘંટ વાગે,
ને ગાજતો મંગલ શંખનો ધ્વનિ;
દેવાંગના આરતીને સમારતી,
ગજાવતી વિશ્વ કરી હુલૂધ્વનિ:

'ખમા! ખમા! પ્રેમલ બોધિસત્ત્વ!
જયો! જયો! ઓ અવલોકિતેશ્વર!'

પુકારતા દેવગણો જયધ્વનિ,
ગાજી ઊઠ્યું ત્યાં સઘળું ચરાચર:

ને મોક્ષના ઉંબરમાં પગો ધરી,
જ્યાં શોભાતા'તા અવલોકિતેશ્વર;
પૃથ્વી થકી હાય ઊઠંત આકરી,
નિ:શ્વાસતાં દુ:ખિત નારીઓ નર:

આંખો મીચીને મુખ ફેરવી લીધું,
ખેંચી લીધા પાય ત્વરિત તાનમાં;
ને મોક્ષના ઉંબરથી ફરી જઈ,
પૃથ્વી ભણી એ પળતા વિમાનમાં:

'પૃથ્વી તણો દુ:ખિત પ્રાણ છેલ્લો
ન મોક્ષના ઉંબર માંહી જ્યાં લગી!-
દુ:ખાર્ત સંગે બનું એક હું દુ:ખી,
ન મોક્ષનો લોભ શકે મને ઠગી!'

મંદારની અશ્વિની માલ્ય તો સરી!
ને સાથમાં બે નભતારલી ખરી!

. . . . . .

ફૂલી ઊભો'તો દ્વય આંખ ફાડી,
દેખાડતો મંદિર ચીંધવી કર:
'અહીં ઊભો હું, જઈને ત્વરાથી
આટોપી લ્યો સત્ત્વસ્વરૂપ દર્શન!'

'લે ચાલ તું! દર્શન તો પૂરું થયું!'
આશ્ચર્ય એનું ઉલટું વધી ગયું!

કૃષ્ણલાલ શ્રીધરાણી

તરતમાં પ્રકટવાનાં 'કોડિયાં' નામના કાવ્યસંગ્રહમાંના 'કથાકાવ્યો' વિભાગમાંથી

બીડીઓનાં પીને નાખી દીધેલાં ઠૂંઠાં પણ જેઓ

ચૂલામાં ભડકો થયો, એટલે તેના પર ઍલ્યુમિનિયમની કાળા બૂધાની ખાંડી કોરવાળી હાંડલી ચડાવી અમલી ઊભી થઇ અને ગોખલામાંથી બીડીઓનાં ચારપાંચ બળેલાં ઠૂંઠાં મૂઠીમાં ભરીને છીતિયા આગળ નાખ્યાં. છીતિયો છાનો રહી બેઠો થયો. બધાં ઠૂંઠાંને ભેગાં કરી ઘડી વાર જોઇ રહી બધાંને ઉછાળી નાખ્યાં અને પાછો પગ લંબાવી પછાડા મારી રડવા લાગ્યો.

'આખી બીડી, મારે આખી બીડી, મા. . . .'

'આખી બીડીઓ પીવી હતી મુવા, તો લેવો'તો ને જનમ કોક શેઠિયાને ત્યાં!' કહી અમલી છોકરાને રડતો મૂકી ખૂણામાં પડેલા માટલા તરફ પાણી લેવા ગઇ. રડતા છીતિયાએ ઊઠીને તેના લૂગડાને ઝાલ્યું.

'છોડ મુવા, તપેલી બળી જાય છે મારે.' કહી લૂગડાને ઝાટકાથી ખેંચીને તે આગળ વધી. જૂનું જીર્ણ લૂગડું બાળકના વળગી રહેવાથી ચીરાયું. છીતિયો ચૂપ થઇ ગયો. પોતે ફેંકી દીધેલાં ઠૂંઠાંમાંથી એક ઠૂંઠું ઉપાડયું ને ચૂલામાં સળગાવી ગુપચુપ પીવા લાગ્યો.

'ફૂલકી, જા બોન, ભાઇ અને તું બજારમાં બીડીઓ વીણવા જાઓ.' ઉંબરામાં આવી ઊભેલી ફૂલકીને અમલીએ કહ્યું. માની કેડયે આવે તેવડી ફૂલકીના પુષ્ટ શ્યામવર્ણા શરીર પર કાળી ટીપકીની ઘાઘરીનો કછોટો હતો. હાથમાંની કુલડીને તેણે પેટ આગળ દબાવી હતી. હાથમાં કુલડી લટકતી રાખી તે આવી અને બીજા હાથે છીતિયાને કોમળતાથી પકડ્યો.

'ચાલ ભાઇ, આપણે બજાર જઇએ.' ફૂલકીએ કહ્યું અને છીતિયો બ્રહ્મરસપાન જેટલા આનંદથી ઠૂંઠું ચૂસતોચૂસતો એક હાથ બેનના હાથમાં મૂકી નવસ્રો જ ચાલ્યો. અમલી ઘરમાંથી એક રાતું, ફાટેલું, અંદરથી સફેદ અસ્તર દેખાતું ડગલું લઈ આવી.

'ઊભો રહે 'લા, ડગલું તો પહેરતો જા.' જીભમાં કડવાશ અને આંખમાં અમી સાથે તેણે પોતાનાં બે ય બાળકનાં ઘાટીલાં શરીર પર નજર નાખતાંનાખતાં છીતિયાને ડગલું પહેરાવ્યું અને કહ્યું:

'બોન, મોટી બજારેબજારે જજો અને બીડીઓ વીણીને વહેલાં આવજો, હોં.'

દૂર શરૂ થતા ફૂટપાથ પર બંને બાળકને રસ્તે પડી ગએલાં જોઇને તે અંદર પેઠી. પાણીમાં નાખવા ચા અને ખાંડનું પડીકું લઇને તે ચૂલા પાસે બેઠી અને પાસેના ગોખલામાંથી બિસ્કિટનો સૂકો કટકો કાઢી તે કરડવા લાગી.

ફૂલકી અને છીતિયો ચાલ્યાં. છીતિયાએ ફૂલકી પાસેથી કુલડી માગી લીધી અને પોતાના ગજવામાં નાખી. બટન વગરના ડગલાનું ખીસું ભારથી લચી પડ્યું. વરરાજા જેવા છીતિયાને અને એકમાત્ર ઘાઘરીમાં સજ્જ ફૂલકીને જોઈ, રસ્તે જતાં આવતાં લોકો કોક નાક ચડાવીને, એકાદ ગાળ દઇને, હાથ મોંનો ચાળો કરીને કે માત્ર ચૂપકીથી વાંક લઇને ચાલ્યાં જતાં હતાં.

લોકોએ પીને નાખી દીધેલાં બીડીઓનાં ઠૂંઠાં રસ્તા પર જ્યાં નજરે પડે ત્યાંથી ઉપાડીને છીતિયો ખિસ્સાની કુલડીમાં નાખતો હતો. ભાઇબહેને કંદોઇની, મોચીની અને કાછિયાની દુકાનો પાસેથી પંદરેક ઠૂંઠાં ભેગાં કર્યાં. વચ્ચેવચ્ચે છીતિયો બોલ્યે જતો હતો: 'એ બોન, આજે તો ગજવું ભરીને ઠૂંઠાં લઇ જઇશું, હોં.' પછી વળી કુલડીમાંની બીડીઓ તપાસતો, તેને હાથથી રમાડતો કે પાંચ છ બહાર કાઢીને તે ગણતો.

રસ્તા પર ચાલતા લોકોમાંથી બીડી પીનારાનાં મોં શોધવા બંનેની આંખો ફર્યા કરતી. પીનાર હમણાં બીડી નાખી દેશે એ આશાએ તેનાથી થોડે અંતરે પાછળપાછળ તેઓ ચાલતાં. પીનાર નાખી દે તો તે ઉપાડી લેતાં; ન નાખે તો જરા નિરાશ થતાં. નાખેલી બીડી હજી વધારે બાકી હોય તો તો તે બુઝાવીને ગજવામાં નાખતાં; ઠેઠ સુધી પી લીધેલી બીડીને તેઓ એકાદ બે ફૂંક ચૂસી લઇ ફેંકી દેતાં.

એક બાંકા આગળ તેઓ ઊભાં રહ્યાં. છીતિયાએ ગજવામાંથી કુલડી કાઢી અને ફૂલકીના હાથમાં બીડીઓ ઠાલવી. 'બોન, લે ગણીએ આપણે.' અને જમીન પર બેસી જઈ ફૂલકીએ પોતાની ઘાઘરીમાં બીડીઓ નાખી અને તેઓ ગણવા બેઠાં: 'એક, બે, પાંચ, પંદર, દસ, અગીઆર, વીસ.' ગણતરીના આંકડા ગમેતેમ

બ્રહ્મરસપાન જેવા આનંદથી ચૂસે છે એ વર્ગની વાર્તા



હૉટેલનો છોકરો તેમાં ચા રેડી ગયો

બોલતાં તેઓ બીડીઓ હાથમાં રમાડતાં હતાં ત્યાં પાસેનો દુકાનદાર બોલી ઊઠ્યોઃ 'નાસો, છોકરાં નાસો, ગાંડી ગાય આવે.'

ભાઇનો હાથ પકડી લઇ ફૂલકી એકદમ ઊભી થઇ અને દોડવા લાગી. બીડીઓ વેરાઇ ગઈ. તેઓ ખાંચાની અંદર દોડી ગયાં. ગાય ફૂંફાડતી અને માથું વીંઝતી આવતી હતી. રસ્તા પરના લોક બાજુએ દબાઇ ગયા. ગાય દોડી ગઇ. ગાયના ગયા પછી બંને પાછાં તે જગ્યાએ આવ્યાં.

'મારી બીડીઓ, મારી બીડીઓ ...' વિશ્વવિનાશના જેટલા કકળાટથી છીતિયો બોલતો હતો. બંને જણ પોતે બેઠાં હતાં ત્યાં જઇ જુએ છે તો કાદવવાળા કચરાનો ઢગલો થએલો જણાયો. એક ઠૂંઠું તેમાં ખરડાએલું બાજુએ પડયું હતું. 'રહેવા દે, છી વાળું એ તો, ભાઇ' કહી તે લેવા જતા છીતિયાને ફૂલકીએ રોક્યોઃ 'છાનો રહે, આપણે બીજી વીણીશું.'

બહેનની આંગળીએ વળગી ભાવિપ્રાપ્તિની આશાએ છીતિયો ચાલ્યો. તેઓ એક બીડીવાળાની દુકાને પહોંચ્યાં. 'એ મોટા શેઠ, એક બીડી આપો.' ફૂલકીએ યાચના કરી અને બંને ભાઇબહેને તેમના કુમળા હાથ લંબાવ્યા.

'જા જા, બીડી પીનારી! વીણી ખા ઠૂંઠાં.' કહી મોટા શેઠ ઘરાકને ધ્યાન આપવા લાગ્યાઃ 'કેમ ઠાકોર, શું જોઇએ?'

લાલ ફેંટાવાળા ઠાકોરે પચીસ બીડીનો ગડો માગ્યો અને પાન બનાવવા કહ્યું. પાનનો ડૂચો મોઢામાં મૂકતાં મૂકતાં ઠાકોરે મોં ફેરવ્યું તો નાનાં ભીનેવાન છોકરાં તેના તરફ તાકી રહ્યાં હતાં.

'કેમ અલ્યાં, શું જુઓ છો?'

'એક બીડી આપો, ઠાકોર.' 'ઠાકોર' શબ્દને ફૂલકી લંબાવીને બોલી. છીતિયાએ પોતાની હથેલી ધરી. ઠાકોર હસ્યા. બીડીનો ગડો છોડી તેમાંથી એક બીડી છોકરાં તરફ ફેંકી બાકીનીને ખીસામાં નાખતા તે આગળ ચાલ્યા. મોટા શેઠ તરફ વિજયથી જોતાં તે બંને ઠાકોર પાછળ ચાલ્યાં. ખીસામાં નાખતાંનાખતાં ઠાકોરના હાથમાંથી એક બીડી પડી ગઇ. છીતિયાએ તે લેવા દોટ મૂકી. ત્યાં પડેલી બીડી માટે બીજી હરીફ આવતી દેખાઇ. 'એ છોકરા, એ બીડી મેં જોઇ છે.' કહી એક જાડી વાઘરણ બીડી લેવા દોડતી હતી. છીતિયો થંભી ગયો. વાઘરણે બીડી ઉપાડી લીધી.

'એ જાડી, એમાં શું નજર ઘાલે છે? ભંગિયાની નજર એના પર પડી એટલે એ તો અભડાઇ ગઈ. લે બીજી આપું.' કહી તેણે વાઘરણને હાથોહાથ બીડી અને પેટી આપી.

વાઘરણે નાખી દીધેલી બીડીને લઇ બે ય જણ પાછાં દુકાને આવ્યાં અને છીતિયાએ હાથમાંની બીડીને બતાવતાં કહ્યુંઃ 'એ મોટા શેઠ, દીવાસળી નાખોને જરા.'

'ઓ તમારીનાં! જા પેલી કચરાપટ્ટીની ધૂણીએ.' શેઠે કહ્યું.

સહેજ દૂરના એક ખાંચામાં ઊંચી પતરાની કચરાપટ્ટી આગળ સળગતી ધૂણી તરફ તેઓ ગયાં. ધૂણીના વેરાએલા દેવતાથી ઉતાવળે બીડી સળગાવવા જતાં છીતિયો દાઝ્યો. કચરામાં બીડીઓ વીણવાનું આશ્વાસન આપી ફૂલકીએ તેને છાનો રાખ્યો અને બંનેએ કચરામાંથી ઠૂંઠાં ભેગાં કરવા માંડયાં. થોડાંક વીણ્યાં ત્યાં ફૂલકી એકાએક ઊભી થઈ અને બોલી ઊઠીઃ 'ઓ પેલો બાપો, બાપો; છીતિયા, બાપો જાય.'

કમર સુધી લટકતાં છેડાવાળું ફાળિયું, કાળો હાટેલો કોટ, કાછડો મારેલું ધોતિયું અને કાણાંવાળા ધોળા કપડાંના જોડા પહેરેલો, ખભે ઝાડુ મૂકીને જતો પાતળા મોઢાનો ફૂલકી ને છીતિયાનો 'બાપો' ભંગિયો પંચાલો.

'બાપા, અમારી બાએ મોકલ્યાં છે અમને બીડી-ઓ વીણવા.' ફૂલકી બોલી.

'અને બાપા, એં . . . .' કહી વીણેલાં ઠૂંઠાંની મૂઠી અર્ધી ઉઘાડીબાંડેલી બતાવી છીતિયો આનંદ્યો.

'ખરો ખરો, મારો દીકરો.' કહી તેણે છોકરાને ઉપાડ્યો અને તેડીને બચી લીધી. 'જોઇએ બેટા' કહી તેણે છોકરાના હાથની મૂઠી ઉઘાડી. કેટલાંક ઠૂંઠાં નીચે પડી ગયાં.

'એલા હરિયા, હવે ચાલ સીધો ઑફિસમાં. છોકરાં ક્યાં લગી રમાડ્યા કરીશ!' કોઇ તેને દૂરથી બૂમ પાડીને ચાલ્યું ગયું.

'બાપા, છીતિયાને તો સિગરેટ પીવી છે.' ફૂલકીએ લાડથી ભાઇની મહત્ત્વાકાંક્ષા કહી બતાવી.

'એમ? સેઠિયો બની જવું છે તારે?' કહી તેણે છીતિયાને છાતીએ દાબ્યો. અને પછી 'ચાલ, તને સિગરેટ પીવાડું' કહેતો બંને છોકરાંને લઇ તે એક ઇરલામી હૉટેલ આગળ આવ્યો.

'ક્યાં હરિયા, ક્યા આખા ઘર લે કે આયા હય?' હૉટેલના ઓટલા ઉપર ભજીઆં તળતા અને તેલથી સીંચાએલા કરીમઅલ્લી બોલ્યા.

'હા, છોકરાં હગણાં બજારમાં મળ્યાં તો લેતો આવ્યો.' કહી હરિયાએ છોકરાંને નીચે ઉતાર્યાં. બંને જણ, થાળીમાંનો ભજીઆંનો ઢગલો, ઉપર એક ગંદા કબાટમાં ગોઠવેલી મિઠાઇ અને એક કાળા ટેબલ ઉપર ધમધમતા મેલા રટવને અલકાપુરીના દશ્ય પેઠે જોઇ રહ્યાં.

હરિયાએ બે કપ ચાનો ઑર્ડર આપ્યો અને પોતે ભંગીઓ, માટે નીચે પડી રહેતા પ્યાલાઓમાંથી ત્રણ રકાબીપ્યાલા લાવ્યો અને ગોઠવીને બેઠો. હૉટેલનો છોકરો તેમાં ચા રેડી ગયો. ચા પીતાંપીતાં બંને છોકરાં આંખો ઊંચી ચડાવીને આગળપાછળ જોતાં હતાં.

હૉટેલમાં ઘરાકી વધતી જતી હતી. ચારપાંચ જુવાન છોકરાઓનું ટોળું આવ્યું અને એક આખું ટેબલ રોકીને બેઠું.

'ચાર પલેટ પુડા, ચાર કપ સ્પેશિયલ.' એક જણે ઑર્ડર છોડ્યો. માખીઓથી ગુંજન પામતી માલપુડાની પ્લેટો ટેબલપર ગોઠવાઇ. રટવનો ધમધમાટ વધારે બન્યો.

'બાપા, પુડા ખવાડો.' છીતિયો બાપાની પીઠ પર પડી તેની ડોકમાં હાથ નાખી પટામણા અવાજે બોલ્યો.

'હા બેટા, પણ ચા પી લે. જો પેલી મોટર જાય.' બે કપમાં ત્રણ જણને ચા તો પીવાડી, પણ હવે પુડા ખવડાવવાની સિલિક ન રહી એટલે છોકરાનું ધ્યાન હરિયાએ બીજી દિશામાં વાળ્યું.

ફૂલકી ચા પી રહી હતી. હાથથી મોં લૂછતી તે ઊભી થઇ અને પગથિયાં નજીક વધુ ગઇ. તે એક સાફ જેવા ટેબલ પાસે તદ્દન નવાં કપડાંમાં બેઠેલા ગૃહસ્થનું લાલ જૅકેટ અને ચાંદીની મૂઠવાળી લાકડી જોઇ રહી. તે ગૃહસ્થ ફૂલકીની વિશાળ આંખો અને ગુંચળિયાળા વાળ જોઇ ખુશ થતો લાગ્યો. તે બોલ્યો, 'કૈસી અચ્છી લડકી હય!' અને સહેજ હસ્યો. ફૂલકી પણ પોતાના નાના સફેદ દાંત બતાવતી હસી. તે ગૃહસ્થે ગજવામાંથી સિગારેટની ડબ્બી કાઢી અને તે સળગાવીને પીવા માંડી. ફૂલકી તેના મોંમાંથી નીકળતા ધુમાડા જોઇ રહી. છીતિયો પણ ચા પીને ઊભો થઇ બહેનની પાસે આવીને ઊભો.

હરિયાએ ગૃહસ્થની ગાઢી નજર જોઇ માગણી કરી: 'એ દાતા, જરા આ છોકરા માટે એટલી અર્ધી સિગરેટ આપો.'

પેલા ગૃહસ્થનું મોઢું મ્લાન થવા લાગ્યું. તેણે સિગરેટ પીવી ચાલુ રાખી. હરિયો છોકરાંને બતાવતો વધારે દયામણું મોઢું કરવા લાગ્યો.

ગૃહસ્થ બોલ્યો: 'પલેટ મત લાના.' અને ટેબલ પર ચાના પૈસા ફેંકી હૉટેલનાં પગથિયાં ઊતરવા લાગ્યો. પગથિયાં ઊતરતી વેળા તેની લાકડી જે ઢબથી ઉપલાથી નીચલા પગથિયા પર આવતી તે ફૂલકી જોઇ રહી. સૂર્યમુખી ફૂલોની પેઠે ત્રણેનાં મોઢાં ગૃહસ્થની હીલચાલો તરફ ફરતાં હતાં. તે ફૂલકી પાસે આવ્યો. ફૂલકી ગભરાઇ ગઇ.

'લે બચ્ચી!' કહી તેણે પોતાના હાથમાંની સિ-ગારેટની આખી ડબ્બી જ ફૂલકીના હાથમાં મૂકી દીધી. ફૂલકીનો હાથ લાંબો તો થયો પણ ડબ્બી તેનાથી પકડી શકાઇ નહિ. ડબ્બી નીચે પડી ગઇ. ગૃહસ્થ સોટીને પગ સાથે અફાળતો અફાળતો ચાલ્યો ગયો.

નીચે પડેલી ડબ્બીને છીતિયાએ ઉપાડી લીધી ને કીંગલાતાંકીંગલાતાં તેણે ખોલી. અંદર ત્રણ સિગારેટ હતી.

'સિગરેટ, સિગરેટ.' છીતિયો કૂદવા લાગ્યો. ફૂલકી

પાસે આવી. 'એક મારી, એક તારી અને એક બાપાની.' છીતિયાએ વહેંચણી કરવા માંડી.

'અને મા શું પીશે ત્યારે ?' ફૂલકીએ યાદ દેવડાવ્યું.

'લાવો, આપણે બધા ઘેર જઇને પીશું. તમારી મા સારુ હું ચોથી સિગરેટ લઇ આવીશ.' હરિયાએ સિગારેટ લેવા પ્રયત્ન કર્યો.

'ના, ના, હું રાખીશ.' છીતિયો હઠે ભરાવા લાગ્યો.

'જો ભાઇ, કોઇ લઇ લે તારી કનેથી. લે આ ડબ્બી લઇ જા.' સિગારેટ કાઢી લઇ સોનેરી છાપનું ખોખું હરિયાએ છોકરાને આપ્યું. છીતિયો ખુશ થયો.

'લે ત્યારે બોન, જાવ ઘેર હવે. ભાઇને જાળવીને લઇ જજો.' છોકરાંને ઘર તરફ વાળી હરિયો મ્યુનિસિપાલિટીની ઑફિસ તરફ વળ્યો.

બપોર થવા આવ્યા હતા. સિગારેટની ડબ્બી સાથે રમતા ભાઇને કાંડેથી પકડી કે પીઠે હાથ રાખીને સંભાળી ફૂલકી ચાલતી હતી. બજારમાં રહેતાં લોક મેડીમેડાઓ ઉપર ખાઇ કરીને પાનપટ્ટી ચાવતાં બારીઓમાં દેખાતાં હતાં. મકાનોના પડછાયા ટૂંકા થઇ ગયા હતા. પથ્થરનો રસ્તો ગરમ થતો જતો હતો. ઉઘાડપગાં ભાઈબહેન દાઝતાં હતાં. રસ્તા પર લોકોએ ઢોળેલા પાણીમાં પગ પલાળતાં તેઓ બનતી ઉતાવળે ઘર ભણી જવા લાગ્યાં.

છીતિયાને તરસ લાગી. 'પાણી પીવું છે બોન, પાણી.' નળ વગરના ગામમાં પાણી ક્યાંથી મેળવવું એ સવાલનો ઉકેલ ન જણાયાથી ફૂલકીએ ભાઇને પટાવ્યો: 'ચાલો, હવે ઘેર જઇને પીશું. પેલું ઘર આવ્યું.'

'કહીં છે ઘર ?' પોતાના ઘર જેવું કાંઇ ન દેખાતાં છીતિયો બોલ્યો.

'આ પેલું' કહીને પટાવતી પટાવતી ફૂલકી ભાઇને લઇને ચાલી. તેઓ એક મોટા બેત્રણ મજલાના મકાન પાસે આવ્યાં. તેનો થોડોક પડછાયો રસ્તાને ઠંડો કરતો હતો. છીતિયો ત્યાં ઊભો રહી ગયો. ફૂલકી પણ ઊભી. બંનેએ ઊંચે જોયું. પોતાના ભાઈ જેટલો જ એક છોકરો જાળીવાળી બારીમાંથી સોનાની કલ્લીઓ પહેરેલા હાથ કાઢીને ઊભો હતો.

'ઓ ભાઇ મારા, પડી જઇશ' કહેતી છોકરાને ઊંચકી લેતી ફૂલકીના જેવી જ એક છોકરી બારીમાં છીતિયાએ જોઈ.



છીતિયો આંખો મીંચીને તે ચૂસી રહ્યો

'અરે, ખરે બપોરે અહીં રસ્તા પરની બારીએ ઊભાં છો ?' કોક સત્તાવાહી સ્વરે બોલ્યું. 'લૂ લાગશે છોકરાંને, અંદર લઇ લો, બાઇ !'

છોકરો અને છોકરી નીચે ઊભેલાં છીતિયા અને ફૂલકીને જોઇ રહ્યાં હતાં. બંને જણ ત્યાંથી હટવા તૈયાર ન લાગ્યાં.

'ઓ ભાઇ, લે શરબત પાઉં, અંદર આવી જા બા.' છોકરાને કોક મીઠો સ્વર બોલાવતો સંભળાયો. છતાં છોકરાં ત્યાં જ હતાં. ઝાંઝરનો આછો ઝમકાર થયો અને પાનથી રાતા થએલા હોઠવાળો એક ભરાઉ ગૌર ચહેરો બારીને ઉપરને છેડે દેખાયો.

'શું જોયા કરો છો નીચે ?' છોકરાંને નીચે જોતાં જોઇને તેણે પૂછ્યું. છોકરાએ સોનાની કલ્લીઓવાળા હાથને નીચે હલાવતાં હલાવતાં તે ગૌર ચહેરા તરફ જોયું અને 'બા, પેલાં છોકરાં . . .'

'પાણી, બેન, પાણી આપને' નીચેનો છોકરો બોલતો સંભળાયો, અને તે બંને જણ ઉપર બારી તરફ જોવા લાગ્યાં.

'ચાલો ભાઈ અંદર, એવાં તો બધાં નવરાં. ચાલો શરબત પાઉં' બોલી તે સ્ત્રી છોકરાને ખેંચીને ઉપાડીને અંદર શરબત પાવા લઈ ગઈ. બારી ખાલી થઈ ગઈ. કરવતથી પોતાનું કાંઇ વહેરાઇ જતું હોય તેમ ભાઇબહેનને આંચકો લાગ્યો.

ફરી એક નોકર જેવી બાઇ બારીમાં દેખાઇ. તેણે બારીમાંથી એક ભાંગેલો કંડિયો ફેંક્યો અને પછી

નીચે જોઇ બોલી: 'આઘાં મરો, વાગશે. મુઆં મારગ-માં જ ઊભાં રહે છે તો.' અને અંદર જતી રહી.

માણસની દયાવૃત્તિ પર્વત પરથી આપઘાત કરવા પડી હોય તેમ કંડિયો ફદ લઇને નીચે પડયો. છીતિયો અને ફૂલકી તેની પાસે ગયાં. અંદર કાંઇક કાગળનાં પડીકા અને નારંગી, કેળાં વગેરેનાં છોતરાં હતાં. એક નારંગીમાં બેએક કોહેલી ચીરી વળગી રહી હતી. તે કાઢીને ફૂલકીએ ભાઇને આપી.

'લે ભાઇ, આ ખા, તરસ મટશે.' છીતિયો આંખો મીંચીને તે ચૂસી રહ્યો. તે પછી કેળાંનાં છોતરાં ફૂલકીએ આપ્યાં. તેના પર ચોંટેલો ગર્ભ તે ચાટવા લાગ્યો. કાગળનાં પડીકાંમાં પેંડાની ભૂકી અને જલેબીના તથા પૂરીના કકડા વગેરે હતું. તે બધાને એક કાગળમાં લોટપોટ કરીને ફૂલકીએ પોતાની ઘાઘરીના કછોટામાં બાંધ્યું. છીતિયો તે ખાવાનો આગ્રહ કરવા લાગ્યો.

'ઘેર જઇને ખાઇશું ભાઇ. મા તો ખૂબ હરખાશે.'

સંતુષ્ટ થએલો છીતિયો હવે બ્હેનની પાછળપાછળ ઘર તરફ ચાલ્યો.

વાટ જોઇને ઉંબરા પર બેસી રહેલી અમલીએ છોકરાંને આવ્યાં એવાં ઊંચકી લીધાં. ખુશ થએલાં બંનેએ પોતાની પરિચર્યા અને પરાક્રમકથા કહી સં-ભળાવી. છીતિયાએ સગર્વ સિગારેટનું ખોખું બતાવ્યું. ફૂલકીએ ઘાઘરીમાં બાંધેલું પડીકું છુપાવવાને ચાલાકી કરી, પણ તે પણ છેવટે બધાંએ મળીને જોયું. ખાવાનો વખત થઇ ગયો હતો. રાંધેલાં વાસણ લગભગ ટાઢાં થઇને ચૂલાની આગમણમાં પડયાં હતાં.

'તમારો બાપો હજી કેમ ન આવ્યો !' કહી અમલી ઊભી થઇ અને બહાર જોવા ગઇ ત્યાં ક્રોધ ભરેલો હરિયાનો અવાજ સંભળાયો.

'પેલાં ઘેર મર્યાં કે નહિ !' એના જવાબમાં બે ય છોકરાં ઉંબરામાં આવીને હસતાંહસતાં ઊભાં રહેલાં તેણે જોયાં. હાથમાંના ઝાડુને ક્રોધપૂર્વક છાપરા પર ફેંકતા, છાપરાથી પણ ઊંચા બાપા તરફ તેઓ જોઇ રહ્યાં. હરિયો નીચો વળીને ઓરડામાં પેસવા ગયો છતાં તેના માથામાં બારણું વાગ્યું.

'સાળાં વચ્ચે ને વચ્ચે' કહી તેણે અંદર હઠી ગએલી ફૂલકીને એક તમાચો ખેંચી કાઢયો. ફૂલકી મોં ચંચવાળતી ધીરે રડતી અંદર ગઇ.

'તું ના સંભાળે ને વાગે તેમાં છોકરાંનો શો વાંક ?' અમલીએ ફૂલકીને છાની રાખતાંરાખતાં કહ્યું.

અંદર આવેલા બાપાને પગે બાઝવાનો પ્રયત્ન કરીને છીતિયાએ પૂછ્યું: 'બાપા, મા સારૂ સિગરેટ લાવ્યા છો ને ?'

'જોઈ હવે, તારી મા સિગરેટ પીએ એવી' કહી હરિયાએ છોકરાને તરછોડી નાખ્યો. ફૂલકી જાતે જ આશ્વાસન લઇ પોતાનું પડીકું છોડવા બેઠી હતી.

'શું છે ફૂલકાં એ ?' કહી હરિયાએ પડીકું ઝૂંટવી લીધું. ફૂલકી અવાક બની ગઇ. તેના હાથ અર્ધા લટકતા રહી ગયા. હરિયાએ પડીકું ખોલી અંદરની ચીજોમાંથી બેત્રણ ફાકડા માર્યા. ફૂલકી અને છીતિયો બંને પોતાનો માલ ખાઇ જતા બાપા તરફ તાકી રહ્યાં. તેમના તરફ ઘુરકિયું કરીને તેણે પડીકું ધકેલ્યું: 'લો, ભરો તમારાં પેટમાં !'

'કેમ હરિયા, આમ કેમ કરે છે આજે ?' હમેશનો શાંત, મળતાવડો, છોકરાંને વહાલ કરતો હરિયો આજે કેમ પલટાઇ ગયો તે અમલી વિચારતી હતી. હરિયો બોલે તે પહેલાં છીતિયો તેની કને કાલા અવાજે બોલતો આવ્યો: 'બાપા, પેલી અમારી સિગરેટ તો આપો.'

હરિયાના ડોળા ફાટયા. તેણે હાથ લાંબો કર્યો. 'આવ, અહીં આવ તું મોટો સિગરેટવાળો. લે આ સિગરેટ' બોલી તેણે ડરીને દૂર જતા જતા છીતિયાને કાંડામાંથી પકડયો અને પાસે ખેંચીને એક ચૂંટિયો ભર્યો. છોકરો ચીસો પાડવા લાગ્યો.

'મારી સિગરેટ એં . . . એં . . . એં.'

'કાંઇ લડીને આવ્યો છે કે શું ?' કાળુંમેંશ મોં કરીને ખાતા હરિયાને અમલીએ કોમળ અવાજે પુછ્યું. ક્રોધના આવેશથી છૂટેલો હરિયો નરમ અવાજે, શરમના થતા જતા ભાન સાથે બોલ્યો:

'નોકરીમાંથી કાઢી મૂકવાની નોટીસ મળી છે. પેલા મકાદમનાં જ કામ. રોજ એને ચાપાણી ને સિગરેટ પાવી પડે. તો ય આફત તો ઊભી જ.'

અમલીએ સિગારેટોની દશા સમજી લીધી. છીતિયા-એ સિગારેટ માટે રુદનસત્ર આરંભી દીધું હતું. ફૂલકી આઘે ભીંતે અડીને ઊભીઊભી ચડેલે મોઢે જોયા કરતી હતી. છીતિયો ભોંય પર આળોટતો હતો અને મૂઓ

(અનુસંધાન આગળ પૃ. ૯૭મે)



મજૂરીનાં ઘડતર

શિલ્પકાર શ્રી • વિનાયક કરમારકર

વૈભવ અને સમૃદ્ધિની છાયામાં ભાગ્યે જ મળે એવાં સુંદર, સુડોળ અને ઘાટીલાં નરનારીઓ
મજૂરીના તાપમાં કલાકારની દૃષ્ટિને સહજ સાંપડે છે.



ગોપ

શિલ્પી - વિનાયક કરમારકર

જીવન અને કલામાં શૌર્ય તથા સિદ્ધિ દાખવનાર યુવાન કલાકાર

શિલ્પસ્વામી વિનાયક કરમારકર



શ્રી વિનાયક કરમારકર : આજ ૪૦ વર્ષની વયે

હિંદના શિલ્પના ઇતિહાસમાં જેનો જીવનવૃત્તાંત પ્રબળ નક્ષત્ર સમો ઉજ્જ્વલ ને પ્રેરણાવંતો પ્રકાશી રહેશે એવા, જીવન અને કલામાં શૌર્ય તથા સિદ્ધિ દાખવનાર આ યુવાન કલાકાર કોણ અને કેવા છે, એનાં શક્તિ અને મૂલ્ય શી રીતે આંકવાં, એની વિભૂતિ શી રીતે ઓળખવી, રાષ્ટ્રના વિધાનમાં તેનાં પ્રયોગ અને સ્થાન શાં છે વગેરે બાબતોનો નિર્દેશ કરતાં પહેલાં એમના જીવનપ્રકરણમાં ઉપસ્થિત થએલા અને તે ઓળખવામાં કૂંચી રૂપ થઇ પડે તેવા એક સૌથી વિકટ પ્રસંગ પર પહેલાં નજર નાખી લઇએ.

ઇ. ૧૯૨૮ની એક રાત્રે મુંબાઇમાં મઝગાંવ ઉપરની પી. ઍન્ડ ઓ. કંપનીની ગોદીનાં બધાં કારખાનાં બંધ છતાં તેની ધાતુની ભઠ્ઠીઓ કદી નહિ દેખાએલા પ્રમાણમાં જ્વાળાઓ ફેંકી રહી હતી. ત્યાંની બધી યે ભઠ્ઠીઓ આમ એકીસાથે કામ કરતી જોવાનો પ્રસંગ કેટલાકનો પહેલવહેલો જ હતો, એટલે એ વિભાગમાં માણસોની ખૂબ હલચલ થઇ રહી હતી, અને કારખાનાના એ ભાગ આગળ મળેલી એ કુતૂહલભરી માનવમેદનીની જમાવટથી હરકોઇને લાગતું હતું કે ત્યાં કંઇક અસાધારણ કામ ચાલી રહ્યું છે.

નવ વાગ્યાના શુમારે ભઠ્ઠીમાંથી નીકળતી જ્વાળાઓનો રંગ બદલાયો અને ધાતુનો રસ પાકી ગયો છે એવો ગણગણાટ ટોળામાં શરૂ થયો.

એટલામાં તો એ બધાની વચ્ચેથી માર્ગ કરવા ભૂંગળું માર્યા કરતી મોટર દાખલ થઇ. તે કારખાનાના દરવાજામાં ધસારાબંધ પ્રવેશી ઊભી રહી કે તરત તેમાંથી ઇંતેજાર છતાં મક્કમ છટાભર્યો એક યુવાન ઊતર્યો. લાગલો જ ત્યાંના ભઠ્ઠાનો અંગ્રેજ અધિકારી 'હલ્લો મિ. કરમારકર' કરતો સામો આવ્યો ને ભઠ્ઠીમાંથી નીકળતી જ્વાળાઓના રંગ સામે જોતો બોલ્યો: 'હું ધારૂં છું કે રસ તૈયાર થઇ ગયો છે. તમારી જ અનુમતિની હવે અમે રાહ જોઈ રહ્યા છીએ.'

આડત્રીસ વર્ષના જુવાન વિનાયક કરમારકરે, સામે ઊભેલા લશ્કરને નિહાળતા વીર સેનાપતિ પેઠે ફરીવાર એ જ્વાળાઓ નીરખી આંખો ચમકાવીને કહ્યું, 'બરોબર! ચાલો, હવે પહેલાં રસ રેડનારા સાંઢિયાનો ક્યાસ કાઢી લઇએ. અંગ્રેજ અધિકારીએ જરા ખભો ઊંચો કરી હોઠ ચડાવ્યો 'એમાં ક્યાસ કાઢવાની શી જરૂર છે? રસ સાથે સંચાઓનું વજન ૪૦ ટન છે અને એક જ સાથે તે છયે સાંઢિયા ઉઠાવશે.' પણ નહિ. વિનાયક કરમારકરને અત્યારે કોઇપણ બાબત અંદાજ કે અટકળ પર છોડવાનો ખ્યાલ સરખો મંજૂર ન હતો. એક નાની પણ સરતચૂક કે જરા પણ ગફલતી આજના



ચૌદ ટન કાંસાની ધાતુમાં એક જ ઢાળે તૈયાર થએલું, શ્રી વિનાયક કરમારકરની અમર વિજયપતાકા સમું, પૂનામાં શિવાજી મિલિટરી કૉલેજ પાસેનું શ્રી શિવાજી મહારાજનું બાવલું. હિંદુસ્તાનમાં એવું એ પ્રથમ અને એક જ છે.

કાર્યક્રમમાં થાય તો તેના જીવનપર ધૂળ અને સર્વનાશ ફરી વળે એવો મામલો હતો. તે માટે તો તેણે પહેલાંથી જ પી. ઍન્ડ ઓ. કંપનીના મૅનેજર સાથે શરત કરી હતી કે દરેકેદરેક બાબત તેની સ્વાધીનતા અને મંજૂરી તળે જ રહેવી જોઇએ. એટલે અંગ્રેજ અધિકારી કચવાતો રહ્યો છતાં સાંઢિયાઓ તે ભાર બરાબર ઊંચકશે કે નહિ તે તપાસી જોવાનો તેણે હુકમ કાઢ્યો. અને ખરેખર, માપ પ્રમાણે વજનો ચડાવી સાંઢિયા ચલાવી જોયા તેમાં એકની સાંકળ તૂટી પડી અને વજન નીચે પછડાયું !

આવી દૂરંદેશી અને સાવચેતી આજના કામની એકેએક વિગતમાં વાપરવામાં આવતી હતી, કેમકે ચૌદ ફીટ ઊંચાઇની ને ચૌદ ટન વજનની શિવાજી મહારાજની ઘોડેસવાર મૂર્તિ એક જ ઢાળે ધાતુમાં ઉતારવી એ આજના પ્રયોગનો કટોકટીભર્યો મામલો હતો. જો આજે એકાદ બાબતમાં પણ ભૂલ થાય,—રસ પૂરો પડે નહિ, અથવા ઢાળો ફાટે, કે વાયુના પરપોટા પેસે, કે ગમે તે કારણે પ્રયોગ ખાલી જાય--તો બીજી વાર રસ તૈયાર કરવાની કે ઢાળો સુધારવાની તક અથવા વખતની મર્યાદા જરાપણ પહોંચે એમ નહોતું. જિંદગીનું બધું વટાવીને આ કામ પાછળ ખર્ચેલા હજારો રૂપિયાનો પાઇ પણ બદલો મળવો તો બાજુએ રહ્યો, પણ નામોશી અને હરીફોના કઠોર ઉપહાસના ભયંકર ભોગ થવાનું જ લખાઇ રહ્યું હતું; જેનો સામનો કરવા કરતાં એકાંતે ઝેર પી લેવાનું ગમે તેવો બહાદુર પણ પસંદ કરે એવી નિરાશા આવવાનો મામલો હતો.

હિંદુસ્તાનભરમાં કોઈ પણ કલાકારે કે કારીગરે આજસુધી કદી નહિ ઉઠાવેલું એવું મહાભારત કામ તે આ મૂર્તિનો ઢાળો ગણાતું હતું. મોટી મોટી કંપનીઓએ તે હાથ પર લેવા ઘસીને ના પાડી હતી, અને પી. ઍન્ડ ઓ. કંપનીએ પણ પોતાના દોઢ સો કામદારોના સંઘને અને તેના મૅનેજરને આ કામ માટે મિ. કરમારકરની સરદારી તળે મૂક્યા હતા તે પણ સર્વ કંઇ જોખમ, જવાબદારી અને પરિણામ તેમના ઉપર રહેવા દઇને જ. અઠવાડિયાથી મુંબાઇનાં પત્રોમાં તેમના હરીફોએ આ કામનું વગોણું કરવામાં બાકી રાખી નહોતી. પણ તેમની આ ચળવળથી બીજી રીતે લોકો, સરકાર અને પત્રકારોની નજર આ કામના પરિણામ પર ખેંચાઇ રહી હતી. 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા' પત્રનો ખબરપત્રી રોજેરોજની હકીકત નોંધી જતો હતો અને તેના ખુદ અધિપતિ પણ એકવાર જાતે પરિસ્થિતિનું નિરીક્ષણ કરવા આવી ગયા હતા.

મૂર્તિના માત્ર તલવારવાળા લંબાવેલા હાથ સિવાયનો બાકીનો સર્વ ભાગ એકી જ વખતે ઢાળામાં લાવવા માટે કેટલીક તરકીબો અને રચનાઓ કરવામાં આવી હતી, જેની વાત અને મુશ્કેલીઓ એ ધંધાથી અજ્ઞાત વાચકોને સમજાવવી મુશ્કેલ છે. પણ જીવનભર જેણે

આગળ ધસવાનો જ મનોવિગ્રહ ખેડ્યા કર્યો હતો એવા શ્રી કરમારકરે એ એકેએક બાબતમાં પોતાનાં પ્રાવીણ્ય અને શક્તિની પ્રતીતિ કરાવી હતી. સૌ પહેલાં માટીનું પૂતળું તૈયાર કરવું, તે સંપૂર્ણરીતે મંજૂર કરાવવું, તે પરથી તેના જુદાજુદા વિભાગ કરીને નાનાંનાનાં બીબાં કરી આખું પ્લાસ્ટરમાં ઉતારવું, તે પરથી વળી પાછું ધાતુ ઝીલે એવા થરમાં ઓઠું ઘાલી ગીણનું પૂતળું ગોઠવી પોલાણ તૈયાર કરવું. અને તેમાં ધાતુ ઉતારવાના માર્ગો રાખી ધાતુની જરૂરિયાતનો હિસાબ કાઢવો,—આ દરેક બાબતમાં જોઇતી કુશળતા, દૂરંદેશી અને સંપૂર્ણતા તથા સામાન અને વખત તેમની શક્તિને પૂરી કસોટીએ ચડાવી ચૂક્યાં હતાં.

આખરે રસ રેડાયો અને ત્રણ દિવસે તે ઠર્યાં બાદ બીબું ખોલવાને વખતે ફરીવાર માનવસાગરની ત્યાં મોટી છોળ આવી. ડૉક પર લોકો સમાતા નહોતા. પોલીસનો બંદોબસ્ત છતાં મોટરો ઠેઠ સુધી પહોંચતી નહોતી. યુરોપિયનો પણ આ પ્રચંડ કાર્યનું પરિણામ જોવા ઉલટભેર દોડી આવ્યા હતા. ફરીવાર એ વામન-કાય શિલ્પીએ ધડકતે હૈયે બીબાં તોડી પૂતળું ઊચકવા સાંઢિયા-યંત્રોને હુકમો આપ્યા. સૌની આતુરતા ને ઘોંઘાટ વચ્ચે પાતાળમાંથી નીકળતા કોઇ દેવ સમો, ધાતુનો ઘોડેસવાર અણીશુદ્ધ લોકોના સાગર વચ્ચે ઊભેલો દેખાયો. માનવમેદનીએ આનંદનો પોકાર કર્યો. કલાકારે એકવાર ભરીઆંખે તેને નીરખ્યો, ને તેનાં નાનાં નસકોરાં અતિ આવેગથી ફુલાવી નિરાંતનો શ્વાસ ખેંચ્યો.

થયું; નિંદાખોરોની જીભો સિવાઇ ગઇ; કલાકારનો કીર્તિધ્વજ ફડફડાટ કરતો ઊચકાયો. ખુદ 'ટાઇમ્સે' બે પાનાં ભરી કલા અને ક્રિયાના આ અદ્દભુત કૌશલ્યનો દુંદુભીનાદ કર્યો. જગત આખું જાણે એમ ભારતીય કલા-પ્રતિભાનું તેજ ઝળહળી રહ્યું; કેમકે દુનિયાભરમાં આવી રીતે ઢળાએલાં, આવડા મોટા કદનાં સળંગ એક ઢાળાનાં બાવલાં આંગળીને વેઢે ગણાય એટલાં જ છે. હિંદમાં તો બીજું છે જ નહિ. કરમારકર ન હોત તો ભારતના કીર્તિમંદિર પર કોઇ પરદેશી કલાકારની કલાનો કળશ જ ચઢવાનો હતો; કરમારકરે આ કામ છેલ્લી ઘડીએ ન સ્વીકાર્યું હોત તો કારોબારી કમિટી તેનો ઑર્ડર પરદેશ મૂકવાનો નિશ્ચય કરી ચૂકી હતી.



■. સૌરાષ્ટ્રની સીમમાંની આવી સુબદ્ધ સ્નાયુવાળી, રૂપ-લાવણ્ય સાથે તંદુરસ્તી અને તાકાતના નમૂના સમી 'ગ્રામકન્યા' શિલ્પકલાની સૃષ્ટિમાં ઉતારવાનો પહેલો જશ શ્રી કરમારકરને ઘટે છે.

મહારાષ્ટ્રના નિર્માતા છત્રપતિ શિવાજી મહારાજ-ના અવશેષરૂપ આજે હિંદમાં મોટાં રાજ્યો પડેલાં છે, છતાં તેમના સ્મરણચિહ્ન રૂપે કોઇએ આજ લગી કશું કર્યું નહોતું. એ પિતૃઋણનું કલંક ફેડવાને કોલ્હાપુર મહારાજના પ્રમુખપણા નીચે બીજાં રાજ્યોની એક સમિતિ થઇ હતી. તેણે નાણાંની ગોઠવણ કરી અને પૂના ખાતે આ સ્મારક મૂકવાની યોજના ઘડાઈ. હિંદની સરકારે પણ તેમાં સારો હિસ્સો તેમજ સહકાર આપ્યાં




મુંબાઇના માજી ગવર્નર સર લેસ્લી વિલ્સન જાતે પોતાના પૂતળા માટે 'સિટિંગ' આપી રહ્યા છે.
કળા પ્રત્યેનો આવો આદરભાવ આપણા રાજાઓ અને શ્રીમંતોના સંસ્કારમાં ક્યારે નજરે પડશે?



શ્રી કરમારકર
(ઠઠ્ઠાચિત્રઃ રવિશંકર પંડિત)

હતાં અને આ કામ માટે લગભગ બે લાખ રૂપિયાનો ખર્ચ મંજૂર કર્યો હતો. સમિતિએ એ કામ સોંપવાને મુંબાઇના સુપ્રસિદ્ધ શિલ્પી શ્રી મ્હાત્રેને નિમંત્ર્યા; તેમજ મિ. કરમારકરને પણ ખાસ કોલ્હાપુર નરેશના આગ્રહ-થી બોલાવ્યા સમિતિને થોડા જ વખતમાં કામ પાર પાડવાનું હોવાથી બંને વચ્ચે કામ વહેંચી નંખાયું. સ્મારકમાં, શિવાજી મહારાજનું મુખ્ય પૂતળું અને તેની બેઠકની ચારે બાજુ તેમના જીવનના મુખ્ય પ્રસંગોની ત્રણ મોટી તકતીઓ, એટલું કરવાનું હતું. એ પૈકી પૂતળાનું કામ શ્રી મ્હાત્રેએ લીધું અને તકતીઓનું કામ મિ. કરમારકરને સોંપાયું.

આ પ્રસંગથી શ્રી મ્હાત્રેને શ્રી કરમારકર પ્રત્યે કંઇક વિરાગ થયો હોવાનો સંભવ છે. પરંતુ શ્રી કર-મારકરે તો શ્રી મ્હાત્રે પ્રતિ પહેલાંથી જ માન અને સદ્ભાવની લાગણી જાળવવા સંપૂર્ણ પ્રયાસ કર્યો હતો. એમણે તો વખતસર પોતાની કામગરી પૂરી કરીને સમિતિને સોંપી પૈસા પણ લઇ લીધા. છતાં શ્રી મ્હાત્રે પોતાનું કામ હજી પૂરું કરી શક્યા નહોતા, એ જોઇ પોતે તેમાં સહાય કરવા ઉમેદ બતાવી જે શ્રી મ્હાત્રેએ સ્વીકારી નહિ. બીજી તરફ સમિતિએ કામ માટે તાકીદ કરી અને તે રજૂ કરવાની તેમની પાસેથી મુદત માગી, અને જો મુદત આપે નહિ તો ઑર્ડર નામંજૂર કરવાની




મુંબાઈના બંદરકાંઠે વસતા માછીમારોનાં શરીરસ્વાસ્થ્ય ગ્રીસના શિલ્પીઓને આફરીન પોકારાવે એવાં હોય છે. શ્રી કરમારકરની ચકોર આંખ ત્યાંથી પણ કલારત્ન પકડી લેવાનું ચૂકી નથી. કુદરત ને કળાને એકસાથે અહીં જોવાથી કલાકાર કેવી સચોટરીતે વાસ્તવિકતામાં લાલિત્ય ને અંગમરોડ સાચવે છે તે સમજાશે. 'માછીકન્યા'ની આ કૃતિ પર મુંબાઈની કલાસમિતિએ સુવર્ણચંદ્રક આપ્યો હતો.

ચેતવણી પણ આપી. પરંતુ શ્રી મ્હાત્રે ગમે તે કારણથી સમિતિની એ શરત સ્વીકારી શક્યા નહિ અને અંતે તેમનો ઑર્ડર રદ થયો.

પણ સમિતિ પાસે હવે સમય ટૂંકો હતો અને વખતસર કામ મેળવવા તે અધીરી બની હતી. તેણે શ્રી કરમારકરને તે કામ માટે આવાહન કર્યું. તેમનો વિચાર શ્રી મ્હાત્રેની સામે પડી એ કામ ન જ કરવું એવો હતો; પણ સમિતિએ તો ઉચ્ચાળો માર્યો કે હવે કોઈ હિંદી કલાકાર એ કામ નહિ લે તો પરદેશના કલાકારને તેઓ એ ઑર્ડર તાબડતોબ સોંપી દેશે.

શક્તિ અને શૌર્યવાળા યુવાન વિનાયકરાવ ભારતની પ્રતિભાનું આવું અપમાન સાંખવા તૈયાર નહોતા. મુદત થોડી હતી, સાધનોની શંકા હતી, જાતીય કલાકારોમાં વિદ્રોહ થવાનો સંભવ હતો, પણ હિંદમાં આવું કામ ન બની શક્યું એવું કહેવડાવવા એમની વીરશ્રી તૈયાર નહોતી. તુરત કામ હાથમાં લીધું અને આપેલી મુદતમાં ઘોડેસવાર સહિત માટીકામ તૈયાર કર્યું. તે પછી જ્યારે ઉપર વર્ણવેલી ધાતુમૂર્તિ તૈયાર થઈ ત્યારે તેને જાહેરમાં મૂકવાના ઉત્સવ આડા માત્ર દસ દિવસ બાકી હતા.


પોતાનું કામ ઊકલી ગયું એટલે શ્રી કરમારકરે



મુંબાઇમાં તારદેવ ઉપરનું શ્રી વિનાયકરાવ કરમારકરનું આ શિલ્પગૃહ (સ્ટુડિયો) મંદિરની દેવમૂર્તિઓથી માંડી બ્રિટિશ રાજ્યના ગવર્નરોનાં પૂતળાં સુધીની આકૃતિઓ ઉતારવામાં ધમધોકાર ઉદ્યોગપૂર્ણ રહે છે.

સમિતિને તાર કર્યો કે કામ તૈયાર છે, માટે શરત પ્રમાણે અહીં આવીને સંભાળી લ્યો. સમિતિએ હાશ માની; પણ હજુ મિ. કરમારકરની વધુ કસોટી લેવી હોય તેમ સામો તાર કર્યો કે 'અમારે ખર્ચે અને જોખમે પૂતળું પૂના પહોંચતું કરી આપો.' પૂરી આફત! આવડા જંગી માપનો દાગીનો જી.આઈ.પી. રેલવેના સાંકડા બુગદા વટાવીને તથા પહાડો ચડાવીને શી રીતે પૂના પહોંચતો કરવો? મોટરનો માર્ગ તો કેવળ અશક્ય હતો. રેલવેએ પણ ના પાડી!

આખરે શ્રી કરમારકરે જી.આઇ.પી. રેલવેના મુખ્ય સત્તાધીશ (રેલવે એજન્ટ) પાસે જાતે જઇ પોતાની હકીકત રજૂ કરી અને તેમને પૂતળું જોવા ખેંચી આણ્યા. આ પરાક્રમભરી કલાકૃતિ જોઇ એ યુરોપિયન ગૃહસ્થ આશ્ચર્યચકિત થઇ ગયો અને પોતાની રેલવે આવો દાગીનો પહોંચાડશે તો તેનું પણ ગૌરવ વધશે એમ વિચારી તે માટે જોઇએ તેટલી સહાય, સગવડ અને તરફાળો કરાવી આપવા વચન આપ્યું. રેલવે કંપનીનો એજન્ટ એટલે રેલવેનો રાજા. પછી તો પૂછવું જ શું? રેલવેના કારખાનામાં એક ખાસ વૅગન તૈયાર કરવામાં આવ્યું. તેની ઉપર ગોળચક્કર ફરે એવી પીઠ બનાવી. પૂના જતાં રેલવેના રસ્તે આવતા દરેક બુગદા (ટનલ)નાં માપ લેવામાં આવ્યાં અને તેમાંથી જરૂર પડે તેમ ત્રાંસમાં ફેરવીને મૂર્તિને પસાર કરી શકાશે કે કેમ તેની ચોકસાઇ કરવામાં આવી. પછી બહુ જ સંભાળથી એ પ્રચંડ ધાતુમૂર્તિ વૅગન પર ચડાવી અને ખાસ એન્જિનોથી ખેંચાતી એ સવારી, દરેક બોગદાના મોં આગળ અટકતી તથા યંત્રોની મદદથી ગોળ ફરતી, પીઠ પર મૂર્તિને જરા ત્રાંસમાં નમાવી આગળ વધતી, દસ કલાકે એરતેકબાલ સલામતીથી પૂના પહોંચી;— જાહેરમાં મૂકવાના આઠ દિવસ આગમચ જ. છેવટની





ગોંડલનરેશ સર ભગવતસિંહજીનું આઠ ફૂટ ઊંચાઈનું આ પૂતળું પરપ્રાંતીય કળાકારની કસોટી સમું હતું. એમાં કાઠિયાવાડી અંગરખું, પાઘડી, સુરવાલ યથાવત હોવા સાથે મનુષ્યનું ચારિત્ર્યસ્વરૂપ જણાય છે.

(આખુએ) મહારાષ્ટ્રમાં બ્રાહ્મણ બટુકો જે દ્વારા ઘેરઘેરથી અન્ન ઉઘરાવી પોતાના અભ્યાસ અને ચારિત્ર્યવિકાસ સાધી શકે છે એવી એક લોકસંસ્થા 'માધુકરી'નું સ્વરૂપ શ્રી કરમારકરે આ કૃતિમાં અમર કર્યું છે; તે સાથે પોતાના અભ્યાસ માટે જુદીજુદી જગ્યાએથી પૈસા મેળવીને વિલાયત ગયા તે પ્રસંગનું સ્મરણ પણ તેમાં ધ્વનિત છે.

કામગીરીમાં હવે બેઠક પર પૂતળું ગોઠવી તે સાફસૂફ કરવાનું તથા રંગી નાખવાનું હતું. તે પણ બહાદુર કરમારકરે પોતાના સબળ સાથીદાર સલાટો ને મિસ્ત્રીઓની મદદથી પાર ઉતાર્યું. આમ શિવાજી મહારાજની આ જયવંતી મૂર્તિએ શ્રી વિનાયક કરમારકરને હિંદના શિલ્પકારોમાં પ્રથમ પદ અપાવ્યું.

એ પદથી તો એમની કલાસંપત્તિ અને આત્મસમૃદ્ધિનો આંક માત્ર દેખાય; પરંતુ પોતાના સમસ્ત જીવનક્રમમાં જે એકધારી ઉપાસના, શૌર્ય, બલ અને વિચક્ષણતા વડે એમણે પ્રવીણતા પ્રાપ્ત કરી છે તે સમજવાને એમના જીવનપટ પર એક સળંગ નજર નાખવી આવશ્યક છે.



શ્રીમંત સરકાર ખંડેરાવ ગાયકવાડની શ્રી કરમારકરે ઘડેલી શિલ્પમૂર્તિ. નામદાર સયાજીરાવ ગાયકવાડે વર્ષોથી યુરોપની કળાને મોટો આશ્રય આપ્યો છે. યુરોપના કલાકારોના પરિપોષણમાં લાખો રૂપિયા ખર્ચ્યા પછી પણ આખરે એમણે લાયક હિંદી કલાપ્રતિભાને નવાજવાનું પગલું લીધું એ જોઇ દરેક હિંદી જન સંતોષ અનુભવશે. કેવળ પોતાની પ્રતિભા ને શક્તિના બળે શ્રી કરમારકર તેમને આગ વાળી શક્યા છે. પોતે વામન દેહધારી જ્યાં કેવા વિશાળ કદનાં પૂતળાં પોતાને હાથે સરજી શકે છે તેનો આ નમૂનો છે.

મુંબાઇ પાસે અલીબાગ તાલુકાના સાસવને ગામમાં એક મધ્યમ સ્થિતિના ચિત્તપાવન બ્રાહ્મણ કુટુંબમાં ઇ.સ. ૧૮૯૨માં વિનાયકરાવનો જન્મ થયો હતો. તેમની પરંપરાની જાગીર તેમના પૂર્વજોના વખતમાં વેડફાઇ ગઇ હતી અને કુટુંબનિર્વાહની મુશ્કેલી દૂર કરવાને તેમના દાદાએ ગણપતિ ઉત્સવો માટે ગણપતિની મૂર્તિઓ બનાવવાનો ધંધો શરૂ કર્યો હતો. તેમાં તેઓ નભ્યા પણ ઠીક. બાળક વિનાયકને આમ નાનપણથી જ માટીની મૂર્તિઓ કરવાની પરંપરાગત તાલીમ દાદા પાસેથી મળી હતી અને તેઓ ઘરના ધંધામાં સહાય કરવા લાગ્યા હતા. એમના પિતા પાંડોબાના ગણપતિ મુંબાઇમાં પણ વખણાતા. ઉપરાંત તે ગાયનવાદનના પણ શોખીન હતા અને આસપાસમાં સરસ ગાયક તથા વાદક તરીકે જાણીતા હતા. મૂર્તિકામ, એની ને સંગીતકળાનાં આવાં સાધનો છતાં પણ એમના મોટા કુટુંબનું ભરણપોષણ કરવામાં એમને સાંસા પડતા.

દસ ભાંડુઓમાં સૌથી નાના આપણા વિનોબા કરમારકરને ગામડાની શાળામાં પ્રાથમિક શિક્ષણ મળ્યા ન મળ્યા જેવું હતું, કારણકે ઘરના ધંધામાં પિતાને મદદગાર થવાની જરૂર હતી. મૂર્તિકામમાં તો, જાણે તે શીખીને જ જન્મેલા ન હોય એવી ચપળતા ને કુશળતા તેમણે થોડા જ વખતમાં બતાવી દીધી; પણ વડીલોની સંગીતકળાના સંસ્કાર તેમનાથી ન ઝીલાયા.

એ અરસામાં કોલાબા જિલ્લાના આસિ. કલેક્ટર મિ. ઑટો રૉથફીલ્ડનો મુકામ તેમના ગામે થયો. ગામમાં ફરતાંફરતાં એક દેવળની ભીંત પરનાં કેટલાંક ચીતરામણ સાહેબની નજરે પડ્યાં અને તરત તે તેના ચીતરનાર માટે તપાસ કરવા લાગ્યા. ચિત્રોમાં શિવાજી મહારાજની છબી પણ હતી, એટલે ગામના લોકો ગભરાયા કે ચીતરનારનું આવી બન્યું; કેમકે એ વખતમાં—ઇ.સ. ૧૯૦૮માં—તો તિલક મહારાજ કે શિવાજી મહારાજનું નામમાત્ર લેનાર ગુનેગાર ગણાતો તથા જેલયાત્રા પામતો; અને તેમાં યે ઑટો રૉથફીલ્ડનું નામ પડે ત્યાં તો લોકો થથરતા. એ સાહેબ પેલા ચીતરામણના કર્તાને શોધે છે એવી વાત ગામમાં ચાલી એટલે વિનોબાના ઘરમાં ગભરાટ છૂટ્યો; કારણકે એ તો ભાઇની જ કૃતિઓ હતી. વળી તેણે કંઇક વિદ્યાર્થીસભા અને પૈસાફંડની પ્રવૃત્તિઓ પણ ચલાવી હતી, એટલે પિતાની સાથે જ્યારે સાહેબની હજૂરમાં જવાનું થયું ત્યારે તો ખાત્રીથી માન્યું કે કંઇ ને કંઇ સખત સજા (જેલ કે દંડ) આવી પડવાની જ! પાંડોબા સીધી લાઇનના માણસ હતા એટલે જે થવાનું હોય તે થાય એમ હિંમત ધરી સાથે ગયા.

પણ રૉથફીલ્ડ સાહેબને રૂબરૂ મળતાં જ પરિસ્થિતિનો રંગ ફરી ગયો અને ભયમાત્ર ઊડી ગયો. સાહેબે તો કહ્યું કે ચિત્રો જોઇ પોતે બહુ ખુશ થયા

(અનુસંધાન આગળ પૃ. ૧૦૫ મે)

બીડીઓ

(અનુસંધાન પાછળ પૃ. ૮૮થી)

પાડતો હતો. હરિયો ધૂંધવાતો ધૂંધવાતો ખાતો હતો. થોડીવાર શાંતિથી ખાધા પછી છાના ન રહેતા છોકરા તરફ આંખ તતડાવી તે બોલ્યો:

'હવે છાનો રહે છે કે નહિ? લાવ, પેલી એની બીડીઓ ફેંકી દઉં.' ધમકીની સત્યાસત્યતાનો વિચાર કરવા છીનિયાએ રડવું બંધ રાખ્યું ને બાપા તરફ ફર્યો. થંભેલાં આંસુ મોતી જેવાં તેની આંખના ખૂણામાં તગ તગી રહ્યાં. બાપાને પાછો પૂર્વવત ખાતો જોઇ તે રડવાને બીજી તરફ ફર્યો. ત્યાં ફૂલકી કાંઇક લઇને મૂઠીમાં ઝાલીને આવી તેની પાસે બેઠી અને તેના હાથમાં કેટલીક રૂપાળી સાફ આખી બીડીઓ મૂકતી બોલી:

'લે ભાઇ, છાનો રહે આપણે પેલા શેઠ પાસેથી કાલે સિગરેટ લાવીશું હોં.' છીનિયાએ મૂઠીમાં બીડીઓ પકડી. સિગારેટને બદલે કાંઇ નહિ તો આખી બીડી પણ ગમી એ સંતોષે તેને શાંત કર્યો. આટલું ચાલીને અને રડીને થાકેલા બાળક પર ધીમેધીમે ઊંઘ ફરી વળી. મૂઠીમાં બીડીઓ રાખીને છીનિયો આળોટતોઆળોટતો જ ઊંઘને ખોળે ઢળી પડ્યો.

હરિયાએ નીચે મોઢે ખાયા કર્યું. ફૂલકીને ખાવા બોલાવી ત્યારે તેણે ના પાડી. છીનિયો કદીક ઝબકી જઇને બોલી ઊઠતો હતો: 'મારી સિગરેટ, મારી બીડીઓ.' અને હાથમાં પકડેલી બીડીઓની મૂઠી સજ્જડ કરતો હતો અને છાતી સાથે દાબતો હતો.

'મેર હરિયા!' ગમગીનીભરેલી ઘરની શાંતિનો ભંગ કરતી અમલી ધીમા કરુણ અવાજે બોલી: 'છોકરાની સિગરેટ શું કરવા પી ગયો?'

'હવે જોયાં પીનારાં. સિગરેટ પીવી'તી તે લેવો'તો ને જનમ કોક શેઠિયાને ત્યાં.' બોલી હરિયાએ હાથ ધોયા.

અમલીએ ખાધું નહિ, અને કોણ જાણે કોઇ દિવસ નહિ ને આજે તેણે ચૂલામાં પાણી રેડ્યું.

'ત્રિશૂળ'

તારલા

·સ્રગ્ધરા·

રૂએ રૂએ ધરાનાં જન પશુ સઘળાં સામટાં આંસુ સારી,
હૈયે હૈયે અણુમાં અવિરત બળતી વેદનાઝાળ ઊંચે
ઊભી ઊભી ચઢે, ને રગ રગ ઊઠતા ઘોર આક્રંદ-કંદો,
ભેદીને જે ઊંડેરા ગગનપટલને પ્હોંચતા દેવ પાસે;
ઝીલીને એ પુકારો, પુનિત ઉદક છાંટી ભરી ભર્ગ એમાં,
થાપે સૌ વ્યોમપીઠે: અવનિ મનુજ બોલે,'ઊગ્યા તારલા શા!'
જેના તેજે મનુષ્યો સ્થૂલ દુ:ખ તજીને સૂક્ષ્મ આહ્લાદ પામે.

'મોહિનીચન્દ્ર'

આકાશના ટગટગતા તારા જોઇને મધુરી વેદનાની, સાત્ત્વિક સુખની કે અપાર્થિવ આનંદની એમ વિવિધ લાગણીઓ તો આ અનુભવીએ છીએ; માત્ર આપણી પાસે તે અકથ્ય બની રહે છે, જ્યારે કવિ પાસે તે વ્યક્ત કરવાની કલ્પના હોય છે. જેના તેજે માનવો સ્થૂલ દુ:ખ તજીને સૂક્ષ્મ આનંદ પામે છે તે મૂળે તો એ માનવીઓનાં જ દુ:ખ છે એવી યે કલ્પના! (બ.)

નવું વાચન

રસમય બાલવાતો લેખક: અરવિન્દલાલ મજમુદાર બી. એ. પ્રકાશક: સી. જમનાદાસની કં. મુંબાઈ-૨; કિં. ૦-૪-૦; **વાંચો ને લખો ભાગ ૧થી૪** લેખક: મનુભાઇ કલ્યાણજી દેસાઇ, એમ. એ, બી.ટી, એલએલ. બી, પ્રકાશક: કરસનદાસ નારણદાસ ઍન્ડ સન્સ, સુરત; દરેક ભાગના અઢી આના; **વીર વિઠ્ઠલભાઇ** લેખક: ધીરજલાલ ટોકરશી શાહ, પ્રકાશક: ચરોતર એજ્યુકેશન સોસાએટી આણંદ, કિં.૦-૨-૦; પોતાની શાળા મારફત વિદ્યાર્થીઓ ઓછામાં ઓછી ૨૦ નકલ ખરીદે તો કિંમત ૦-૧-૬; પોસ્ટેજ જુદું; **આસિસ્ટન્ટ કલેક્ટર** લેખક: ભોગીન્દ્રરાવ દીવેટીઆ, પ્રકાશક: મેસર્સ દીવેટીઆ ઍન્ડ સન્સ, અમદાવાદ, ૨-૮-૦; **ચેતનવંતા** લખનાર: પ્રેમયોગી, પ્રકાશક: નોવેલ્ટી ટ્રેડિંગ કંપની, રૂમ ૪૩ મોરારજી ગોકુલદાસ માર્કેટ, મુંબાઇ-૨, ૦-૪-૦.

ધરતીકંપ તેનો કેર . . . . અને તેનાં કારણો

બપોરનો વખત હતો. લોકો જમી પરવારી કામે વળગ્યા હતા. ત્યાં એકાએક ભયાનક ગડગડાટ થયો. લોકો ચમક્યા. મકાનોમાંથી બહાર આવી ઊંચે દૃષ્ટિ કરી કે શું આકાશમાર્ગે કોઇ હવાઇ જહાજ તો નથી પસાર થતું? આભ તો નથી ફાટતું? ત્યાં તો પળવારમાં જણાયું કે ઊંચે આભ નહિ પણ પગ તળેની ધરતી ધ્રૂજી રહી છે! કાંઈ પણ વિચાર આવે તે પહેલાં તો નજર સમક્ષ મકાનોની ભીંતો ફાટવા લાગી, મકાનો ડોલવા લાગ્યાં ને જોતજોતાંમાં કડડભૂસ કરતાં જમીનદોસ્ત થવા લાગ્યાં. હજારો જીવ હતા ન હતા થઈ ગયા! મહા મુસીબતે સાંજ પડી અને રાત વીતી. બીજા દિવસની સવારથી ઠેકઠેકાણેથી કરુણ સમાચાર આવવા લાગ્યા ને ભય વધવા લાગ્યો.

મુઝફ્ફરપુરના સમાચારે લોકોને વ્યાકુળ બનાવ્યા ત્યાં તો મોંગીરના સમાચાર આવ્યા. ત્રીજે દિવસે દરભંગા, નેપાળ વગેરે સ્થળોના સમાચારો પણ મળ્યા. આ અણચિંતવ્યા વજ્રપાતે દુનિયામાં ખળભળાટ મચાવી દીધો. એ હૃદયદ્રાવક દૃશ્યનું વર્ણન થઈ શકે તેમ નથી. માત્ર મુઝફ્ફરપુરમાં જ લગભગ ૧૦,૦૦૦ મનુષ્યો દટાઇ મૂઆ. મોંગીરમાં તો તે દિવસે દુર્ભાગ્યે અમાસનો મેળો હતો. બહારથી હજારો યાત્રીઓ આવેલા. નગરજનોની સાથે એ બીચારા યાત્રીઓની જીવનયાત્રા પણ ત્યાં ને ત્યાં જ પૂરી થઇ ગઈ!

મોંગીરના ધરતીકંપના ભોગમાંથી બચેલો એક વિદ્યાર્થી તે વખતનું વર્ણન કરે છે કે 'અમે બીજે માળે હતા. ત્યાં ઓચિંતુ મકાન હાલવા લાગ્યું. અમે નીસરણીથી નીચે ઊતરવા દોડ્યા, ત્યાં તો સીડી તૂટી ગઈ ને મકાન પણ ઠેકઠેકાણેથી પડવા માંડ્યું. રસ્તા પર કૂદી પડવા અમે વરંડા તરફ વળ્યા, ત્યાં સામેનાં મકાનો પણ પડતાં જોયાં એટલે જીવ ગભરાઇ ગયો. અચાનક અમારા વરંડા ઉપર સામેના મકાનનો ધસી આવતો એક ભાગ પડ્યો, ને અમે વરંડા સાથે નીચે પડ્યા. ઈશ્વરની કૃપાથી વરંડાનું લોઢાનું પતરું અમારા ઉપર છત્રની જેમ આવી ગયું એટલે પછડાટથી વાગ્યું તો ખરું પણ મરતા બચ્યા. એક ૭ વર્ષની બહેનના વાળ જોઇને તેને એક સ્થળેથી દટાએલી ખેંચી કાઢી. આસપાસનાં મકાનો પડતાં હતાં તે અમે અદ્ધર શ્વાસે જોઈ રહ્યા હતા. ચાર છ મિનિટ જ આ પ્રલયકાંડ રહ્યો. ચારે તરફ હાહાકાર મચી રહ્યો. જાણે બૉમ્બગોળાના મારાથી શહેરને તારાજ ન કર્યું હોય! લાશોની દુર્ગંધથી શહેરમાં એક ક્ષણ ઊભા પણ ન રહેવાય. કમકમાં આવે તેવું બીભત્સ એ દૃશ્ય હતું.

હિંદુસ્તાનમાં થએલા આજ લગીના ધરતીકંપોનો છેલ્લાં ૨૦૦ વર્ષ સુધીનો જે કાંઇ ઇતિહાસ મળે છે તે ઉપરથી જણાય છે કે ગઇ તા. ૧૫મી જાન્યુઆરીએ બિહારમાં થએલો ધરતીકંપ સૌથી બીહામણ, રુદ્ર ને નુકસાનકારક છે. સન ૧૯૧૫ની એપ્રિલની ૮મી તારીખે હિમાલયની તળેટીમાં આવેલા કાંગડાના ખીણ પ્રદેશમાં થએલો ધરતીકંપ પણ આટલો જ ભયંકર હતો. એ વેળા પશ્ચિમ ભાગમાં અફઘાનિસ્તાન ને સિંધથી માંડીને પૂર્વ ભાગમાં છેક પુરી સુધી તેની તાંડવલીલાના ભોગ બનેલા મનુષ્યોની સંખ્યા ૨૦,૦૦૦ સુધી પહોંચેલી! બીજી પાયમાલી તો જુદી. એનાથી આઠ વર્ષ પહેલાં ઈ. ૧૮૯૭ના જૂન માસની ૧૨મી તારીખે આસામમાં જે ભૂકંપ થએલો તે પણ ચિરસ્મરણીય બનાવ તરીકે નોંધાય છે. એ ધરતીકંપની અસરથી કેટલાં યે અઠવાડિયાં સુધી અવારનવાર ધરતીને કંપના આંચકા આવ્યા જ કરેલા. એ ઉપરાંત બસો વર્ષ પહેલાં ૧૭૨૦માં દિલ્હીમાં, ૧૭૩૭મા કલકત્તામાં અને ૧૭૬૨માં પૂર્વ બંગાળા ને આરાકાનમાં થએલા ધરતીકંપ વિષે ઉલ્લેખ છે. ૧૮૧૯માં બ્રહ્મદેશ અને કચ્છમાં પણ ભયંકર ધરતીકંપ થએલા.

પણ હિંદના આ ભૂકંપ જાપાનની સરખામણીમાં તો કંઈ વિસાતમાં નથી. જાપાનમાં તો એનાથી યે ભયાનક ધરતીકંપ અવારનવાર થાય છે. ૧લી ડિસેમ્બર ૧૯૨૩ની સાલમાં જાપાનમાં થએલો એ ધરતીકંપ અને તેનાથી થએલી ખુવારી તો જગતભરમાં અજોડ છે. જાપાનની રાજધાની ટોકિયો અને યોકોહામામાં એ ભૂકંપ માત્ર પાંચ જ મિનિટ રહેલો, પણ એ પાંચ મિનિટમાં તો તેણે સત્યાનાશ વાળી નાખેલું. બે લાખ


મનુષ્યોના તેમાં પ્રાણ ગયા અને ઉપરાંત આંધી તથા અગ્નિકાંડથી ગજબ તોબા પોકરાવેલી. માત્ર યોકોહામા-માં જ એક લાખ માણસો મર્યાં હતાં અને ૫૦ હજાર મનુષ્યો તો ક્યાં ગયાં તેનો પત્તો જ નહોતો ! તે ઉપરાંત એક લાખ માણસો ઇજા પામેલાં તે જુદાં. આ તો થઇ હત્યાની વાત; પણ ધનસંપત્તિ અને બીજી પાયમાલી તો ૧૨ હજાર કરોડથી પણ વધારે થએલી.

ધરતીકંપ એ એવી વિપત્તિ છે કે જેનાથી બચવું એ કેવળ અસંભવિત છે. કુદરતના એ કેર આગળ માનવીના હાથ હેઠા પડે છે. વૈજ્ઞાનિકોએ છેલ્લા બેએક સૈકાથી તેની શોધખોળો કરીને તે વિષે બને તેટલું જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કર્યો છે, છતાં હજી તેને લગતી ખાતરીભરી માહિતીઓ પૂરી મેળવાઇ રહી નથી.

આપણાં હિન્દુશાસ્ત્રો પ્રમાણે પૃથ્વી શેષ નાગની ફેણ ઉપર રહેલી છે, ને જ્યારે એક ફેણ થાકી જાય છે ત્યારે તે તેને બીજી ફેણ ઉપર ફેરવી લે છે. આ પરિવર્તનમાં જે આંચકો લાગે છે તેનું નામ ધરતીકંપ. મુસલમાનો એમ માને છે કે પૃથ્વી ગાયના શીંગડા ઉપર રહેલી છે અને ગાય જ્યારે એ શીંગડું હલાવે છે ત્યારે ધરતીકંપ થાય છે. ચીનાઓની માન્યતા પ્રમાણે વળી પૃથ્વી દેડકાના માથા ઉપર રહેલી છે અને તે માથું ખંજોળે ત્યારે ધરતી ધણેણે છે. જાપાન તો ધરતી-કંપોનો જ દેશ છે. ધરતી ધ્રૂજવી એ ત્યાં દરરોજની વાત છે. એ લોકોની માન્યતા એવી છે કે તેમનો દેશ એક મોટી માછલીની પીઠ ઉપર રહેલો છે અને જ્યારે એ માછલી ક્રોધાવેશમાં પૂંછડી પછાડે છે ત્યારે ધરતી-કંપ થાય છે! આમ દુનિયાની બધી જાતિઓ અને ધર્મોમાં ધરતીકંપ વિષે કોઇ ને કોઇ વિચિત્ર માન્યતાઓ ચાલી આવે છે. જોકે આજે તો સૌ જાણે છે કે એ કેવળ કપોળકલ્પિત પુરાણકથાઓ જ છે.

જગતમાં વિવિધ પ્રકારના હજારો વિષયોનું વૈજ્ઞાનિક અધ્યયન લાંબા કાળથી થતું આવ્યું છે, પણ ધરતીકંપના વૈજ્ઞાનિક અધ્યયન તરફ તો વૈજ્ઞાનિકોએ હમણાંહમણાં જ ધ્યાન આપ્યું છે; તેમ છતાં તેમાં ઠીકઠીક પ્રકાશ પડ્યો છે. ધરતીકંપ અને જ્વાળામુખી સંબંધી વિજ્ઞાનને સીસમોલૉજી Seismology કહે છે.

ઇ. સ. ૧૭૫૫માં પોર્ટુગાલના લિસ્બન નગરમાં



ધરતીકંપની મેખલાઓ બતાવતો નકશો

એક ભયંકર ધરતીકંપ થયા પછી જૉન મિચેલ નામના વૈજ્ઞાનિકે ધરતીકંપનું પહેલવહેલું અધ્યયન શરૂ કર્યું. તેણે જ પ્રથમ એમ જણાવ્યું કે ધરતીકંપમાં જે કંપન થાય છે તેનું કારણ પૃથ્વીનાં પડોમાં અમુક લચકતી લહેરો (elastic waves) નું દોડવું છે.

કે. ઇ. ડી. ફૉન હૉફ નામના એક વૈજ્ઞાનિકે તે પછી દુનિયાભરના ધરતીકંપોની એક યાદી તૈયાર કરી અને ઇ. ૧૮૨૧થી ૧૮૩૨ સુધી તે નિયમિત ધરતી-કંપોની વાર્ષિક યાદી પ્રકટ કરતો રહ્યો. તેના પછી એલેક્સિસ પેરી નામના એક ફ્રેન્ચ વિદ્વાને ધરતીકંપ તરફ વિશેષ ધ્યાન આપ્યું. તે પણ હૉફની જેમ ૧૮૪૩થી ૧૮૭૧ સુધી સંસારના ધરતીકંપોની વાર્ષિક યાદી પ્રકટ કરતો હતો. તેનું કહેવું એમ છે કે અમાસ અને પૂનમે ધરતીકંપની સંખ્યા વધારે થાય છે. કેટલાક વૈજ્ઞાનિકો જોકે આ વાત સ્વીકારતા નથી. ગઈ ૧૫મી જાન્યુ-આરી ૧૯૩૪નો બિહારનો ધરતીકંપ પણ સોમવતી અમાવાસ્યાએ જ થયો હતો.

આટલા પ્રાથમિક પ્રયત્નો પછી, ઘન પદાર્થોમાં લહેરોના દોડવાનો સિદ્ધાંત રૉબર્ટ મૅલેટે ઇ. સ. ૧૮૪૫-માં શોધી કાઢ્યો. ધરતીકંપ સમજવામાં આ સિદ્ધાંતથી ખૂબ મદદ મળી. એ રૉબર્ટ મૅલેટ આધુનિક ધરતીકંપ-વિદ્યાનો પિતા કહેવાય છે.

ધરતીકંપોના અભ્યાસથી એક વાત એ જણાઇ છે કે દુનિયાના અમુક ભાગો ઉપર ધરતીકંપ વધારે થાય છે. (જોકે પૃથ્વીનો કોઇ પણ ભાગ એવો નથી જે ધરતીકંપથી બિલકુલ સુરક્ષિત હોય.) પૃથ્વી પર બે ધરતીકંપ મેખલાઓ (earthquake belts)

ફેલાએલા છે. આમાંની એક મેખલા ન્યૂઝીલેંન્ડથી શરૂ થઇ ઉત્તર બાજુ ચીન સુધી પહોંચે છે અને ત્યાંથી જાપાન તથા કામસ્કાટકા થઇ બેહરિંગનો ઉપસાગર વટાવી ઉત્તર અમેરિકાના આલાસ્કા પ્રાન્તમાં જાય છે. ત્યાંથી તે અમેરિકાના મહાદ્વીપોના પશ્ચિમ કિનારે થઈ છેક દક્ષિણ અમેરિકાના છેડા સુધી પહોંચે છે. બીજી મેખલા જે એક રીતે પહેલી મેખલાની શાખા જ કહી શકાય, તે પૂર્વ તરફના દ્વીપોથી શરૂ થઇ બંગાળાના ઉપસાગરમાં આવે છે. ત્યાંથી તે બ્રહ્મદેશ, આસામ, તિબેટ, હિમાલય, તુર્કસ્તાન, ઇરાન, બાલ્કન પ્રદેશ, ઇટલી, સ્પેન અને પોર્ટુગાલમાં થઈ આટલાન્ટિક સમુદ્રમાં પહોંચે છે અને આટલાન્ટિકને પણ પાર કરી પહેલી મેખલાને મેક્સિકોના અખાતમાં જઇ મળે છે. બિહાર હિમાલયની તળેટીમાં આવેલો છે તેથી આ સિદ્ધાન્ત મુજબ બિહારમાં આવો ભયંકર ધરતીકંપ થવો આશ્ચર્યજનક નથી.

આ બંને ધરતીકંપ-મેખલાઓની બહાર મધ્ય આફ્રિકા, ચીન, મંચુરિયા, હિંદી મહાસાગરના પશ્ચિમ ભાગો આટલાન્ટિક મહાસાગરનો દક્ષિણ ભાગ તથા આર્કટિક મહાસાગરમાં પણ ધરતીકંપનાં કેટલાંક કેન્દ્રો છે. સાથેના નકશાથી ધરતીકંપ-મેખલાઓની સ્થિતિ સહેલાઇથી સમજાશે.

આ ધરતીકંપ મેખલાઓ જોતાં જણાય છે કે પૃથ્વીમાં જ્યાં ઊંચી પર્વતમાળાઓ છે ત્યાં જ ધરતીકંપ વધારે થાય છે. ભૂતત્ત્વવેત્તાઓના કહેવા પ્રમાણે આ પર્વતમાળાઓની સૃષ્ટિ પૃથ્વીનાં બીજાં સ્થળો કરતાં નવી છે. ત્યાં થતી ધરતીકંપની વિશેષતાને લીધે સમજાય છે કે પૃથ્વીના ગર્ભમાં આ પર્વતોનું નિર્માણકાર્ય હજુ ચાલુ છે. એ ઉપરાંત જ્યાં સમુદ્ર એકાએક ઘણો ઊંડો થઇ ગયો હોય એવા સ્થળે ધરતીકંપ વધારે થાય છે. ફીજી દ્વીપસમૂહમાં ટોંગા અને કારમાડેક ટાપુઓ ધરતીકંપનાં ધામ જેવા છે. અને સમુદ્રનું માપ કાઢવાથી માલૂમ પડ્યું છે કે આ બંને દ્વીપોની પાસે સમુદ્ર એકાએક લગભગ ૩૦ હજાર ફીટ (૬ માઇલ) ઊંડો થઇ ગયો છે! આ જ પ્રમાણે જાપાનની પાસેના ટસકારોરામાં પણ સમુદ્ર ૨૮ હજાર ફીટ ઊંડો છે. જાપાનના ઘણાખરા ધરતીકંપો ત્યાંથી જ શરૂ થાય છે. એ ઊંડાઇનો ખ્યાલ આપવા માટે એક માપ કલ્પવામાં આવ્યું છે કે જાપાનની બધી જમીન કાઢીને પૂરીએ તો એ 'ટસકાકોરા ડીપ'ના ઊંડા ખાડાને ભરી દે.

ધરતીકંપના કારણ વિષે એક માન્યતા એવી છે કે પૃથ્વીનું અંતરાલ અત્યંત ગરમ લોખંડનું બનેલું છે. આ લોખંડ ઉપર પીગળેલા ખડકોની સપાટી છે. જ્યારે પૃથ્વીનું બાહ્ય પડ ફાટે છે ત્યારે આ પીગળેલા ખડકો લાવાના રૂપમાં જ્વાળામુખી પર્વતોના મુખમાં થઇ નીચેથી ઉપર આવે છે. આ પીગળેલા ખડકો ઉપર પાછું ચાલીસ માઇલ જાડું મજબૂત પડ છે અને તેની ઉપર આપણે રહીએ છીએ. પૃથ્વીનું નિર્માણકાર્ય હજુ પૂરૂં થયું નથી ને અનેક રૂપોમાં તે અનવરત ગતિથી હજી ચાલુ છે. નીચેથી પ્રવાહી લાવા ઉપર આવે છે અને તે જામી જઇ ખડક બને છે. આથી નીચેના લાવાની પાસેના પડની ગરમી ઓછી થવાથી તે પડ સંકોચાય છે અથવા ક્યારેક ઉપરના અધિક દબાણથી પડનો અમુક ભાગ ગરમ લાવામાં પડી ફરીથી પીગળે છે ને વીખરી જાય છે. આ પ્રમાણે પૃથ્વીનું ઉપરનું પડ હમેશાં બને છે ને બગડે છે, આ બનવા બગડવામાં પૃથ્વીના ઉપરના પડ નીચેનો કોઇ ભાગ સહસા છૂટો પડી ભૂગર્ભમાં પડે છે ત્યારે ધરતીકંપ થાય છે. પડના આ પ્રમાણે સ્થાનચ્યુત થવામાં અથવા સ્થળ બદલવામાં નીચેનાં કારણો મદદ અથવા ઉત્તેજન આપે છે.

(૧) સમુદ્રની લહેરોનું દબાણ (૨) હવામાં પરિવર્તન થવું; જેમકે જોરથી તોફાન કે વાવાઝોડાં થવાં (૩) ગરમી કે ઠંડીમાં અસામાન્ય વધારો કે ઘટાડો. સામાન્યત: જ્યારે વાતાવરણમાં ઠંડી હોય છે ત્યારે પૃથ્વીમાં ઘણું જ સૂક્ષ્મ સ્પંદન થાય છે; જોકે આ સ્પંદન લોકોને જણાતું નથી, પણ સૂક્ષ્મબોધ સીસમોગ્રાફમાં તો તે અંકિત થાય જ છે. (૪) પૃથ્વીના પડ ઉપર કોઇ ભાગમાં વધારે ભાર આવી જવો; જેમકે ઉપત્યકાઓમાં મોટી રેલો આવવી અથવા પર્વતો ઉપર વધારે બરફ જામી જવો. (૫) ઘણે દૂર આવેલા સ્થળોમાં ધરતીકંપના આંચકા લાગવા.


આ બધાં કારણોથી પૃથ્વીના પડ ઉપર દબાણ અથવા ખેંચાણ અધિક વધી જાય છે અને પરિણામે પડનો કેટલોક ભાગ તૂટી સ્થાનચ્યુત થાય છે.

પૃથ્વીની સપાટી ઉપર આ પ્રમાણે જુદીજુદી જાતનાં દબાણ અને ખેંચાણ થતાં રહે છે. જ્યારે

ધરાતલની સ્થિતિસ્થાપકતા તેને સહી શકતી નથી ત્યારે તેની સપાટી ફાટી જાય છે. સપાટી એકદમ ફાટવાથી પણ ધરતીકંપ થાય છે. સપાટીની આ ફાટો અમુક ફીટ ઊંડી હોય છે, પણ તેની લંબાઇ તો ઘણી હોય છે. ઘણીવાર આ ફાટોની બંને બાજુની જમીન પણ ઊંચીનીચી થઇ જાય છે. ઈ.સ. ૧૮૯૭ના આસામના ધરતીકંપ વખતની ચેદરંગની ફાટ નામથી ઓળખાતી ફાટ ૧૨ માઇલ લાંબી અને ૩૫ ફીટ ઊંડી હતી. ઇ. સ. ૧૮૧૯માં સિંધમાં થએલા ધરતીકંપથી જમીનમાં ૫૦ માઇલ લાંબી ફાટ પડી હતી. એ ફાટની એક બાજુની જમીન ૧૦ ફીટ ઊંચી ને બીજી બાજુની ૧૦ ફીટ નીચી થઇ ગઇ હતી! આ ઊંચી જમીનને ત્યાંના લોકો આજે પણ 'અલ્લાના બંધ'ના નામથી ઓળખે છે. ઈ. સ. ૧૯૦૬માં કૅલીફૅાર્નિયા (અમેરિકા)માં થએલા ધરતીકંપની ફાટ ૧૯૦ માઇલ લાંબી, ૨૧ ફીટ પહોળી ને ત્રણ ફીટ ઊંડી હતી. બિહારના ધરતીકંપથી પણ જમીનમાં મોટીમોટી ફાટો પડી છે. હજી સુધી મપાઇ નથી. કયારેક ધરાતલ ફાટીને પાછું બીડાઇ પણ જાય છે. તે સમયે તેમાં પડેલાં માણસો, જનાવરો, ઘરો વગેરે તમામ પૃથ્વીના ગર્ભમાં સમાઇ જાય છે. જાપાનમાં લોકોને એવી તાલીમ આપવામાં આવે છે કે ધરતીકંપ વખતે દોડીને કોઇ વાંસની ઝાડીમાં આશ્રય લેવો; કારણકે તેની ગૂંચવાએલી જડોને લીધે ત્યાં ફાટમાં સમાઇ જવાનો ડર ઓછો રહે છે.

ધરતીકંપ બે પ્રકારના કહી શકાય છે: એક તો જ્વાળામુખી સંબંધી. જ્યારે કોઇ જ્વાળામુખી ફાટે છે ત્યારે તેની આસપાસની જમીનને આંચકા લાગે છે, પણ આ ધરતીકંપ ઘણો દૂર પહોંચતો નથી. જ્યારે બીજો પ્રકાર ભૂસ્તરની નિર્માણ ક્રિયાના પરિણામ સ્વરૂપ હોય તેની અસર ઘણે દૂર સુધી પહોંચે છે. બિહારનો ધરતીકંપ આ બીજી કોટીનો છે.

સીસમોગ્રાફની શોધથી ધરતીકંપોનું વિગતવાર વિવરણ જાણવામાં ઘણી અનુકૂળતા થઇ ગઇ છે. એ યંત્રમાં એક લોલક હોય છે. એ લોલક ધરતીમાં દસ ફીટ નીચે મજબૂત દાટેલી એક લોખંડની પેટીમાં જડેલો હોય છે. લોલક સાથે એક પેન્સિલ જોડેલી હોય છે. જેની અણી એક ફરતા વેલણને અડકેલી હોય છે. વેલણ પર એક ધુમાડિયો કાગળ ચોડેલો હોય છે. સાધારણ સ્થિતિમાં



બિહારના ધરતીકંપનાં કેન્દ્રસ્થાન

તો વેલણના કાગળ ઉપર પેન્સિલની સીધી રેખાઓ અંકિત થાય છે. પણ ધરતીકંપ થતાં જ તેના આંચકાથી લોલક કંપી ઊઠે છે અને પેન્સિલ વડે કાગળ ઉપર સીધી રેખાઓ ન થતાં ઊંચીનીચી વક્ર રેખાઓ પડે છે. આ યંત્ર એટલું નાજુક હોય છે કે તેમાં ધરતીનું સૂક્ષ્મમાં સૂક્ષ્મ સ્પંદન પણ અંકિત થાય છે. ભારતવર્ષમાં કલકત્તા, મુંબાઇ, દહેરાદુન કોડાઇકનાલ અને આગ્રામાં આવાં સીસમોગ્રાફ યંત્રો છે. આ સીસમોગ્રાફ વડે જણાય છે કે પૃથ્વી ઉપર દર વર્ષે સરેરાશ ૯૦૦૦ ધરતીકંપ થાય છે અથવા એમ કહો કે દર કલાકે એક ધરતીકંપ થાય છે! આમાંથી લગભગ ૫૦૦૦ એવા હોય છે કે જે માણસોને માલૂમ પડે છે. ૧૦૭ એટલા જોરથી થાય છે કે મકાનોને નુકસાન પહોંચે છે. કોઇકોઇ વાર ઘણા જોરદાર ધરતીકંપથી તો આખી દુનિયા હાલી જાય છે ને તેનું કંપન પૃથ્વીનાં બધાં સીસમોગ્રાફોમાં અંકિત થાય છે. આવો આખી પૃથ્વીને ધ્રૂજાવનાર ધરતીકંપ દર ૧૮મે દિવસે આવે છે. પણ સુભાગ્યે આમાંના મોટે ભાગે ધરતીથી ઘણે દૂર સમુદ્રમાં જ થાય છે, જેથી મનુષ્યોને તે નુકસાન નથી કરતા.

જાપાનમાં છેલ્લાં ૧૫૦૦ વર્ષથી ધરતીકંપોની વિગતવાર નોંધ રાખવામાં આવે છે. ઇ. સ. ૪૧૬થી ૧૮૬૭ સુધીના ૨૦૦૦ ધરતીકંપોનું વિવરણ જાપાનમાં છે, જેમાં ૨૨૩ ધરતીકંપો નાશકારી હતા; અને સૌથી ભયંકર ધરતીકંપ ૨૮મી ઑકટોબર ૧૭૦૭માં ત્યાં થયો હતો.

પૃથ્વીના ગર્ભમાં જ્યાંથી ધરતીકંપની ગડબડ શરૂ થાય છે તેને 'ફોકસ' કહે છે અને બરાબર તેની ઉપરના પૃથ્વીતલને ધરતીકંપનું કેન્દ્ર કહે છે. આ કેન્દ્ર માત્ર

બિન્દુ ન હોઇ એક ખાસ્સું વિશાળ ક્ષેત્રફળ હોય છે. ધરતીકંપનો **આંચકો સૌથી** વધારે જોરથી આ જ કેન્દ્ર ઉપર લાગે છે ને **ત્યાંથી** જ તેની લહેરો ચારે બાજુએ પૃથ્વીના પડમાં દોડે છે. બિહારમાં જે છેલ્લો ધરતીકંપ થયો હતો તેનું કેન્દ્ર એક ત્રિકોણાકાર ક્ષેત્ર છે, જેનાં ત્રણ શીર્ષ ભાગલપુર, છપરા ને ખટમંડુ કહી શકાય. સાથેના નકશામાં એ ક્ષેત્ર લીટીવાળા ભાગથી દર્શાવ્યું છે.

ધરતીકંપની લહેરોની ગતિ કેટલી તેજ હોય છે તેની કલ્પના આવવી મુશ્કેલ છે. લહેરોની ગતિ એકસરખી નથી હોતી. સાધારણ રીતે દૂર જનાર લાંબી લહેરોની ગતિ દર સેકંડે બે માઇલ હોય છે. જોરદાર ધરતીકંપની પ્રાથમિક લહેરોની ગતિ તો દર સેકંડે ૬ માઇલ જેટલી પણ હોય છે; એટલે દર કલાકે ૨૧૬૦૦ માઇલ અથવા સંસારના સૌથી ઝડપવાળા વાયુયાનથી સો ગણી વધારે ત્વરિત !

ધરતીકંપની લહેરોની ગતિ ત્રણ પ્રકારની હોય છેઃ એક તો ઊભી; જેમાં પરિમાણુ ઉપરનીચે હાલે છે. આ ગતિમાં એવું માલૂમ પડે છે કે જાણે પૃથ્વીતલની નીચે કોઇ દૈત્યાકાર હથોડાના ઘા કરી ન રહ્યો હોય! આના આંચકાથી મીનારા, સ્તંભો અથવા જમીનમાં દાટેલી શિલાઓ પોતાના સ્થાનેથી ઊખડી દૂર જઇ પડે છે; પરંતુ આ ગતિ કેન્દ્રની પાસે જ હોય છે. આથી જ બિહારમાં મકાનોનાં છાપરાં ત્રણત્રણ ફીટ ઊંચાં ઊડી પછી નીચે પડ્યાં છે. ઇ. સ. ૧૭૮૩ના કૈલેબ્રિયન ધરતીકંપમાં એક દીવાલ પાયામાંથી ૮ ફીટ ઊંચે ઊડીને પડી હતી ! બીજી ગતિ આડી હોય છે જેમાં પરિમાણુ આગળપાછળ અથવા ડાબાજમણી હાલે છે. કેન્દ્રથી આઘેનાં સ્થળોએ મોટે ભાગે આ જ એક ગતિ જણાય છે. પણ કેન્દ્રની પાસે આ ગતિ એટલી ઝડપથી દિશાઓ બદલે છે કે પરિમાણુ ચક્કર લગાવવા માંડે છે અને પરિણામે એ ત્રીજા પ્રકારની ચક્કર ગતિ ઉત્પન્ન થાય છે. મીનારા ને સ્તંભો આમાં પોતાના સ્થાને જ ચક્કર ફરી રહી જાય છે. ચીમનીઓ ભિખડેલા જેવી જણાય છે. આ ગતિને લીધે કંઇક મકાનોના દરવાજા પૂર્વથી ફરી ઉત્તરદક્ષિણ અથવા પશ્ચિમમાં થએલા દેખાયા છે! છેલ્લા બિહારના ધરતીકંપમાં મોતીહારીમાં આ પ્રમાણેનો એક દાખલો સંભળાય છે. આ ગતિને લીધે ધરતી સુદ્ધાં અમળાએલી જણાય છે !

ધરતીના પરમાણુઓમાં માત્ર ૧/૧૬૦૦ ઇંચ જેટલું પણ હલનચલન થાય છે ત્યારે માણસને તે ઇંદ્રિયગોચર થાય છે. આ માપ ઉપરથી મોટા ધરતીકંપોની ભયંકરતાનું અનુમાન થઇ શકે. ઈ. સ. ૧૮૯૭ના આસામના ધરતીકંપ વખતે પરમાણુઓમાં ૯ ઈંચ હલનચલન થયું હતું, અથવા એમ કહેવું જોઇએ કે તે ધરતીકંપ સામાન્ય જણાઇ શકે એવા ભૂકંપ કરતાં ૧૫,૦૦૦ ગણો અધિક શક્તિશાળી હતો. આ પ્રસંગે એક પ્રત્યક્ષ જોનારના આ શબ્દોમાં જરા યે અતિશયોક્તિ નથી કે 'આ ધરતીકંપમાં પૃથ્વી જાણે કોઇ કૂતરો ઉંદરડાને પકડીને આમતેમ ઝંઝેડતો હોય એવી રીતે હાલતી હતી!' છેલ્લા બિહારના ભૂકંપમાં પણ પરમાણુઓમાં કેટલા યે ઇંચનું હલનચલન થયું હશે.

જોરથી થતા ધરતીકંપોમાં કેન્દ્રની પાસે તો જમીન લહેરોની જેમ ચાલતી—ઊંચીનીચી થતી—જણાય છે ! ઇ. સ. ૧૮૯૭ના ધરતીકંપ વખતે શિલૉંગની સડકો સમુદ્રની લહેરો દોડે તેમ ઊંચીનીચી થતી જણાતી હતી. ધરાતલની આ લહેરો ધરતીકંપના કેન્દ્ર પાસે એકથી બે ફીટ ઊંચી ને ત્રીસ ફીટ સુધી લાંબી જોઇ શકાય છે. ક્યારેક જો જમીન પોતાના અસલ સ્થાને પાછી નથી આવતી તો આ લહેરો પથ્થરોમાં જેમની તેમ અંકિત થઇ રહે છે ને તે ભૂભાગ લહેરિયાંવાળો રહી જાય છે. બિહારમાં આવું થયું છે.

ક્યાંકક્યાંક ધરતીકંપના કંપનથી પરિમાણુઓ ઘન થઇ સંકોચાઇ જાય છે. ઇ.સ. ૧૮૯૧માં જાપાનના ધરતીકંપમાં ૪૮ ફીટ લાંબો જમીનનો કકડો સંકોચાઇને ૩૦ ફીટનો બની ગયો હતો. ક્યાંક આથી ઊલટું થાય છે અને પરિમાણુઓ ફેલાય છે. આ પ્રસરણક્રિયા એટલી ઝડપથી થાય છે કે જેથી મોટાંમોટાં વૃક્ષો વચ્ચેથી ફાટી જાય છે અને તેમાં ઊંડી ચીરાડો પડી જાય છે. કેટલીક વાર વળી જમીનના મોટામોટા કકડા આગળપાછળ ખસી જાય છે. સાનફ્રાન્સિસ્કોના ધરતીકંપમાં મહોલ્લાના મહોલ્લા આગળપાછળ ખસી ગયા હતા જેથી બે ચોક્કસ સ્થળો વચ્ચે તો ઘણું મોટું અંતર પડી ગયું હતું.

ધરતીકંપથી વળી જમીન અંદરની પાણીની સરવાણીઓ પણ ઊલટપાલટ થઇ જાય છે, જેથી જૂનાં ઝરણાં બંધ થઈ જાય છે અને નવાં ઉત્પન્ન થાય છે.

બિહારમાં આથી જ હજારો કૂવા નકામા થઇ પડ્યા છે. વળી ક્યાંક જમીનની સપાટી નીચે ધસી જવાથી અને ક્યાંક નીચેનાં ઝરણાઓનાં પાણી ઉપર આવી જવાથી અનેક સ્થળે તળાવ બની જાય છે. બિહારમાં અનેક સૂકાં સ્થળોએ આવાં સરોવરો પણ લહેરાય છે!

કેટલીકવાર વળી ધરતીકંપના આંચકાથી જમીન ફાટીને ગોળાકાર મુખ બની જાય છે,--જાણે કોઇએ મોટાં સાર પાડ્યાં ન હોય! અને પછી ઉપરની કઠણ જમીનના ભારથી નીચેનું પાણી અને પલળેલી રેતી આ મુખમાંથી ફુવારાની પેઠે બહાર નીકળી આવે છે. બિહારમાં આથી હજારો જલમુખાઓ ઉત્પન્ન થઇ ગઇ છે. આ ફાટો બહુ ઊંડી હોય તો તો ક્યાંકક્યાંકથી ઊના પાણીનાં ઝરણાં ને ફૂવારા પણ નીકળે છે. આઇસ-લૅન્ડમાં ઇ. ૧૮૯૬ના ભૂકંપમાં આવો એક ગાઇઝર નીકળ્યો હતો જેમાંથી વરાળમિશ્રિત પાણીની સેડ ૬૦૦ ફીટ ઊંચે ઊડતી હતી. તે સાથે એક જૂનો ગાઇઝર હમેશને માટે બંધ થઈ ગયો હતો.

જ્યારે ધરતીનું પડ ઊંડે સુધી ફાટી જાય છે ને ફાટ ભૂગર્ભમાં છેક લાવાની સપાટી સુધી પહોંચે છે ત્યારે ઘણીવાર ત્યાંથી જ્વાળામુખીની માફક લાવા રસ અથવા કેટલીકવાર ઝેરી ગૅસો કે ચિત્રવિચિત્ર ખનીજો બહાર ધસી આવે છે. જૉન મિલનના જણાવવા પ્રમાણે ઇ.સ. ૧૬૯૨માં જમાઇકા ટાપુના ભૂકંપની ફાટોમાંથી નીકળેલા ઝેરી ગૅસોથી ૩૦૦૦ માણસો મરી ગયાં હતાં. બિહારના ધરતીકંપની ફાટોમાંથી કૅરોસીન તેલ અને ગંધકની વાસ નીકળતી જણાઇ છે. પરંતુ હજી વૈજ્ઞાનિક તપાસ થયા વિના નિશ્ચિત રૂપથી કાંઇ કહી શકાય નહિ.

એક વિચિત્ર વાત તો એ છે કે ધરતીકંપની અસર જ્યારે અન્ય સમુદ્રમાં હોય છે ત્યારે લાખો માછલીઓ ને જલજંતુઓ મરી જાય છે. કહેવાય છે કે માછલીઓને ધરતીકંપની પહેલેથી ખબર પડી જાય છે તેથી તે નદી કે સમુદ્રને તળિયેથી નાસી ઉપર આવે છે, પણ ધરતીકંપના કંપનથી પાણીમાં જે આંચકા લાગે છે તેથી તથા પાણીના સંકોચાવાની ભીંસને લીધે તે મરી જાય છે. ધરતીકંપની સાથે ઘણું કરીને અવાજ પણ સંભળાય છે. આ અવાજ ક્યારેક તો દૂર થતી તોપોની ગર્જના જેવો તો ક્યારેક મેઘગર્જના જેવો અને ક્યારેક ભરેલી ગાડી અથવા લૉરીના ચાલવા જેવો થાય છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે ધરાતલની સ્પન્દનશક્તિ જ્યારે વાયુમંડળમાંથી પસાર થાય છે ત્યારે વાયુના સ્પન્દનથી આ અવાજ પેદા થાય છે.

ઘણુંખરૂં મોટા ધરતીકંપ થતાં પહેલાં બેત્રણ સાધારણ આંચકા લાગે છે. પછી મુખ્ય આંચકો—એક અથવા વધારે—લાગે છે અને તે પછી અનેક નાનાનાના આંચકા કેટલાયે દિવસો સુધી—અઠવાડિયાં અને મહિનાઓ સુધી--લાગતા રહે છે. ધરતીકંપના મુખ્ય આંચકાથી પડમાં પરિવર્તન થાય છે. તે પરિવર્તન સ્થિતિમાંથી પડને પાછું યથાસ્થાને બરાબર જામવાના કારણે જ પછીના આંચકા આવે છે—પણ પછીનાં આ કંપન એટલાં જોરદાર નથી હોતાં. બિહારના ૧૫મી જાન્યુઆરીના ભયંકર ધરતીકંપના મુખ્ય આંચકા પહેલાં ત્રણ હલકા આંચકા લાગ્યા હતા અને ૧૫મીથી ૨૦મી જાન્યુઆરી સુધીમાં અલીપુરના સીસમોગ્રાફમાં બીજા ૨૮ હલકા આંચકા અંકિત થયા હતા. ૨૨મી જાન્યુઆરીએ ચીનમાં ધરતીકંપનો ભયંકર આંચકો લાગ્યો હતો અને ૨૯મી જાન્યુઆરીએ મેક્સિકોમાં એક વિનાશક ધરતીકંપ થયો હતો.

હિંદના આ ધરતીકંપમાં બિહાર અને નેપાળમાં મળીને લગભગ વીસથી પચીસ હજાર મનુષ્યોનો સંહાર થયો અડસટ્ટવામાં આવે છે. એક દૃષ્ટિએ જોતાં આ સંખ્યા કાંઇ ભયંકર નથી; કારણકે ભારતમાં દર વર્ષે સાડાત્રણ લાખ માણસ તો કેવળ કોગળિયાથી જ મરે છે. આ દૃષ્ટિએ ધરતીકંપ કૉલેરા કરતાં વિશેષ ઘાતક નથી. પણ આ ત્રણ સાડાત્રણ લાખ માણસ આખા દેશભરમાં મળીને અને ૩૬૫ દિવસ જેટલા લાંબા ગાળામાં મરે છે, જ્યારે ધરતીકંપની વાસ્તવિક ભયંકરતા સ્થાન અને સમયની પરિમિતતામાં છે. ધરતીકંપમાં ઘણાં નાનાં ક્ષેત્રોમાં પાંચસાત સેકન્ડમાં હજારો મનુષ્ય કાળના મોંમાં ચાલ્યાં જાય છે અને કરોડોની સંપત્તિ નષ્ટ થઇ જાય છે.

જેઠાલાલ જોષી

'હંસ' અને 'વિશાલ ભારત'માં આવેલા લેખો ઉપરથી

શિલ્પસ્વામી વિનાયક કરમારકર

(અનુસંધાન પાછળ પૃ. ૬૬થી)

હતા ને તેથી રૂઆબ મળતા બોલાવ્યા હતા. એમણે નાના વિનોબાની બધી હકીકત જાણીને પછી પૂછ્યું 'તું માટીમાં મારો ઘાટ ઉતારી શકે ખરો?' વિનોબાએ તરત જ તે કામ કરી બતાવવા ખુશાલીથી સ્વીકાર્યું ને ઘેરથી માટી મંગાવી થોડા જ વખતમાં તે કરી બતાવ્યું. સાહેબે એ જોઈ ખૂબ આનંદ બતાવ્યો ને દસ રૂપિયાની નોટ ઇનામ તરીકે હાથમાં મૂકી. શ્રી કરમારકર આજે પણ કહે છે કે રૉથફીલ્ડ સાહેબની કદરદાનીથી મળેલા એ દસ રૂપિયાએ જે આનંદ આપ્યો હતો તેવો કદી જીવનમાં હજારો રૂપિયા કમાતાં છતાં એમને કદી મળ્યો નથી. સાહેબે પાંડોબાને કહ્યું, 'આવા ચાલાક છોકરાને વિશેષ અભ્યાસ માટે મુંબાઇની આર્ટ સ્કૂલમાં મોકલવો જોઇએ.' પાંડોબા કહે, 'સાહેબ, ઘરનો ખર્ચ જ માંડમાંડ પૂરો થાય છે ત્યાં મુંબાઇ કેવી રીતે મોકલું?' સાહેબે કહ્યું, 'તમે ફિકર ન કરો, હું તેને દર માસે પંદર રૂપિયાની સ્કૉલરશિપ આપીશ.' અને તે પછી તેમણે એ રકમ નિયમિત રીતે મોકલ્યા કરી. એવો કલારસિક ને વિદ્વાન અંગ્રેજ અફસર મુંબાઇ ઇલાકામા ભાગ્યે જ આવ્યો હશે.

મુંબાઇની સ્કૂલ ઑફ આર્ટમાં વિનાયક કરમારકર-ની પ્રગતિ અને સફળતા બહુ જ ત્વરિત થઇ. પહેલા જ મહિનામાં રૂા. ૧૮ની એક સ્કૉલરશિપ ત્યાંથી મળી અને પછીનાં ત્રણ વરસમાંયે દરેક પરીક્ષાને અંતે ઇનામ કે સ્કૉલરશિપ તે જીતતા જ રહ્યા. ઇ. ૧૯૧૩માં પોતાની કારકિર્દીને અંતે શાળાનો શિલ્પ વિભાગનો મેયોમેડલ પણ તેમણે મેળવ્યો. રૉથફીલ્ડ સાહેબ કાયમ તેનાં કામ તથા અભ્યાસ પર નજર રાખતા અને તેની આ છેવટની સિદ્ધિથી એમને બહુ જ સંતોષ તથા આનંદ થયાં. અભ્યાસ દરમિયાન વિનોબાને અંગ્રેજી જ્ઞાનની જરૂર લાગી એટલે રાત્રિશાળાના વર્ગોમાં જઇ પોતાના પરિચય અને કામ પૂરતું તે જ્ઞાન પણ મેળવ્યું.

અભ્યાસ અને સિદ્ધિ તો મેળવ્યાં, પણ હવે આગળ શું? દરેકની સામે આવે વખતે જે પ્રશ્ન ખડો થાય છે તે તેમની સામે પણ થયો. શાળા છોડ્યા પછી ધંધાનું કામ મેળવવાને એમને બહુ જ ફાંફાં મારવા પડ્યાં. શ્રી મ્હાત્રે જેવા સુપ્રસિદ્ધ અને વયોવૃદ્ધ મૂર્તિકારની



'બાલકની અન્નપૂર્ણા': ગમે તેવી રંક કે દીન હોવા છતાં માતા બાલકને માટે પોતાના હૃદયમાંથી અમી વહેવડાવતી ધર્મમૂર્તિ જગદંબા સ્વરૂપ છે. આ શિલ્પમાં શ્રી કરમારકર અજબરીતે સૌંદર્ય અને માર્દવ રજૂ કરી શક્યા છે. તેમના ઘડતરમાં મનુષ્યશરીર સર્જનહારના જેવી કળાથી ઊતરે છે. માટી કે પથ્થરમાં માનવ ત્વચા, વસ્ત્ર કે શસ્ત્ર આબેહૂબ રીતે ઉતારવામાં તેમની શકિત વિરલ છે.

દરમ્યાનગીરીથી વખતોવખત તેમને થોડું કામ મળી રહેતું. ઉપરાંત ખાનદેશ જિલ્લાના જળગામમાં એકબે સારાં કામ મિ. રૉથફીલ્ડની મદદથી મળ્યાં હતાં. જળગામમાં તેમને ડૉ. ભાજેકર સાથે સારો પરિચય અને મિત્રતા કેળવાયાં અને તે પછી તેઓ તેનાં જીવન તથા કળામાં રસ લઇ એક સાચા આશ્રયદાતા બન્યા.

પણ મુંબાઇ ઇલાકામાં તેમને ધંધાનો બહુ વિચિત્ર અનુભવ થયો. તે પરથી ડૉ. ભાજેકરે અને મિ. રૉથફીલ્ડે તેમને કલકત્તાના ક્ષેત્રમાં નસીબ અજમાવવા સલાહ આપી ત્યાં મોકલ્યા. ડૉ. ભાજેકરની ભલામણથી શ્રી સુરેન્દ્રનાથ ટાગોર સાથે તેઓ પરિચય પામ્યા અને ધીમેધીમે આખું યે ટાગોર મંડળ તેમનું સહાયક બન્યું. કવિવર રવીન્દ્રનાથ અને કલાસ્વામી અવનીન્દ્રનાથે



સૌરાષ્ટ્રનો ગોપકુમાર

કોઇપણ સૌરાષ્ટ્રવાસી સાક્ષી આપશે કે એમની આ શિલ્પ કૃતિમાં શ્રી કરમારકર લેશ પણ વાસ્તવિકતા ચૂક્યા નથી.

તેમની ટીકટીક કદર કરી ને કામ પણ મેળવી આપ્યું. કલકત્તામાં આમ કંઇક અનુકૂળતા મળી કહેવાય, પણ આર્થિક ટેકા જોઇએ તેવો મળતો નહિ. છતાં જેમતેમ જીવનવિગ્રહ વેઠતાં એમણે પાંચ વર્ષ ત્યાં ગાળી કાઢ્યાં.

એ પછી તેમના અહોનિશશુભેચ્છક ડૉ. ભાજેકર, મિ. રૅાથફીલ્ડ, ડૉ. રાવ તેમજ શિલ્પકાર મ્હાત્રેએ એમને નાણાંની થોડી મદદ કરી, તેમજ વાડિયા ચૅરિટી ફંડમાંથી પણ સહાય મળી, એટલે કલાવિષયક માહિતી પૂરી કરવાને તેમણે ઇંગ્લંડનો પ્રવાસ ખેડ્યો. ત્યાં પણ અહીંના મિત્રોએ લંડનના મોટા કલાકારો કે. રૅાબર્ટસન, મિ. મેરીફીલ્ડ, આલ્બર્ટ ટૅાફ્ટ વગેરે સાથે એમનો સંબંધ કરાવી આપ્યો. તેમની પિછાન થયા બાદ લંડનના બીજા ધુરંધર કલાકારો સર ગૅાસકોમ્બ આર. એ., સર જ્યૅાર્જ ફ્રૅામ્પ્ટન અને સ્વ. ચાર્લ્સ સિમ્સ વગેરેનો પણ પરિચય થયો. કે. રૅાબર્ટસનનું એક પ્લાસ્ટર બસ્ટ એમણે ત્યાં જઇને પ્રથમ જ કરેલું તે એટલું બધું વખણાયું કે ઇંગ્લંડની ૧૯૨૧ની રૅાયલ ઍકેડેમીના પ્રદર્શન માટે તે સ્વીકારાયું. રૅાયલ ઍકેડેમીમાં સ્થાન મળે એ ખુદ ઇંગ્લંડના કલાકારોને માટે પણ અતિ દુષ્પ્રાપ્ય અને બહુમાનભરી વાત ગણાય છે, તે પરથી તેનું મૂલ્ય સમજાશે. હિંદુસ્તાનના કલાકારની કૃતિ ઍકેડેમીમાં સ્થાન મેળવે એ આ પહેલો જ પ્રસંગ હતો. એ જ કૃતિના પ્રભાવે લંડનની રૅાયલ ઍકેડેમીની શાળાપ્રવેશ પરીક્ષામાં એમને ત્રીજા વર્ષની કક્ષા મેળવી આપી.

લંડનમાં તે શિલ્પના વર્ગમાં કામ કરતા અને તે ઉપરાંત મિકલસન ખાતે પોતાના સ્ટુડિયોમાં પણ વિશેષ કામ ચાલુ રાખતા. લગભગ દોઢેક વર્ષ આ પ્રમાણે કાઢ્યું; પરંતુ હવે તેમને અભ્યાસ કરતાં ઘણું જોવા જાણવાની જ જરૂર હતી. પણ મોટાં કારખાનાંઓમાં વિદ્યાર્થી તરીકે કોઇ તેમને દાખલ કરતું નહોતું, એટલે મિ. ટૅાફ્ટની ભલામણ લઇ મૂર્તિકામ ઢાળનારી આલ્પિયન આર્ટ ફાઉન્ડ્રીમાં તે મજૂર તરીકે દાખલ થયા. અંદર પેઠા પછી તો તેમણે બધા કારીગરોને પોતાની કુશળતાથી ખુશ કરી મિત્રો બનાવી લીધા અને ધાતુમાં મૂર્તિ ઢાળવાનું કામ ચાર જ માસમાં યથેતિ સિદ્ધ કર્યું. આ બધા વખતમાં વચ્ચેવચ્ચે મહત્ત્વનાં ચિત્રાલયો, કલાસંગ્રહો ને મ્યૂઝિયમો જોઇ નાખ્યાં, તેમજ ફ્રાંસ તથા ઇટલીના સુપ્રસિદ્ધ મૂર્તિકારોનાં કળાગૃહોની મુલાકાત લઇ ત્યાં પણ ખૂબ નિરીક્ષણ કરી લીધું અને ફરી પાછા ૧૯૨૨માં હિંદુસ્તાન આવી, કલકત્તાના સ્ટુડિયોમાં ધંધાનું 'પુનઃશ્ચ હરિઃ ૐ' કર્યું.

તે પછીનાં ચારેક વર્ષનો જીવનવિગ્રહ કપરામાં કપરો નીવડ્યો. કામ મળતું નહિ અને ખર્ચના ખાડા પૂરવાની મુશ્કેલીઓ દિનપ્રતિદિન વધતી જ જતી હતી. પ્રદર્શનોમાં તેમની કૃતિઓ પર ચાંદો અને ઇનામો ચારે તરફથી આવતાં, પરંતુ તેથી શો શુક્કાર વળે ? ધંધો ધપાવવાને તેમણે ઘણાઘણા પ્રયત્નો કર્યા, પણ બધા જ નિષ્ફળ નીવડ્યા. બરાબર આ જ વખતે અમેરિકાથી આરસના એક પ્રતિમાચિત્રનો ઑર્ડર મળ્યો અને તે ત્યાં પહોંચાડ્યા બાદ તેની કદર તથા પ્રશંસા ખૂબ જ થયાં. આ જોઇ તેમને કંઇક ઉત્સાહ અને આશ્વાસન મળ્યાં. કેટલાયે સ્નેહી મિત્રોએ તેમના માટે બનતું કરવામાં બાકી રાખી નહોતી. તેમના ઉપકારો તેઓ આજે પણ કૃતજ્ઞતાપૂર્વક યાદ કરે છે. આ જ દિવસોની મનોદશા રજૂ કરતી તેમની કલાકૃતિ 'શંખધ્વનિ' ૧૯૨૪ના કલકત્તાના પ્રદર્શનમાં મૂકાએલી. અલબત્ત, તે ખૂબ પ્રશંસા પામી. જાણે કે પોતાની પરિસ્થિતિ દર્શાવવા જગત આગળ પોતાની કળાના અસ્તિત્વ માટે છેલ્લો 'શંખધ્વનિ' કર્યો હોય એવી એ કૃતિના પ્રાકટ્ય પછી થોડા જ વખતમાં તેમનો જીવનક્રમ ચડતી દશાએ ચાલ્યો.



ᗡ. શ્રી કરમારકરના ખરા હિતચિંતક, સહાયક ને પરિપોષક મિ. ઑટો રોથફીલ્ડ તથા તેમનાં પત્ની અને પુત્રી. શ્રી કરમારકરે સંપૂર્ણ કૃતજ્ઞતાપૂર્વક કરેલી આ કૃતિ તેમને અર્પણ કરવા ધારેલી, પરંતુ કમનસીબે તેમને એ પ્રસંગ મળે તે પૂર્વે મિ. રોથફીલ્ડ ગુજરી ગયા.

ઇ. ૧૯૨૫ માં કોલ્હાપુરના મહારાજા કલકત્તા ગયા હતા તે વખતે ત્યાંના મહારાષ્ટ્ર મંડળે તેમના માનમાં પાનસોપારીનો એક મેળાવડો કર્યો. ત્યાં શિલ્પી વિનાયકરાવનું તેમને પિછાન થયું અને તેમના સ્ટુડિયોની મુલાકાત પછી તેમની શક્તિ તથા કળાથી પ્રસન્ન થઇ એમણે રાજમાતાની પ્રતિમા કરવાનું કામ તેમને સોંપ્યું. આ કૃતિથી તેમને સંતોષ થયો એટલે જ 'અખિલ ભારત શિવાજી સ્મારક સમિતિ'ના પ્રમુખ તરીકે તેમણે કરમારકરને માટે ખાસ ભલામણ કરેલી. ઇ. ૧૯૨૬માં એ મહાન શિલ્પસ્મારકની ચાર બાજુની તકતીઓ ધાતુમાં તૈયાર કરવાનું તેમને સોંપાયું. આ કામના મુખ્ય કાર્યભાગ રૂપ શિવાજી મહારાજની મૂર્તિનું કામ, આપણે ઉપર જાણી ગયા તેમ, મુંબાઇના પ્રખ્યાત શિલ્પી શ્રી મ્હાત્રેને સોંપાયું હતું. સમિતિને શિવાજી મહારાજની ત્રીજી શતાબ્દી ૧૯૨૭ ના જૂનમાં પૂના ખાતે ઊજવાય ત્યારે એ કામ સંપૂર્ણ જોઇતું હતું એટલે કામ પૂરું કરવાની મુદત અને બીજી શરતો નો દસ્તાવેજ કરાવી લીધો હતો. પણ શ્રી મ્હાત્રે, વખત ભરાઇ ગયો ત્યારે પૂરું મોડીનું કામ પણ પાર પાડી શક્યા નહિ અને મુદત ઉપર બે માસ વીતી ગયા. આથી સમિતિએ તેમની સાથેનો કરાર રદ કરી ૧૯૨૭ના જૂનમાં તે કામ શ્રી કરમારકરને સોંપ્યું.

શ્રી મ્હાત્રે પાસેથી ખેંચી લેવાએલું આ કામ કેવા સંજોગોમાં તેમને લેવું પડ્યું તેનો ખુલાસો આગળ થઇ ગયો જ છે; છતાં જાહેર પ્રજામાં એ બાબતમાં બહુ જ કડવી ટીકાઓ તેમને સહન કરવી પડી હતી. સમિતિએ મ્હાત્રે કરતાં દસ હજાર રૂપિયા તેમને ઓછા આપ્યા, મુદત થોડી આપી અને અત્યંત શૌર્યથી ઉત્તમરીતે મુદતસર પાર પાડવા છતાં મહેનતની કંઇ ખાસ કદર ન કરી. ઠરાવ પ્રમાણે તેમને પૈસા ચૂકતે તો થયા. પરંતુ સમિતિના મતભેદને કારણે શિવાજી પ્રતિમા માટે તેમણે તૈયાર કરેલી ધાતુની તકતીઓ ચોડાઇ નહિ અને આજે તે મુખ્ય મેદાનમાં મૂર્તિ નજીક પડી રહી છે. છતાં ઇ. ૧૯૨૮ના જૂનમાં મુખ્ય પ્રતિમા તો જાહેર પ્રતિષ્ઠા પામી અને શ્રી કરમારકરની શક્તિ તથા પ્રતિષ્ઠાનો અમરકીર્તિધ્વજ બની રહી. આ કલાકારની આટલી બધી આકરી તાવણી થવાનું મુખ્ય કારણ તો હિંદની સુશિક્ષિત જનતામાં પણ શિલ્પકલાના સંસ્કારનો અભાવ અને બેદરકારી જ છે.

તે પછી ઇ. ૧૯૩૦માં મુંબાઇની આર્ટ સોસાયેટીએ મિ. કરમારકરના 'માછીમારની કન્યા' નામના સુંદર શિલ્પ ઉપર સુવર્ણચંદ્રક આપ્યો છે. પણ હવે તેમને આવી કદરની જરૂર રહી નથી. કાઠિયાવાડમાં ગોંડલના મહારાજા ઠાકોર સાહેબનાં બે મોટાં આરસનાં પૂતળાં તેમણે હમણાં સંપૂર્ણ કરી વડોદરા માટે સ્વ. ખંડેરાવ મહારાજનું ઘણા મોટા માપનું પૂતળું હાથ પર લીધું છે; તેમજ રાજકોટના સ્વ. નરેશ લાખાજીરાજની મૂર્તિનું કામ પણ આજકાલ તેમના હાથ પર જ છે. જે કામો માટે યુરોપના શિલ્પીઓ આપણા રાજારજવાડાઓ તેમજ સરકાર પાસેથી લાખો રૂપિયા આજ સુધી ખેંચી ગયા છે તે જ કામ તેવી અથવા તેથી યે વધુ સબળ શક્તિથી સસ્તામાં કરી આપનાર આ શિલ્પીની કદર ન થઇ શકે તો ભૂમિના અવળાં ભાગ્ય જ સમજવાં.


શિલ્પીને આવી મોટી કૃતિઓ સાંગોપાંગ પાર પાડવામાં કેવાં પ્રબળ અને વિપુલ સાધનોનો ખર્ચ થાય છે તે તો શિવાજી મહારાજની મૂર્તિના એક જ દૃષ્ટાંતથી સમજાય છે. ગોંડલના મહારાજા સર ભગવતસિંહજીએ મોટા ખર્ચે બે સ્ટુડિયો પોતાના રાજ્યમાં બંધાવી બધું જ કામ નજર આગળ કરાવ્યું એ એક નવું જ દૃષ્ટાંત છે. કાઠિયાવાડમાં આ સ્ટુડિયોમાં બે વર્ષ રહી શ્રી કરમારકર આઠ ફૂટ ઊંચાઇનાં આરસનાં માત્ર બે પૂતળાં જ કરી બેસી રહ્યા નથી. વચ્ચે વચ્ચે મુંબાઇના પોતાના તારદેવ પરના આલીશાન સ્ટુડિયોમાંના પોતાના હાથ નીચેના કારીગરોનાં ટાંકણાં ચાલુ રખાવ્યાં છે, અને કાઠિયાવાડમાં પણ ધંધાનું કામ અટકે ત્યારે તેમની કલાબાજ આંખે લોકજીવનમાંથી સુંદર કલાકૃતિઓ સરજી છે,——એવી કે કલાકાર પોતે પણ એ કૃતિઓથી પોતાને ધન્ય માને છે. કલાકારને ધંધા તેમજ આર્થિક લાભ માટે સ્મારક મૂર્તિઓ બેશક મહત્ત્વની છે, પરંતુ તેની સાચી કલાપરીક્ષા તેનાથી કરી શકાય નહિ; કારણકે તે જાતના દરેક કામમાં તેને ઘણી યે પરસર્જિત મર્યાદાઓ પાળવી પડે છે. છતાં એવી સ્મારક પ્રતિમાઓમાં પણ શ્રી કરમારકરે, પાત્રનું લાક્ષણિક ચારિત્ર્ય પ્રકટ કરે તથા કલામય ઉઠાવ આપે એવી ઢબમાં રચનાઓ બનાવી છે. એમની એકે કૃતિ સજીવતાનો ભાસ કરાવ્યા વિના રહેતી નથી. પોતાના કામનાં ત્વરિતપણું, સફાઇ અને સુસ્પષ્ટ આલેખનમાં તો તે લગભગ બીનહરીફ છે. પરંતુ તે ઉપરાંત પણ, બીજી બાજુ હિંદના આધુનિક શિલ્પકારોમાં મોટે ભાગે કલ્પના અને રૂપવિધાન (ડિઝાઇન)નો જે અભાવ છે તે ખોટ પણ આ શિલ્પસ્વામીએ ટાળી દીધી છે. પોતાની ફુરસદે ભીણપાટી પર મૂર્તિપીઠો ને ફુવારા વગેરેનાં તેમજ અવનવાં દેહડોલનવાળી આકૃતિઓનાં નાનાં નાનાં શિલ્પવિધાનો જ્યારે તે કરે છે ત્યારે તેનાં આંગળાને ટેરવેથી કેટલી સબળ સર્જકતા વહે છે તેનો ખ્યાલ આવી શકે. કમનસીબે તેમની એ શક્તિઓના ગ્રાહકો નહિ હોવાથી જનતા સમક્ષ મૂકવા કોઇ કૃતિઓ તે હાથ પર લઇ શક્યા નથી. છતાં એમણે કાઠિયાવાડના વસવાટ દરમિયાન જે થોડાં ગ્રામ પાત્રોને મૂર્ત સ્વરૂપ આપ્યાં છે તે તેમની કલ્પનાકૃતિ અને હસ્તલાઘવનાં સંપૂર્ણ સાક્ષી છે. વાસ્તવિકતાને જરા પણ ખંડિત થવા દીધા વિના તે પાત્રનાં અંગસૌષ્ઠવ અને સુકુમારતા મનોહર રીતે અને અચૂકપણે રજૂ કરી શકે છે. વળી મૂર્તિવિધાનમાં વસ્ત્રોની ખૂબી અને ઉપયોગ તો શ્રી કરમારકર જેવાં હજુ બીજો કોઇ પણ હિંદી શિલ્પી સફળતાપૂર્વક ઉતારી શક્યો નથી. ઉપરાંત તેઓ માત્ર માનવપાત્ર ઘડવામાં જ નિપુણતા ધરાવે છે એમ નથી. હિંદનાં પ્રાણીઓ પણ એટલી જ સચોટ અને લાક્ષણિક છટાથી તે મૂર્તિમંત કરી શકે છે.

આવી વિશ્વકર્મા સમી વિભૂતિ ને શક્તિ ધરાવતા છતાં અને ખ્યાતિ તથા દ્રવ્યની સંપ્રાપ્તિ છતાં વિનાયકરાવની દિલાવરી ને સરળતા કોઇને પણ તેમના તરફ પ્રેમ ઉપજાવે એવાં છે. ઊગતા કલાકારોને સહાય, સૂચના ને સેવા પણ આપવા તે નિરંતર તત્પરતા દાખવે છે. બાળકોના તે સહજમાં મિત્ર બની જાય છે અને ગરીબો તરફ તેમની અનુકંપા સતત જાગૃત રહે છે. જીવનની અત્યંત આકરી કસોટીઓમાંથી તેમને પસાર થવું પડ્યું હોવાથી જગતના કાવાદાવા કે ખટપટમાં સહેજ પણ ફસાય નહિ એટલા તે સાવચેત બન્યા હોય એ સમજાય એવું છે; પણ આંતિકતા અને એકલપેટાપણાથી તે મુક્ત છે. તેમના સહવાસમાં આવતા શ્રીમાનો પાસે તે ઊગતા કલાકારોને ઉત્તેજન આપવા સબળ વકીલાત કરે છે અને ઘણાની કૃતિઓ જાતે લાવી આપી તેમની પાસે ખરીદાવે છે. હમણાં જ તેમની પ્રેરણાથી ઇંગ્લંડ ગએલા એક યુવાન શિલ્પી શ્રી કામદને સુવર્ણચંદ્રક મળ્યો છે. તે કહે છે કે શક્તિવાળા યુવાન કલાકારોએ એક વાર યુરોપના સમૃદ્ધ કલાભંડારો અને પ્રતિભાસંપન્ન કલાકારોનો સંપર્ક સેવવો જ જોઇએ. રાજ્યો અને શ્રીમંતો રંક કલાકારોને આ બાબતમાં સહાય કરે તો તેમનું જીવન પણ ધન્ય બનશે.

આજે શ્રી વિનાયકરાવ ભારત સમસ્તનો કલાપ્રદેશ પ્રકાશિત કરી રહ્યા છે. તેમની કલાવિભૂતિ ભારતના એકેએક પ્રાંતને પ્રસાદી આપી રહે એવું વ્યાપક નિર્માણ પામો.

ર. મં. શ.

આ અંકની 'ગાધકરી'માં લીધેલો 'ભિલાડનો ધરતીકંપ' નામનો ઉતારો [illegible]



લાવરી અને હાથી

પર્વતરાજ હિમાલયમાં અતિ પુરાતન કાલમાં લાખો હાથી વસતા હતા. કોઈ ખાસ કદાવર અને શાણો હાથી હોય તેની આણ તળે હજારો હાથી પોતપોતાની હાથણીઓ અને પોતાનાં ઊછરતાં કલભો સાથે જૂથ બાંધીને એકઠા રહેતા, અને સૌને ચારા માટે પૂરતો પડે એવડા લાંબાપહોળા પ્રદેશને જાણે પોતાનું સ્વાંગ વતન હોય એમ વળગી રહેતા. એ પ્રદેશની અંદર પરાયા હાથી એકલદુકલ કે જૂથમાં ઘૂસી આવતાં, પોતાના વતનના રક્ષણ માટે અસલ જૂથ પોતાના ગજ-રાજની સરદારી તળે લડાઈઓ ખેડતું, જૂથ જૂથ વચ્ચે સીમાઓ બંધાતી, અને કોલકરાર પણ થતા.

આવા પ્રદેશોમાં હાથીઓ જ્યાંજ્યાં થઈને વારંવાર જાયઆવે ત્યાંત્યાં પગથીમાંથી ચીલા પડતા અને એ ચીલાઓના ધોરી માર્ગ બની જતા. એવા માર્ગની બંને બાજુ આવી રહેલ હિમાલયના ત્રીસથી સવાસો ફૂટ ઊંચાં તરુવરો થોડે થોડે છેટે જાણે ઊંચા અને સુશોભી થાંભલાઓ હારકતાર તથા સામસામે રોપેલા હોય એવા બની રહેતા. અને હાથીની શુંઢ પ્હોંચે ત્યાં લગી, એટલે જમીનથી દશપંદર ફૂટ લગી, એ તરુવરોમાં હાથીવાટને માથે ડાળીઓ પણ રહેતી નહીં. રતે રતે નવી ડાળો તો ફૂટ્યાં કરે, પણ જતાં આવતાં હાથી હાથણી તે જરા પણ મોટી થવા પામે તે પ્હેલાં તો તેને શુંઢથી ખેંચીને તોડી જ લિયે.

આવા એક તરુવરના મૂળિયાંમાંની ટેક્રાં ટેક્રાંવાળી ભોંયમાં એક ન્હાની અમથી લાવરીએ માળો કરી પોતા-નાં ઈંડા મૂક્યાં. એ બાપડીને પોતાના અમથા જેટલા પેટ સારુ ટેટાટેટી, કણકણી, કાચલુંકોટલું, કીડાકીડી જોઈએ તે એટલામાંથી જ મળી રહે, એટલે એ તો રાતદિવસ ત્યાં આગળ જ રહે અને પોતાનાં ઈંડાં સેવ્યા કરે. એમ કરતાં કરતાં ઈંડાંમાંથી બચ્ચાં પણ નીકળ્યાં. પણ તેમને પાંખો ફૂટવાને વાર હતી તેવામાં એક દહાડો તે લાવરીના પેટમાં ફાળ પડી. હાથીવાટે પચાસ-પોણોસો હાથીહાથણીની લંગાર તેણે આઘેથી આવતી દીઠી અને તેને બ્હીક લાગી કે મ્હારાં બચ્ચાં ચગદાઈ મરવાનાં. ગાભરી ગાભરી જેમ તેમ એ માતાએ બચ-લાંને એકઠાં કરી ભેગાં જ ઉભાં થઈ રહેવા કહ્યું, અને હાથીના ઝુંડ તરફ બીજી નજર નાખી.

એ ઝુંડને મોખરે આ વનનો જાણીતો ગજરાજ સૌથી જરા આગળ એકલો ચાલ્યો આવતો હતો. પાછળનાં હાથીહાથણી કંઈક મિસલસર આવી રહ્યાં હતાં. આ જોતાંમાં લાવરી તો હાંફળીફાંફળી ઊડી અને જઈ બેઠી ગજરાજના દન્તૂશળ ઉપર. એ મહાપ્રાણીની નજર એના ઉપર જતાં તેને એ બહુ ગભરાટમાં દેખાઈ, એટલે પોતે ઊભા રહી શુંઢથી પાછળ આવતી ટુકડીને સ્હેજ ઇશારો કર્યો અને તે સૌયે જ્યાં હતા ત્યાં જ ઊભા થઈ રહ્યા, તથા આપસઆપસ સ્હેજ ડોલતા કંઈક વાતોએ વળગ્યા. અને પછી ગજરાજે એ લાવરીને અત્યન્ત નાજુકાઈએ પોતાની શુંઢ વડે ઉપાડીને પોતા-ના માથા ઉપર બેસાડી.

લાવરીને આમ પળમાં જ જરા હિંમત આવી અને તે હાથીની આંખો આગળ ઉડવા લાગી. જરા આઘી જાય, પાંખો ફફડાવતી અને મીઠા ટૌકા કરતી પાછી વળે અને હાથીની આંખો આગળ ઊડતી જમણે પાસેથી ડાબે અને પાછી જમણે આવે, ઊંચીનીચી ઊડે, જાણે ગજરાજને મસ્તકે ગાતી ગાતી તોરણો બાંધતી હોય એમ. આમ એણે બે ચાર વાર કર્યું, ત્યાં ગજરાજ સમજ્યો કે આ ટચુકડીને મ્હારો કંઇક ખપ છે, અને મ્હને ક્યાંક પોતાની સાથે લઇ જવા માગે છે. શુંડથી એણે પહેલાં જેવો જ કોમળ અવાજ કર્યો એટલે ઝુંડ ત્યાં ઊભું જ રહ્યું. અને પોતે ધીમે કદમે લાવરીની પાછળ પાછળ આવ્યો. તે પણ એને છેક પોતાનાં બચલાં બે ત્રણ ઢેફાં વચ્ચે એક ન્હાની ઢગલી જેવાં એકઠાં રાખ્યા હતાં તે તરુવર લગી લઇ ગઇ. ગજરાજે એ બચ્ચાં દીઠાં ને સમજી ગયો. એ તરુવર આગળ પોતે જ બે પગ હાથીવાટમાં પહોળા ખોડીને અને પાછલા પગ એ તરુવરની પાછળ રાખીને એવી રીતે ઊભો રહ્યો, કે લાવરી અને તેના કુટુમ્બ ઉપર એની મહામોટી કાયાનું જાણે છત્ર થઈ રહ્યું. હવે પેલાં હાથીહાથણી હારબંધ ઊભાં હતાં તેમને તેમના આ સરદારે કહ્યું, ‘ધીમે ધીમે આ હાથીવાટે આગળ ચાલ્યાં જાવ.’ તેઓ તો વળી પોતાના રાજાથી પણ જરા આઘાં રહીને ચાલ્યાં ગયાં, અને પછી એ પણ ત્યાંથી ખસ્યો ને પાછો ઝુંડને મોખરે થઇ ગયો. પોતાનું સંકટ આમ ટળ્યું તેથી લાવરી અને તેનાં બચ્ચાં કલ્લોલ કરવા લાગ્યાં.

એ ચારક્લાક ગયા હશે ત્યાં એ જ રસ્તેથી એક હાથી નીકળ્યો. એક દન્તૂશળ ભાંગેલો અને આખે દીલે ઘા-આઘાતોવાળો તથાપિ એ પોતાના બળની ખુમારીવાળો અને ક્રૂર હતો. તેને પણ આમ વીનવવાને લાવરી તેના આખા દન્તૂશળ પર જઇને બેઠી. ત્યાં તો એ હાથીએ એ બીચારી તુચ્છને પોતાની શુંઢ ઝાપટી. એ ગદ્દા ઉપર પડી તો, એમ દેખતાં જ ચપળ પંખિણી જીવ લઇને નાઠી અને પોતાના તરુવરની નીચલી ડાળે જઇને બેઠી. આ હાથીએ તેને જોઇ કે એ તો પોતાની શુંડની ઝાપટથી ઊંચી બેઠી છે. નીચી નજર કરતાં એનાં બચલાં જોવામાં આવ્યાં, બે ત્રણ ઢેફાં વચ્ચે ઢગલી જેવાં સાચવીને એકઠાં કરેલાં. એણે તો રીસા આવીને એ ઢેફાં ઉપર જ પોતાનો શીસમના થડ જેવો પગ ભાર દઇને મૂક્યો. ઢેફાં ને બચલાં કચરઘાણ થઇ ગયાં! પછી તે એ જગા ઉપર મૂતર્યો, અને તે જગા ઉપર જ ત્રણ સૂંડલા ભરાય એટલી લાદ કરી ઊંચી શુંડે લાવરીને તિરસ્કારની ગાળ દેતો ચાલી નીકળ્યો, કેમ જાણે પોતે આ મોટો મોર માર્યો હોય, એમ રૉફમાં ડોલતો ડોલતો.

ક્ષણમાં અને લેશ પણ દોષ વિના સર્વસ્વ ખોઇ બેઠેલી માતા બીચારી દિઙ્મૂઢ જેવી સડક જ થઇ ગઇ. પણ થોડી મિનિટમાં તે આખાગે ધ્રૂજી ઊઠી, તેની આંખમાં ખુન્નસ ભરાયું, અને તે અધમ પાતકી હાથી ગયો હતો તે દિશમાં ઊડી. એને ખબર ન પડે એમ ઊંચે અને પાછળ પાછળ રહીને તેણે એને જોઇ લીધો, ઓળખી લીધો, એના રહેઠાણ લગી પાછળ પાછળ ગઇ, તે પણ ચોતરફ ફરી વળીને બરોબર ગોખી લીધું, અને આમ એ પોતાના દ્રોહી વિષે પૂરતી ચોકસી કરીને જ પાછી વળી. ત્યાં સાંજ પડવા આવેલી એટલે ક્રોધમાં અને શ્રમથી છેક લોથ થઇ ગએલી એણે કંઈક ખાધું ન ખાધું ને એ તો ઘસઘસાટ ઊંઘી ગઇ. હાથીની વિષ્ટા સૂકાઇ ગઇ હતી તો પણ એ પોતાના તરુવરને છેડે સામે બીજાની બખોલમાં જ સૂઈ ગઈ.

સૂર્ય ઉગતાં જ એણે ઉદ્યમ આરંભ્યો. ‘આવડો બધો મોટો અને જબરો તેથી શું? પાંખ વિનાનાં મ્હારાં નિર્દોષ બચલાંને આમ ચેપી નાખે એમ? વળી ઉપર ઊભો ઊભો મૂતરે, વિષ્ટા કરે અને મ્હને તુચ્છકારે અને ભાંડે એમ! ત્રણ ભુવનનો રાજા ઇંદ્ર હોય કની તેય આવો કેર તો ન કરે. હા વળી; મોટા તો દયાળુ હોય, ઉદાર હોય, પરગજુ હોય. ખરો મોટો સવારનો એ ગજરાજ. ભલું થજો એનું, એના જૂથનું, એના રાજનું. પણ આ પીટયા રાખસને તો હું ખબર પાડીશ. હું કોણ? લાવરી! ન્હાની તેથી શું? નબળી તેથી શું થઇ ગયું? બળ કદ ભલે ન હોય, અક્કલ તો છે કની! એના ય માથાની નીવડું તો જ હું પણ ખરી!’ આ જ ધૂન એ લાવરીને રોમેરોમ વ્યાપી રહી.

ઉડતી જાય, ચોતર્ફ જોતી જાય અને કરવું શું તેના ઘાટ ઘડતી જાય. એવામાં તેણે આકાશમાં લમ્બગોળ ઘુમરડી

ઓ લેતી મોટી સમડી જોઇ. તેને એણે નજરમાં રાખી પાછળ પાછળ ઊડવા લાગી. આખરે સમડી પોતાના માળા તરફ વળી. લાવરીએ તે જોયો. તેમાંનાં બચ્ચાં બહુ જ ન્હાનાં હતાં તે પણ જોઇ લીધું. પોતે ત્યાં આંબાની જ નીચે જમીન પર રહેવા લાગી. પાસે જ એક ખાબોચિયું હતું. તેમાં દેડકોદેડકી અને તેમનાં બચ્ચાં રહેતાં હતાં. લાવરીએ બેયને મેળવી લેવાનો ઉદ્યમ આરંભ્યો. ઘડી ઘડી સમડીને માળે જઇ બચ્ચાંઓને ગમે એવું કંઇ કંઇ આણી આપે. ઘડી ઘડી ખાબોચિયાં પાસે બેસે, કાંઠે ઊડે, પાણી ઉપર કૂદે. પોતાના પાણીમાંના પડછાયાને ચાંચ મારે, ગુલાટો ખાય, ગાય, કંઇ કંઇ આણી

સોમવારે છાશ ફીણી
મંગળવારે માખણ,
બુધવારે ચડાવ્યું ચૂલે
જાણે મૂક્યું આંધણ;
ગુરુવારે ઘી થયું
ને શુક્રવારે ઢ્યુ
શનિવારે પાટલા ઢાળ્યા
દીધું સૌને નેડું;
રવિવારે લાપસી ખાધી
મઝા પડી ગઇ.

રમણલાલ સોની

આપે, અને દેડકાદેડકીબચ્ચાં બધાંને વ્હાલી લાગે. સમડી સાથે માયા બંધાતાં વાર લાગી. પણ આ તો વળગેલી ને વળગેલી જ રહી, એટલે સમડી પણ પલળી; અને કોઇ કોઇ વાર પોતાની પીઠ પર બેસાડીને એને ઊંચા આકાશની સ્હેલ પણ કરાવવા લાગી. પછી એક દિવસ સમડી કહે, ' અલિ લાવરી, તું રોજ આમ આટ-આટલી સેવાચાકરી કરે છે, તો ત્હારૂં કંઇ કામકાજ હોય તે તો મ્હને કહે.' લાવરી કહે, 'મોટી બ્હેન, ત્હમારૂં કામ સૌને હોય, મ્હારે ય છે, અને તે ત્હમને ખૂબ રૂચે એવું જ છે, પણ હજી મુહૂર્ત નથી; બેચાર દિવસમાં કહીશ ત્યારે કરશો ખરાં ને?' સમડી કહે, 'લે આ વચન, પછી કંઇ? જ્યારે કહેવું હોય ત્યારે કહેજે, તૈયાર જ છું.' એક બે દિવસમાં દેડકાદેડકીએ પણ કહ્યું. તેમનું પણ વચન મળી ગયું.

તે પછીને દિવસે જ લાવરીએ સમડી દેડકાદેડકી બધાંને કહ્યું. સૌ જોડે નીકળ્યાં. દેડકોદેડકી પાછળ પડી ગયાં, પણ તેમને રસ્તો દેખાડેલો હતો. એ હાથી પોતાના રહેઠાણ પાસે છીછરી ઝીલ હતી તેમાંની પોયણીઓને ઉખેડતો હતો, ત્યાં સમડીએ પાછળથી ઝડપ મારી તેની એક આંખ કરડી ખાધી. ઊંચી ઉડી ગઇ અને બડી મઝાથી આકાશમાં ઘુમરડીઓ લેતાં લેતાં તે ચવાઇ રહી એટલે એ પાછી આવી, અને લાગ જોઇને બીજી ઝડપે બીજી આંખ પણ કરડી ખાધી. હાથી આંધળો થઇ ગયો અને બરાડા પાડતો આમતેમ ભટકવા અને પછડાવા લાગ્યો. બેય આંખમાંથી લોહીની ધારા વહે. કલાક થયો અને લોહી કંઇક ઓછું થયું, ત્યાં લાવરીએ એની આંખનાં બંને કાંકાંમાં એક એક શીંગ મૂકી દીધી. અકળાતો કૂટાતો હાથી બીચારો આંખમાં ચટકા અને અગન ન સહેવાતાં પોકે પોક પાડવા લાગ્યો. અને બીજા અર્ધા કલાકમાં તો ચોતરફ દાવાનળમાં સપડાયો હોય એવી તરસ એને વ્યાપી ગઇ અને એને અત્યન્ત પીડવા લાગી. પોતાના રહેઠાણથી કે પેલી ઝીલથી બહુ આઘો તો ન્હોતો ગયો; પણ આંધળાને કશું ય ક્યાંથી સૂઝે? ત્યાં દેડકોદેડકી આવી પ્હોંચ્યાં, એટલે લાવરીએ તેમને પણ તેમનું કામ બતાવી દીધું.

દેડકો એક ઊંચા ખૂબ ખડબચડ ડુંગરા ઉપર ચડ્યો, દેડકી તેની તળે રહી. પ્હેલો અવાજ દેડકાએ કર્યો, ડરાઉં! ડરાઉં! તરસ્યો હાથી અકળાતો કૂટાતો ડુંગરો ચડ્યો. પણ ત્યાં તો છાંટો ય પાણી હતું નહીં. ત્યાં દેડકી ડુંગર તળેથી બોલી. તરસનો માર્યો હાથી ઝટ ઊતરવા ગયો ત્યાં ભારે દીલ અને કશું ન દેખાય એટલે એક વાંકા ખાડામાં પગ પેસી ગયો અને તે કહાડતાં ભાંગી ગયો. જેમ તેમ ઊઠીને બડી મુશીબતે પગ માંડતો માંડતો ઊતરવા ગયો ત્યાં ઢાળ આવતાં પગ સરી ગયા અને ગબડ્યો ઊંધે માથે ગોઠીમડાં ખાતો અને અંગે અંગમાં ટીચાતો, તે પોતાનું જ અતિ ભારે દીલ સાચવવાને કેવળ અશક્ત બીચારો છેક તળિયે આવ્યો, ત્યાં તો એનાં પાંસળે પાંસળાં ભાંગી ભૂકો થઇ ગયાં, ચાગડું સત્તર ઠેકાણે ફૂટી ગયું, અને લોહીની ઉલટીઓ પણ

થવા લાગી. લૂગ કાંકરી કીડા મંકોડા વળગી પડ્યાં. આમ ને આમ ઢગલો થઈને એ ચાર દિવસ પડી રહ્યો ત્યારે માંડ માંડ એ અતિ મોટા પ્રાણીની ઘડી ભરાઈ રહી, અને બેચાર કલાકમાં મરી જવા જેવો થઈ ગયો, એટલે લાવરીએ એના શુંડમાં ચાંચો મારવા માંડી. ચાંચ મારતી જાય અને ટોકો કરતી જાય, કેમ જાણે એને એનો જીવ લેનાર કોણ તે ગાઈવગાડીને જણાવી દેવા! થોડી વારમાં હાથી છેક જ નિરાશ થઈ ગયો, પગ શુંડ પૂછડું કાન ઢીલાં થઈ ગયાં, અને માત્ર પેટ રહીરહીને ઊછળવા લાગ્યું, એટલે લાવરી છેલ્લો ટોકો કરીને ઊડી ગઈ.

અતિ પુરાતન કાલમાં આ ઇતિહાસ ઉપર વર્ણવ્યા પ્રમાણે બનેલો તેનો સાર સુજ્ઞ સાત્ત્વિક કવિઓ પોતાની મિતાક્ષરવાણીમાં નીચેના એક દોહરામાં જ કહીગયા છે:

> નબળાં પણ અન્યાયથી ખારે સમરથ થાય,
> હાથી! લાવરિયે જુવો રોળી રોળિ હણાય.

બળવંતરાય કલ્યાણરાય ઠાકોર

જાતકમાલા નામે જાણીતા બૌદ્ધ કથાસંગ્રહમાંની એક કથા. પહેલો હાથી તો ભગવાન બુદ્ધનો જ એક આગલો ભવ, એટલો અંશ છોડી દીધો છે, કથામાંના નીતિબોધ પરના શ્લોકો પણ છોડી દીધા છે, અને આખી કથા કુદરતી બનાવ લેખે આપણી કલ્પનામાં બેસી જાય એમ નવેસર લખી છે. આ અતિપ્રાચીન સંગ્રહમાંની સંખ્યાબંધ કથાઓ આ પ્રમાણે નવાં રૂપ આપી શકાય એવી છે. પંચતંત્ર, હિતોપદેશ, ઇસપકથા, ફેયરી ટેલ્સ આદિમાં સ્થાન પામીને આખી દુનિયામાં જાણીતી થઈ ગયેલ કેટલીક કથાઓ મૂલ આ જાતકમાલામાંની જ છે.

ચતુર્થ છાત્રાલય સંમેલન : શ્રી પાટણ જૈન મંડળ બોર્ડિંગ (પાટણ ઉ. ગુ.) તરફથી મે માસની તા. ૧૯, ૨૦ અને ૨૧ના દિવસોમાં છાત્રાલય સંમેલન ભરાવાનું નક્કી થયું છે. સંમેલન પ્રસંગે છાત્રાલયના પ્રશ્નોને ચર્ચતી બે પુસ્તિકાઓ પણ પ્રકટ થવાની આશા છે.

સર મનુભાઈ ઇનામી નિબંધની હરીફાઈ

વડોદરા સાહિત્ય સભા તરફથી ચાલુ વર્ષે સર મનુભાઈ ઇનામી નિબંધ માટે 'હિંદુ અવિભક્ત કુટુંબ અને તેના લાભાલાભ' એ વિષય હરીફાઈ માટે પસંદ કરવામાં આવ્યો છે. તે વિષય ઉપર ગુજરાતી ભાષામાં ફુલ્સકેપ સાઈઝનાં ૭૫થી ૧૦૦ જેટલાં પૃષ્ઠ લખી મોકલી હરિફાઈમાં ઉત્તીર્ણ થનારને રૂપિયા એક સોનું રોકડ ઇનામ આપવામાં આવશે. નિબંધ તા. ૩૧મી ઑગસ્ટ ૧૯૩૪ પહેલાં મંત્રીઓને મળી જવો જોઈએ.

વધુ શરતો માટે લખો: બાલુભાઈ ર. દેસાઈ. મંત્રી, ઠે. શિયાપુરા, ભાટવાડા વડોદરા.

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

પહેલું ઇનામ: 'સૈનિક' (મોકલનારે પોતાનું નામ ફોટા પાછળ જણાવ્યું નથી તે ખાતરી આપીને જણાવી ઈનામ મંગાવી લેવું); બીજું ઇનામ: 'ભમરડો' (આસદ સૈયદ–પાલનપુર); ત્રીજું ઇનામ: 'ઘડપણની કરચલીઓ' (પ્રતાપરાય શાહ-ખાર, મુંબઈ). તે પછીનાં 'ભરથરી' (રામપ્રસાદ વ્યાસ–અમદાવાદ); 'બાલપ્રવૃત્તિ' (ત્ર્યંબક પટેલ–વાંકાનેર); 'કૃત્રિમ સૌંદર્ય' (વી.એન. શર્મા–કાંકરોલી)એત્રણેને ઉત્તેજનાપારિતોષિકમળેછે.

'કલઇગરો' પ્રકટ થયું હોવા છતાં ભાઈ આસદમિયાંને ભમરડા ઉપર ઇનામ આપવામાં આવે છે, કારણકે તેમણે ગતિમાન ચિત્ર લેવાની પહેલ કરી છે. ઊંચા લેન્સવાળો કૅમેરા અને વધુ ઝડપી ચાંપ ચલાવી હોત તો આ ચિત્ર એક સરસ નમૂનો થાત. પ્રથમ ઈનામ લેનાર 'સૈનિક'ના ચિત્રમાં સરસ રીતે વિસ્તારભર્યા વાતાવરણમાં પાત્રનું સ્થાન જમાવ્યું છે. 'ઘડપણની કરચલીઓ'માં એક સુસ્પષ્ટ લાક્ષણિક પાત્રનિરૂપણ છે અને ઉંમરની સચોટતાનો તે નમૂનો છે. ભરથરીનું ચિત્ર એને મુકાબલે ઓછું ઊતરે છે, પણ પાત્રની પસંદગી તેમાં સારી છે. 'બાલપ્રવૃત્તિ'ને વિષય કરતાં વધુ ડાહ્યું નામ આપી દીધું છે. 'કૃત્રિમ સૌંદર્ય' પણ એવી જ રીતે નામથી ભૂલામણી કરાવે છે. પણ તે ચિત્રમાં બધી જગ્યાનો ઉપયોગ સારો થયો છે તેમજ વિગતો સચવાઈ છે.

બીજાં ધ્યાન ખેંચનારાં ચિત્રોમાં માણેકલાલ પટેલનું 'કુદરતને ખોળે' નાની બાલિકાનું ચિત્ર છે. તેમાં છાયાનું જોર પણ આગળ કમી થઈ જાય છે અને ચિત્રમાં અંગરેખાઓ સિવાય વિશેષ વિચારદર્શન નથી; પણ આવાં ચિત્રોમાં નવી રચનાની સફળતા



(૧) કલાઇગરો–અસદમિયાં સૈયદ; (૨) ભરથરી–રામપ્રસાદ વ્યાસ; (૩) ધડપણની કરચલીઓ–પ્રતાપરાય શાહ; (૫) ભગરડો–અસદમિયાં સૈયદ; (૫) બાલપ્રવૃત્તિ–ત્ર્યંબક પટેલ; (૬) સૈનિક; (૭) કૃત્રિમ સૌંદર્ય–વી. એન. શર્મા.

માટે મથવામાં ખાસ આનંદ મળે છે. તેમનું બીજું ચિત્ર 'હોડીની સફર' વધુ બારીક રેખાંકન માગે છે. ભાઈ છગનલાલ પુરોહિત (ભાવનગર)ના બીજા ચિત્ર 'ચીરડે'માં ચિત્રરચના સરસ છે, પણ એક પાત્ર કૅમેરા તરફ ખેંચાતી આંખે જુએ છે એટલે ચિત્રમાં રસક્ષતિ થાય છે. ઠા.લ. ગાંધી (રંગુન)નું 'છીલકું' (છાલ) ગોઠવણ તેમજ છાયાપ્રકાશમાં ખૂબ અઘકચરું બની ગયું છે. આકારો ઇરાદાપૂર્વક ગોઠવાયા છે એમ પકડાઈ જાય છે. સાથે રચનામાં આનંદ જામતો નથી. અચરતલાલ ગાંધી (અંકલેશ્વર)નું 'પખાલી'નું ચિત્ર આકર્ષક છે, પણ ફોટોગ્રાફી એમાં ફિક્કી પડે છે. જુદાજુદા કાગળો પર છાપી જોવાથી પરિણામ સુધરે ખરું. ત્ર્યંબક પટેલ (વાંકાનેર)નું 'ખૂબ હસો' કૅમેરાની સન્મુખતા ઉઘાડી પાડે છે. આવાં પાત્રો પરથી બાલજીવનનાં અનેક મધુરાં ચિત્રો કરી શકાય. ચતુરભાઇ (વસો)નું ચિત્ર સ્થળના નામથી વધારે ખેંચાણ કરી શકત. ઘણાં પાત્રો લેવાનો લોભ છોડી મુખ્ય આકર્ષણને ઉઠાવ આપવો જોઇએ. ફોટોગ્રાફી પણ એમાં ફિક્કી છે.



માધુકરી

ગૂંજે જે અવિરામ તેજતિમિરે, બ્રહ્માંડફળે સ્ફુરે,
ફોરે ને નિજ શ્વાસ લે પમરતો, યુદ્ધો લડે મૃત્યુથી;
હંફાવે યમ કાળનો, ઘૂઘવતો વર્ષો સુધી વિશ્વમાં
ખેલે, મૈત્રી ધરે ચરાચર તણી તે વિસ્તર્યા પ્રાણને
કોણે કોટડીમાં પૂર્યો નરકની અંધારી ને સાંકડી !

—મોહિનીચન્દ્ર

ડૉ. કદમ : એક પરિચય

એક મિત્રે મને પોતાના ગીરપ્રવાસ અને ડૉ. કદમ વિષે વાત કહી ત્યારથી ગીરયાત્રા કરવાની તથા ડૉ. કદમને મળવાની મને ઉત્કંઠા થઈ હતી. ગીરયાત્રા તો જેવીતેવી કરી, પણ ડૉ. કદમનો સહવાસ અને પરિચય લાઠીના સાહિત્યસંમેલન પ્રસંગે ત્રણચાર દિવસ થયો. એમનું મિલન અમરેલી સ્ટેશને અકસ્માત એક મિત્રના સૂચનથી થયું. સંમેલનમાં આવનાર અને પ્રદર્શન જોનાર દરેક પ્રેક્ષકને એ બીજાથી તરી આવે તેવા માણસ જરૂર લાગ્યા હશે. પંજાબી પોશાકમાં સજ્જ થએલા એ જુવાને પ્રદર્શનમાં ગીરવિભાગ રજુ કર્યો હતો.

એ મરાઠા છે અને હાલ ગાયકવાડી રાજ્યના અમરેલી ગામે સિવિલ હૉસ્પિટલમાં મદદનીશ દાક્તર તરીકે કામ કરે છે. આ પહેલાં તે ગીરપ્રદેશના ધારવડ ગામે મૅડિકલ ઑફિસર હતા. તેઓ કેટલાક વરસ સુધી ગીરજીવન જીવ્યા છે. ગીરનાં પશુપંખી અને વનસ્પતિનું એમને સારૂં જ્ઞાન છે. ગીરજંગલના નેસડામાં માલધારી કુટુંબોની દવા નિમિત્તે એઓ એમની વચ્ચે એમનામાંના એક તરીકે રહ્યા છે; એમની બોલી અને રહેણીકરણીથી ખૂબ માહિતગાર થયા છે અને તળપદી કાઠિયાવાડી ભાષાનું અચ્છું જ્ઞાન મેળવ્યું છે. એઓ રાસલેખક હતા અને હાલ વાર્તાલેખક છે. મર્હૂમ હાજીમાહમ્મદ અલારખિયા શિવજી બેનમૂન 'વીસમી સદી' માસિકના તંત્રી હતા ત્યારથી એ વાર્તાઓ લખે છે ને હાલ 'નવચેતન' તથા 'સેવા' અને બીજાં માસિક પત્રોમાં પણ લખે છે. 'સેવા' માસિકમાં 'પ્રગતિને પંથે' નામની ગીરજીવનના અભ્યાસની એક ચાલુ વાર્તા એઓ હાલ લખે છે. તેમાં ગીરગામડાનો વેપારી માલધારી ચારણકુટુંબને કેવી રીતે સતાવે છે ને લૂંટે છે તેનું કુબાડું ચિત્ર આલેખે છે; તે સાથે ગીરની વનસ્પતિ, ગીરનાં પશુપંખીની સ્વાનુભવવાળી હકીકત વર્ણવે છે.

પોતાના વિચિત્ર પોશાક વિષે એમણે કેટલાક વિચારો બતાવ્યા. એઓ કહે છે કે આજના જુવાનો રહેણીકરણી અને બીજી રીતે સ્રૈણ બનતા જાય છે, યુરોપિયન ડ્રેસના શોખીન પણ થાય છે. આપણા હિંદુસ્તાનના જ પ્રાન્તનો કયો પોશાક સૌથી વધુ પૌરુષભર્યો છે તેનો વિચાર કરતાં મારા શિકારજીવનને બંધબેસતો પંજાબી પોશાક લાગ્યો અને તે મેં મારા માટે તૈયાર કરાવ્યો. યુરોપિયન ફૅશનનાં કોટપાટલૂન હૅટ અને મોજાં કરતાં આ પોશાક હિંદુસ્તાની અને શૌર્યસૂચક તથા રોમાન્ટિક છે. આ પાઘડી તદ્દન સ્વદેશી છે. દક્ષિણી પોશાક પાંડિત્યદર્શક અને પોચોપોચો છે.

શિકારનો એમને બડો શોખ છે અને સારા નિશાનબાજ હોવા જોઇએ એમ જણાય છે. શિકાર એમને મન માત્ર છંદ નથી રહ્યો, પણ કલા તરીકે છે;—અલબત્ત, એ હિંસાની ગમ્મત છે એમ સ્વીકારવું જોઇએ. ચાર શીંગડાંવાળા હરણના માથાનો એ ઘરશણગાર કરે છે; સિંહના શરીરમાંથી કવચિત જ મળતા 'lucky bone'ની એ સોનાની પિન બનાવે છે; કાળિયારના ચામડાની એ સુંવાળી જાજમ કરે છે; વાઘનખને સોને મઢી બાળકની કાંઠલી બનાવે છે; સાંભરના ચામડાને કેળવાવી રંગાવી એના જોડા સીવડાવે છે. શિકારને આમ એ ઉપયોગી કળા તરીકે જીવનમાં વણે છે.

સાંભરના ચામડાનો એ વેઇસ્ટકોટ–કબજો કરાવવા ઇચ્છે છે. એ કહે છે કે વલ્કલયુગ પહેલાં પોશાકમાં ચર્મયુગ ચાલતો. શંકર વ્યાઘ્રચર્મ ઓઢે છે; સંન્યાસી મૃગચર્મનું આસન પાથરે છે; અને સીતાજીને સુવર્ણમૃગના ચર્મની કાંચળી પહેરવાની ઈચ્છા થઈ હતી. કોસ, જોડા, પાકીટ વગેરે અનેક વસ્તુઓમાં ચામડું વાપરીએ છીએ. જંગલી જાતો હાલ પણ ચર્મનો પોશાક પહેરે છે.

જંગલનું જીવન આપણને અપરિચિત જેવું છે. પૂરાં ઝાડને પણ ઓળખી શકતા નથી, તો એનું ઔષધિ તરીકેનું જ્ઞાન તો કયાંથી જ હોય? વિચિત્ર અને વિવિધ પ્રકારનાં વનપશુ કે



વનપંખીને પણ આપણે ક્યાં ઓળખીએ છીએ? તો પછી જંગલજીવનનું સાહિત્ય પણ ગુજરાતી ભાષામાં શી રીતે વધે? એટલે ડૉ. કદમ આપણો અણખેડાએલો પ્રદેશ ભમે છે. તેનો અભ્યાસ કરે છે અને તે ઉપરનું સાહિત્ય લખે છે.

એ જાણે છે કે આ શિકારજીવન જોખમભર્યું તો છે, પરંતુ સાથે ખરચાળ પણ ઘણું જ છે. સાધારણ સ્થિતિના માણસને તો એ પાલવે જ નહિ. બીજો ખર્ચ ન ગણાતું તો પણ એક ચામડું કેળવાવી રંગવાનું ખર્ચ વીસથી પચીસ રૂપિયા જેટલું લાગે છે! પરંતુ આ જીવનના લાભ પણ નજીવા નથી. મનુષ્ય નિર્ભય બની ભય સામે ટકવા શક્તિમાન બને છે, ખડતલપણું કેળવે છે, એકલા જીવનનો રસિયો થાય છે, ચકોર ને સાવધાન રહી શકે છે.

સ્વભાવે એ હસમુખા ને મળતાવડા છે; તદ્દન ખુલ્લા દિલના છે. ઘણી વખત એમનું પ્રેમાળપણું પણ વર્તાઈ આવે છે.

પ્રદર્શનમાં એમણે પોતાના શિકારનું (અને થોડુંક પોતાના મિત્રના શિકારનું) દર્શન કરાવ્યું. ગીરવિભાગ કાઠિયાવાડના તળ લાક્ષણિક જીવનના અંગ તરીકે ઘણાંને ગમ્યો હશે. એ સઘળી વસ્તુઓની વિગતવાર માહિતી એમણે આપી હતી. ચિલોત્રો નામનું વિરલ મળી આવતું ગીરપંખી એમણે બતાવ્યું, તે સ્ત્રીઓના સુવા રોગમાં દવા તરીકેના ખોરાકમાં કામ આવે છે. સિંહણનું ચર્મ તથા દૂધ પણ બતાવ્યાં. વાઘ, દીપડા, સાહુડી, સસલું, ગીરનો ઉંદર, હરણ વગેરે પશુનાં ચર્મ હતાં, એમાં ગીરના ઉંદરનું તથા સસલાનું એ બે ચર્મ સુંવાળપમાં ને રંગરૂપમાં બહુ જ મળતાં આવતાં હતાં. એ ચર્મનાં હાથનાં મોજાં બને છે. સિંહ, વાઘ, મગર વગેરેની ચરબીઓના નમૂના હતા. એ બધામાં મગરની ચરબી ગમે તેવી ઠંડીમાં પણ જામતી નથી. વાઘની મૂછનો વાળ બતાવ્યો. એ હાડકાની સળી જેવો લાગ્યો. એ ઘણો તીવ્ર ઝેરી હોય છે. જરાક પણ ખોરાકમાં ગયો તો રામશરણ થયા જ સમજો. વાઘના શિકાર પછી તુર્ત તેની મૂછો કાપીને જમીનમાં દાટી દેવામાં આવે છે. આવી તો બીજી ઘણી માહિતી આપી હતી

એમનું આખું નામ રઘુનાથ ગંગારામ કદમ. તેઓ તંદુરસ્ત ને ભરાઉ બાંધાના મધ્યમ કદના છે અને એમનું જંગલજીવન કોઈપણ કાઠિયાવાડી જુવાનને ધડો લેવા લાયક છે. અમાણે એ જીવનને માત્ર મૃગયા-હિંસાની રમતગમત તરીકે રાખ્યું નથી. હિંસા કર્યા વગર પણ હરકોઈ જુવાન ગીરપરિક્રમા કરી પશુપક્ષી અને વનસ્પતિનું અચ્છું જ્ઞાન મેળવી શકે છે. જુવાનો એ દિશા પ્રતિ વધુ ને વધુ પ્રયાણ કરે એવી આશા રાખી આ ટૂંકો પરિચય બંધ કરું છું. —ર. જી.

સાકરિયાં કેળાં

આજે સવારે હું ઘેર જતો હતો, ત્યારે વચ્ચે મારા કાન ઉપર અવાજ આવ્યો: 'કેળાં લ્યો, સાકરિયાં કેળાં.' અવાજ છોકરાનો હતો. મેં જોયું તો એક ગંદાં લૂગડાં પહેરેલો છોકરો માથે ટોપલો લઈને ઉપર પ્રમાણે બોલતો ચાલ્યો જતો હતો.

'કેળાં કેમ આપ્યાં?' મેં પૂછ્યું.

'આનાનાં ચાર આપું છું, પણ તમને પાંચ આપીશ. કેળાં મીઠાં બહુ છે.'

વેચનાર દરેક ઘરાકને 'ખાસ સસ્તા ભાવ'થી વસ્તુ આપે છે, એ તો આપણે જાણીએ છીએ મેં પણ એને મોટી ખરીદી એ નીકળ્યો હોઉં તેમ કહ્યું: 'આનાનાં છ આપે તો એક ડઝન લેવાં છે.'

છોકરો ઘડીક વિચારમાં પડ્યો; એકીસાથે બે વાતના લાભ વચ્ચે તે ખેંચાવા લાગ્યો. જો તે આનાનાં છ કેળાં ન આપે તો તેને મળતી બે આના જેવડી મોટી રકમ ગુમાવે અને જો બે આનાના લોભમાં પડે તો તેને બે કેળાં વધારે આપવાં પડે.

હું તેની મૂંઝવણ સમજ્યો. પણ મારે તો બે આનાનાં બાર કેળાં લેવાં જ હતાં. અને મને ખાતરી હતી કે બે આનાનાં બાર કેળાં તે મને આપવાનો જ છે.

મેં તેને કહ્યું, 'કેમ, આપવાં છે!'

'ના ભાઈસાહેબ, એ તો મને ભારે પડે.'

મેં કહ્યું, 'તો ભલે; હું આ ચાલ્યો.'

છોકરાએ જોયું કે બે આના ગયા. મને પાછો બોલાવ્યો: 'શેઠ! તમે તો ઓલિયા માણસ કહેવાઓ તમને બે આના આકરા ન પડે, અને મને બે કેળાંની ખોટ શા માટે આપો છો! તમારે તો રાજી થઈને ઊલટું વધારે આપવું જોઈએ.' અલબત્ત, આ તેના જ શબ્દો નથી તેની વાણીનું જોર પણ આ શબ્દોમાં નથી. ફક્ત તેનો કંઈક ભાવાર્થ જ ઉપરનાં વાક્યોમાં આવે છે. કોણ જાણે કેમ, તેના એ શબ્દો મારા કાનમાંથી હૃદયમાં સોંસરા ઊતરી ગયા.

અલબત્ત, બે આનાનાં બાર કેળાં લઈને હું તો ચાલ્યો ગયો, અને છોકરો પણ પોતાને રસ્તે પડ્યો; પણ તે છોકરાને અને તેના શબ્દોને મારાથી ભુલાયા નહિ. તેના શબ્દોમાં

ખુશામત નહોતી, પણ ઠપકો હતો. તે જાણે કહેતો હતો કે "મારે પૈસાની ખરેખર ગરજ છે, માટે જ તમે મને દબાવીને બે કેળાં વધારે પડાવો છો।"

સારો વેપારી તે કહેવાય છે કે જે ઘરાકની પાસેથી વધારે પૈસા પડાવીને ઓછી કિંમતી વસ્તુ આપે છે; ને સારો ચાલાક ખરીદી કરનાર તે કે જે વેપારી પાસેથી ઓછી કિંમત આપીને વધારે કિંમતનો માલ પડાવી શકે છે. એકબીજાને છેતરવામાં જ એકબીજાની મહત્તા અંકાય છે. ગરીબ વેપારી પાસે પૈસાદાર ઘરાક ફાવી જાય છે, અને ગરીબ ઘરાક પાસે પૈસાદાર વેપારી ફાવી જાય છે. આ વિચિત્ર વેપારી ધોરણની નીતિ તરફ મારો અણગમો છતાં મારા પોતાના સ્વાર્થની બાબતમાં બે કેળાં જેટલો મોટો લાભ મેળવવા ખાતર હું પણ તેમાં ભળ્યો.

એક બીજો વિચાર પણ મને પાછળથી આવ્યો. આ તેર ચૌદ વરસનો છોકરો કેટલી શ્રદ્ધાથી કમાવા નીકળ્યો હશે? તેને મનમાં એટલી તો ખાતરી હશે જ ને, કે પોતે સાંજ સુધીમાં પોતાની આજીવિકા પૂરતું ઉત્પન્ન કરશે? તેના દિલમાં એમ પણ થતું તો હશે જ ને, કે એમાંથી પોતે કમાઇને થોડુંઘણું બચાવી શકશે? આ શ્રદ્ધા આપણે ત્યાં અભ્યાસ કરતા વિદ્યાર્થીમાં હશે ખરી? મને નથી લાગતું કે હોય! ભલે પેલા છોકરાની આસપાસની પરિસ્થિતિએ તેનામાં એ બળ પૂર્યું હશે. આપણે એમ ન જ ઇચ્છીએ કે એ ઉમરે છોકરો આમ પેટ માટે રખડે. એ ઉમરે જો તેને નિશ્ચિંતપણે ખેલતો કૂદતો અને પોતાનો વિકાસ કરતો જોઇએ તો આપણી આંખ ઠરે. પણ હિંદમાં એવી સ્થિતિનું દર્શન દુર્લભ છે! પોતાની આજીવિકા માટે ભટકતાં છોકરા છોકરીઓ કંઈ અહીં શોધવા જવાં પડે તેમ નથી તેવા છોકરા-છોકરીઓ માટે બાલ્યાવસ્થાનો આનંદ નથી, કિશોરાવસ્થાની નિશ્ચિંતતા પણ નથી. આ વસ્તુસ્થિતિ દુઃખદ નથી લાગતી?

પણ કોણ જાણે કેમ, મનુષ્યમાં એક એવી શક્તિ રહેલી છે કે પોતે જે પરિસ્થિતિમાં મૂકાય છે તે પરિસ્થિતિમાંથી તે બળ મેળવે છે. પરિસ્થિતિ જેમ વધારે સાંકડી તેમ તેનું બળ અમુક રીતે વધે છે. પરિસ્થિતિ જેમ વધારે વિશાળ તેમ તેનામાં રહેલી શક્તિ નિરાંતે પડી રહે છે. આ સત્ય સંપૂર્ણ નહિ હોય, પણ તેમાંથી એક વાત તો ચોક્કસ જ તરી આવે છે કે બહુ જ સુંવાળી રીતે વિદ્યાર્થીઓને રાખવામાં તેમનું તેજ હણાય છે.

(છાત્રાલય) —મૂળશંકર મો. ભટ્ટ

આકડો

આકડાને સંસ્કૃતમાં અર્ક, મરાઠીમાં રૂઈ, હિંદુસ્તાનીમાં આકડા, બંગાળીમાં આકંદ અને ફારસીમાં ખુર્ક કહે છે.

આકડાનું ઝાડ જાણીતું છે અને ઘણાખરાઓએ તે જોયું પણ હોય છે. એની બે જાત થાય છે. ધોળી અને લાલ. એનાં પાંદડાં જાડાં હોય છે અને વડનાં પાંદડાની માફક મોટાં થાય છે. દરેક ઝાડની માફક એને ફૂલ તથા ફળ બેસે છે. ફળ પાક્યા પછી અંદરથી પોચા સુંવાળા રૂ જેવું નીકળે છે

આ છોડની ડાળીઓ ભુરાશપડતી પીળી હોય છે. પણ તેના તરતના કુમળા ભાગો લીલા હોય છે. એનાં પાંદડાં હંમેશાં સામસામાં જોડાએલાં હોય છે. પાંદડાંની દાંડી ટૂંકી હોય છે અને તેના પર તથા પાંદડાંની નીચલી સપાટી પર ઊન જેવી રૂંવાટી હોય છે. દાંડી તોડતાં તેમાંથી દૂધ જેવો રસ નીકળે છે. આકડાનું આ દૂધ સાધારણ રીતે શરીરનો કોઇ ભાગ દુખતો હોય તે પર ચોપડવામાં આવે છે. દાંડીમાં કાપ મૂકતાં આવું ઘણું દૂધ તેમાંથી નીકળે છે.

આકડાના લાકડાના કોલસા ઘણા હલકા હોય છે ને તેથી દારૂખાનું બનાવનારાઓ તેનો ઉપયોગ દારૂ બનાવવામાં કરે છે. એવું કહેવાય છે કે પ્રથમ લોકો આકડાનાં પાંદડાં પર મોડી ભાષાના અક્ષરો લખતા હતા. પણ હવે તેનો એ ઉપયોગ થતો નથી.

આકડાના છોડનાં મૂળ ઊંડાં હોય છે. હિંદુસ્તાનમાં ઘણે ઠેકાણે એ છોડ જોવામાં આવે છે. તદ્દન સૂકી જગ્યામાં પણ એ ઊગી શકે છે. આકડાનાં ફૂલ વાદળી રંગ પર પડતાં સફેદ હોય છે. છોડ પર એ ફૂલનાં ઝુમખાંઓ હોય છે. ફૂલની દાંડી પર પણ આશરે એકાદ ઇંચ જેટલી લાંબી ઊન જેવી રૂંવાટી હોય છે.

આકડાનું ફળ હોડીના આકારનું લીલું હોય છે. ઉપરટે એ કાળું પડી જાય છે અને સુકાઇ જઈ ઉઘડી જાય છે. એ બીમાં લાંબા રેશમ જેવાં રેસા થાય છે. આ રેશમનો વેપાર ચાલે છે અને તે સુંવાળું હોવાથી ગાદીતકીઆ ભરવાના કામમાં બહુ વપરાય છે.

આકડાનો છોડ સામાન્યતઃ ઝેરી છે. તેનાં પાંદડાંનો ઉપયોગ તાવમાં થાય છે. પાંદડાંને ગરમ કરી તેમાંથી રસ કાઢવામાં આવે છે ને એ રસ શરીરે ચોપડી સાધારણ ઘસવાથી પરસેવો છૂટે છે. આકડાના દૂધનો જુલાબ ઘણો જ આકરો હોય છે. જરા સરખું લેવાથી પુષ્કળ જુલાબ લાગે છે. ચામડીપર પણ એની ઘણી અસર થાય છે. હાથમાં દૂધ લઇ જો ચામડી પર જરા ભાર દઇને ઘસવામાં આવે તો ચામડી લાલ થઇ જાય છે. વાયુની પ્રકૃતિવાળા મનુષ્યનું શરીર વાયુથી ઘણીવાર દુઃખે છે અને ખાસ કરીને અમુક ભાગોમાં વધારે કળતર થઇ આવે છે તેવે વખતે જો એનાં પાંદડાંનો શેક કરવામાં આવે તો જલદી આરામ થઇ જાય છે. પેટના દર્દવાળા દર્દીને અથવા જેની પાચનશક્તિ મંદ હોય છે તેવાના ઓષધમાં વૈદો આકડાનાં ફૂલનો ઉપયોગ કરે છે. એથી શરીરમાં હોવત પણ ઘણું આવે છે.

આંખમાં કમળો થયો હોય તે વખતે જો આકડાનાં મૂળિયાંને ચોખાના ધોવરામણમાં (ચોખાને ધોએલા પાણીમાં) ઘસીને નાકમાં તેનાં ત્રણચાર ટીપાં નાંખ્યા હોય તો સારું થઈ જાય છે.

આકડાનું દૂધ ઘણું ગરમ ગણાય છે. અને ખરજ પર તે અકસીર ગણાય છે. હરસના દર્દ માટે પણ તે ઘણું ઉપયોગી

છે. આકડાનાં પાંદડાં અને મૂળમાંથી પણ દૂધ નીકળે છે. એ દૂધ સુકાઇ ગયા બાદ જુલાબ તરીકે તેનો ઉપયોગ થાય છે ને એ જુલાબ શરીરને ફાયદાકારક છે એવું ઘણાનું કહેવું છે.

આકડાનું દૂધ, તેલ અને ગોળને મેળવી જે જગ્યાએ કૂતરૂં કરડયું હોય તે જગ્યાએ ચોપડવાથી વેદના ઓછી થઇ આરામ થઇ જાય છે. વાને લીધે ઘણા મનુષ્યના ઘૂંટણ ખાસ રહી જાય છે તે વખતે તેના પર આકડાનું દૂધ ચોપડી ઉપર રૂ લગાડતાં તો તમે ઘણાને જોયા હશે જ. આકડાના દૂધ તથા પાનના વૈદકમાં આવા ઘણાઘણા ઉપયોગો સૂચવ્યા છે. ઘણા મનુષ્યના ચહેરા પર ફક્ત કાળાશ આપણે જોઇએ છીએ. એ કાળાશ દૂર કરવા તેના પર આકડાનું દૂધ અને હળદરને ઝીણાં વાટી બરાબર મિશ્ર કરી ચોપડવામાં આવે છે. થોડા દિવસ આમ ચોપડવાથી એ કાળાશ ઘણી ઓછી થઈ જાય છે.

એવું કહેવાય છે કે સ્ત્રીને પ્રસુતિ થવામાં વધુ વિલંબ થતો હોય ત્યારે આકડાનાં મૂળિયાં આકડાના પાનમાં લપેટી અંબોડામાં રાખવામાં આવે તો તરત પ્રસૂતિ થાય છે. પ્રસુતિ બાદ એ કાઢી નાખવામાં આવે છે. વીંછી સાપ વગેરે ઝેરી જાનવર કરડે ત્યારે પણ આકડો અતિ ઉપયોગી છે.

આકડાનું વૃક્ષ વૈદકશાસ્ત્ર પ્રમાણે ઘણું જ ઉપયોગી છે.

—રતિલાલ વિઠ્ઠલદાસ દલાલ

વસંતોત્સવ

ઉત્સવ પ્રજાનો પ્રાણ છે. કોઈ પણ પ્રજાના આચાર-વિચાર, કલાકૌશલ્ય ને સંસ્કારિતાનું દર્શન તેના ઉત્સવો દ્વારા થાય છે; એટલું જ નહિ, પણ પ્રજાના વર્તમાન ને ભૂતભવિષ્ય જીવનનો આંક પણ તેના ઉત્સવો ઉપરથી મૂકી શકાય.

આપણે ત્યાં નિયમિત ઋતુઓ ને એ ઋતુએ ઋતુના ઉત્સવો છે. પણ ઉત્સવ ઊજવવાનો ઉત્સાહ આજે આપણામાં રહ્યો નથી. હા, આજે ઉત્સવો ઊજવાય છે માત્ર ધર્મમંદિરોમાં. ઠાકોરજીને પારણે ઝૂલતા જોવામાં વસંતોત્સવ અને દોલોત્સવનો સમાવેશ થઇ જાય છે. પ્રાચીન ગૌરવનું ગાન કરીને અને જૂના રીતરિવાજોની નિર્જીવ નકલ કરીને આજે ઉત્સવો ઊજવ્યાનો આનંદ લેવાય છે. અને રડતી સૂરતે ઘરને ખૂણે બેસી મિષ્ટાન્ન ખાવામાં ઉત્સવની પૂર્ણાહૂતિ થાય છે!

આજે આપણે કુદરતથી દૂર ને દૂર ભાગીએ છીએ. વસંતને વધામણાં ઘર બેઠાં ન દેવાય; કુદરતને ખોળે જવું જોઇએ. પત્રપુષ્પોથી મઘમઘી રહેલાં વૃક્ષોનાં જીવન જેવું પ્રાણવાન ને ઉલ્લાસભર્યું જીવન જીવવા—કુદરત સાથે ઓતપ્રોત બનવા પ્રાર્થના કરવી જોઇએ.

દરેક પ્રજા પોતપોતાના ઉત્સવો ઊજવતી હોય છે, પણ તેમાં રહેલી ઉન્નત ભાવના કાળે કરીને ભૂંસાઈ ગઈ હોય છે. પણ હવે તો બધિયાર જીવનથી ત્રાસી જઇને પ્રગતિને પંથે જતી પ્રજાઓ પાછી કુદરત તરફ વળતી જાય છે.

જાપાન તો આજે સૈકાઓથી–સન ૮૧૨થી–વસંતોત્સવ ઊજવે છે. વસંતઋતુ આવે એટલે ચેરીપુષ્પો ખીલવા માંડે ત્યારે જાપાનમાં મોટો ઉત્સવ—કુસુમોત્સવ—ઊજવાય છે. આબાલવૃદ્ધ હજારો સ્ત્રીપુરુષો હર્ષઘેલાં બની વસંતને વધાવી લેવા—ચેરીપુષ્પોને નીરખવા—ઊલટે છે. રમતગમત અને મિજબાનીઓ કરી વસંતોત્સવ ઊજવે છે. જૂની પ્રણાલીમાં ઊજવાતા આ ઉત્સવને સન ૧૯૧૨માં નવું રૂપ આપ્યું. 'ચેરી તરુ સમિતિ'ની સ્થાપના થઇ. આ સમિતિ વૈજ્ઞાનિક ને સાહિત્યની દૃષ્ટિથી ચેરીવૃક્ષ અને ચેરી પુષ્પોનો શાસ્ત્રીય અભ્યાસ કરે છે, અને એ અભ્યાસનું પરિણામ ચેરી નામના પત્રદ્વારા જનતા સમક્ષ મૂકે છે. આ રીતે ચેરી વૃક્ષ ને ચેરી પુષ્પો વડે જાપાની સાહિત્ય અને લલિત કલાઓ અનેક રીતે પ્રેરણા પામે છે.

ઉત્સવો માત્ર આનંદ માટે કે લાલસાભર્યા મોજશોખોનું જ નહિ પણ પ્રજાની બૌદ્ધિક અને નૈતિક ઉન્નતિનું એક અમોઘ સાધન હોવું જોઇએ તેનું આદર્શ દૃષ્ટાંત અમેરિકાની 'ચાટાકુઆ' સમિતિ પૂરૂં પાડે છે.

અમેરિકામાં ચાટાકુઆ શિક્ષણપદ્ધતિ અતિ પ્રચલિત છે. એમાં પત્રવ્યવહાર દ્વારા ઠેરઠેર ગ્રીષ્મ વિદ્યાલય ખોલીને તેમજ ભ્રમણશીલ સમિતિઓ દ્વારા એ શિક્ષણપ્રચારનું કાર્ય કરે છે.

શરૂઆતમાં વર્ષના દસ દિવસ સંમેલન કરીને સમિતિનું ઉત્સવ–સાપ્તાહ ઊજવાતું. તેને વધારે ઉપયોગી અને જનતાને વધારે લાભદાયી બનાવવા સમિતિના સંચાલકોએ ચાટાકુઆ ભ્રમણશીલ સમિતિની યોજના કરી. આજે તો અમેરિકામાં એવી ભમતી સમિતિઓની સંખ્યા ૮૭૦૦ લગભગ પહોંચી છે! શિક્ષણપ્રચારનું કાર્ય એ તેનો મુખ્ય ઉદ્દેશ છે.

પ્રથમથી મુકરર કરેલ દિવસે પાસેપાસેનાં છ શહેરોમાં એકી વખતે સંમેલનનો સમારંભ થાય છે. સમારંભસ્થળને કલાત્મક રીતે શણગારવામાં આવે છે. નાનાંમોટાં સૌ કોઇ તેમાં ઉત્સાહથી ભાગ   છે. વળી દસે દિવસનો કાર્યક્રમ પણ મનોરંજક ને શિક્ષણપ્રદ હોય છે. સવારમાં વિધવિધ વિષયો પર વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનમાળા; બપોરના સંગીત અને વાદ્યાદિ. અને રાતના સંવાદો–નાટક–વગેરે અભિનયકલા. સમિત ખાસ આમંત્રણથી દેશપરદેશના મોટામોટા રાજનીતિજ્ઞો, વિજ્ઞાનાચાર્યો, અને અન્ય વિદ્વાનો, તેમજ પ્રવીણ ખેલાડીઓ, સંગીતાચાર્યો, કલાકારો તેમજ મોટા મોટા વ્યાયામવિશારદોને બોલાવે છે.

કદી કલ્પનામાં પણ ન હોય એવા ક્રમ—વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનો નાટકો વાજિંત્રો વગેરેનો લાભ માત્ર એક જ સત્રમાં દરેક શહેરીજન મેળવી શકે છે.

એક વિદ્વાન, ખેલાડી કે વકતા એક શહેરમાં પોતાની વિદ્વત્તા કે કૌશલ્ય બતાવી ત્યાંથી બીજા શહેરમાં, ત્યાંથી ત્રીજે એમ નિશ્ચિંત છઠ્ઠે શહેરમાં પહોંચી વળે છે. આમ

દરેક શહેર એકસરખો આનંદ ને જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે!

અમેરિકાની આ ઉત્સવ—સંઘઉત્સવ—ઊજવવાની પદ્ધતિનું અનુકરણ આજે યુરોપના બીજા દેશો પણ પોતાને અનુકુળ ફેરફારો સાથે કરી રહ્યા છે. (વિશાલ ભારત)

પહેલવહેલાં ગુજરાતી બીબાં અને છાપખાનું

રૂસ્તમજી કેરશાસ્પજી નામના એક પારસીએ કોઇ અંગ્રેજની મદદથી મુંબઇમાં પહેલવહેલું અંગ્રેજી છાપખાનું ઈ. સ. ૧૭૭૮ માં કાઢયું હતું, જેમાં ૧૮૮૦ના વરસથી તેમણે પહેલવહેલું અંગ્રેજી કૅલેન્ડર છાપી બહાર પાડયું હતું.

ગુજરાતી છાપખાનું, ગુજરાતી પંચાગ તથા ગુજરાતી વર્તમાન પત્રનો પાયો નાખનાર મર્હૂમ મોબેદ ફરદુનજી મરઝબાનજી હતા. પણ એમની આગમચ એમના એક હમવતની મોબેદ જીજીભાઇ બહેરામજી છાપગર પાસે 'બૉમ્બે કુરીઅર'ના માલેક મિ. લયૂક એસબરનર નામના અંગ્રેજે ગુજરાતી ટાઇપ ઓતાવી પોતાના વર્તમાનપત્રમાં કાંઈ ગુજરાતી જાહેરખબર આવે તેને માટે કામે લગાડયા હતા. કુરીઅરમાં ઈ. સ ૧૭૯૭ થી ગુજરાતી ભાષામાં કેટલીક જાહેર ખબરો છપાએલી છે.

પહેલવહેલું ગુજરાતી છાપખાનું (ખાસ બનાવેલા ટાઇપથી છાપવાનું) 'મુંબઇ સમાચાર' પત્રના સ્થાપક મર્હૂમ મોબેદ ફરદુનજી મરઝબાનજીએ ઇ સ. ૧૮૧૨માં કાઢયું હતું.

એ જ છાપખાનામાં ગુજરાતી ટાઇપમાં છાપેલું એક મોટું જાહેર ખબરનું હૅંડબિલ જે આજથી ૧૨૧ વરસ ઉપર (તા. ૨૭ મી ઑગસ્ટ ૧૮૧૧ ને દિને) નીકળ્યું હતું તે હજી આજે પણ હસ્તી ભોગવે છે.

મિ. જીજીભાઇ બહેરામજી છાપગર તે વખતના મુંબઇમાંના એકપુરા છાપખાનામાં એકલો દેશી પ્રિન્ટર હતો તેને મળવા ફરદુનજી છાપખાનામાં જતા. એમનું મન છાપખાનું કાઢવાનું થયું. અંગ્રેજી છાપખાનું તો અત્રે હતું જ, પણ ફરદુનજીએ પોતાની નજર ગુજરાતી છાપખાના તરફ દોડાવી અને તેમણે ૧૮૧૪માં તે કાઢયું. આ વેળા તેને કાંઇપણ નામ આપ્યું ન હતું અને ૮ વરસ સુધી કોઇપણ ખાસ નામ વગર એ છાપખાનું ચાલતું હતું. આનું કારણ દેખીતું છે. જ્યાં એક જ ગુજરાતી છાપખાનું હોય ત્યાં તેને માટે વિશેષ નામની શી જરૂર હોય? એ એક જ ગુજરાતી છાપખાનું રહ્યું, એટલે કોઇપણ સમજી જાય કે તે ફરદુનજી મરઝબાનનું કોટ મધ્યેનું પાઉ બજાર ઉપરનું છાપખાનું જ હોવું જ જોઇએ. પણ પછી ઇ. ૧૮૨૨ માં આ છાપખાનામાંથી 'મુંમબઇનાં શમાચાર' નીકળ્યું ત્યારે તે છાપખાનાનું નામ પણ 'મુમબઇનાં શમાચાર પ્રેસ' એવું આપ્યું.

જીજીભાઈ છાપગરે બનાવેલાં એ પહેલાં બીબાં આજની માફક સીસાનાં નહિ પણ લાકડાનાં હતાં અને તે શરૂઆતમાં માત્ર થોડીક જાહેર ખબરોને માટે જ બનાવ્યાં હતાં. પછી પાછળથી તે વધારી પુસ્તકો માટે તેનો ઉપયોગ કર્યો.

ફરદુનજી મરઝબાને લાગવગ લગાડી લાકડાનું એક પ્રેસ મેળવ્યું અને જેમતેમ કરી છાપવાનો બીજો સામાન ઊભો કર્યો. પણ ગુજરાતી ટાઇપ ક્યાંથી લાવે? પોતે જાતે પુષ્કળ પછાડા મારી ખુદ પોતાને હાથે ગુજરાતી ટાઇપોનો એક સટ તીખા લોઢા ઉપર કોતર્યો, પોતે જ તેની તાંબાની તકતીઓ ઠોકી અને પોતે જ તેને સીસામાં ઓતી ટાઇપો પાડયા. અહાહા, કેવા ટાઇપો? આજનાં કકડબસ છાપખાનાંના માલેતુજાર માલેકો એ ટાઇપો જોઈ જરૂર હસે! પણ ગમે એવા બેડોળ છતાં યે તે આજનાં રોનકદાર મરોડદાર બીબાંના વડવા હતા તે ભૂલવું ન જોઇએ. આજે ક્યાં હશે તે બીબાં? ગુજરાતી છાપાના પિતાએ હાથે બનાવેલાં એ બીબાં—ગમે એવા કદરૂપા ને એબલગામણા બેડોળ એ ટાઇપો—માટે હાલના છાપખાનાના સમજુ માલિકો તો મોટી રકમ આપવાને તૈયાર થાય.

એ બીબાંમાં પહેલી ગુજરાતી ચોપડી 'ખોરદેહ અવસ્તા' ઈ. સ. ૧૮૧૫ માં ફરદુનજી મરઝબાનના મુંબઇ સમાચાર પ્રેસમાં છપાઈ હતી. (જામેજમશેદ સેન્ટીનરી વૉલ્યુમ)

બિહારનો ધરતીકંપ

જાન્યુઆરી તા. ૧૫ મી, પોષ માસની સોમવતી અમાવાસ્યા, એ દિને બપોરના ૨-૧૮ મિનિટને શુમારે, બિહારમાં જે ભારે ભૂકમ્પ થયો—જેથી કેટલુંક નુકસાન કાશી, મીરઝાપુર વગેરે સ્થળે પણ થયું—તેનું સવિસ્તર જ્ઞાન વર્તમાનપત્રોએ અનેક લેખ તથા ચિત્રોદ્વારા વાચકને આપ્યું છે. એની પુનરુક્તિ કરવાની જરૂર નથી. તથાપિ આવા ભયાનક વૃત્તાન્ત ઉપર બે શબ્દો લખ્યા વિના રહેવાતું નથી.

પ્રકૃતિના આ ક્ષોભને કોઇ એક શબ્દથી વર્ણવી શકાય તો એ શબ્દ, સંપૂર્ણ અર્થમાં 'પ્રલય' છે. આ ઉત્પાતથી અસંખ્ય મનુષ્યોના જાનનો અને લાખો રૂપિયાના માલનો વિનાશ થયો છે એટલુંજ નહિ-પણ 'पुरा यत्र स्रोतः पुलिनमधुना तत्र सरिताम्'—એમ નદીનાં વ્હેણ બદલાઇ ગયાં છે, કૂવા રેતીથી ભરાઈ ગયા છે, જમીનોમાં ફાટ પડી ભૂગર્ભમાંથી પાણી બહાર ઊછળી આવ્યાં છે, અને ખેતરોની માટીની જમીન ઉપર રેતીનાં રણ પથરાઇ ગયાં છે। મકાનો ઊખડીને આખાં પડયાં છે, વા ઇંટોના ઢગલા માત્ર થઇ ગયાં છે. આથી મનુષ્યો દબાઈ ને તત્ક્ષણ મરી ગયાં છે; એટલું જ નહિ, પણ ઘણાં પડતાં મકાન નીચે દબાઇ, વા વગર દબાએ એકાદ બચી ગએલા ઓરડામાં ચોતરફથી રૂંધાઈ, બહુ કરુણ રીતે મરણ પામ્યાં છે.

ફરી મકાનો ક્યાં બાંધવાં, ગામ કયાં વસાવવાં, અત્યારે બદલાએલો નદીનો પટ ક્યાં રહેશે અને કયી જમીન ખેડી શકાશે-ઇત્યાદિ વાતનો નિર્ણય પણ એક ચોમાસા પછી જમીનની સ્થિતિ શી થાય છે તે જણાયે જ કરી શકાશે; બલ્કે, હજી તો કેટલું કામ કરવાનું છે તેનું માપ જ પૂરેપુરૂં થઈ શક્યું નથી.

આ અદ્ભુત સંકટને પ્રસંગે મનુષ્યના બન્ધુભાવની કસોટી થઇ છે: હિન્દુસ્તાનના અન્ય પ્રાન્તોની જનતાએ પૂર્ણ સહાનુભૂતિથી લાખો રૂપિયા બિહારના સંકટ નિવારણાર્થે મોકલ્યા

છે. અને એનો ઉપયોગ અમલદાર અને પ્રજાના નેતાઓ એકઠા મળી સંપીને કરે છે. મનુષ્ય મનુષ્યને આવે પ્રસંગે સહાય ન થાય તો તે મનુષ્ય નહિ પણ પશુ છે એ વિચારતાં આ સહાયતાની કદર કર્યા વિના રહેવાતું નથી. પણ સંકટના પરિમાણનો વિચાર કરીએ છીએ ત્યારે State યાને રાજ્ય જ આ સંકટ વખતે કાંઇ પણ હિસાબમાં ગણવા જેવી મદદ આપી શકે એમ છે. ઇજનેરો, દાક્તરો, કૃષિશાસ્ત્રજ્ઞો અને અર્થશાસ્ત્રીઓનાં મગજ, પ્રજાની મજૂરી અને પરસ્પર બંધુભાવ તથા સરકારનું ધન અને કાર્યશક્તિ—સર્વના પુષ્કળ સહયોગ વિના આ સંકટને થોડે અંશે પણ પહોંચી વળાય તેમ નથી.

આશ્ચર્ય લાગે છે કે, આપણા જ્યોતિષીઓએ ભૂકમ્પનું ભવિષ્ય ભાખ્યું હતું! તેઓએ બતાવ્યું હતું કે મહાભારતના યુદ્ધ વખતે જે સાત ગ્રહ એક રાશિમાં એકઠા થયા હતા તેમાંના છ આ વખતે–પોષ માસની અમાવાસ્યાને દિને–એકઠા થયા છે; માત્ર પાપગ્રહની અસર બૃહસ્પતિએ આ વખતે ઓછી કરી છે. ૧૯૧૪માં યુરોપનું મહાયુદ્ધ થયું તે વખતે પણ આમાંના પાંચ ગ્રહ એકઠા થયા હતા.

અલિગઢમાં એક જ્યોતિષીએ એ દિને જાહેરખબર છપાવીને વહેંચી હતી, અને એના ઉપર વિશ્વાસ રાખી ઘણા લોક ભૂકમ્પ થતાં પહેલાં ઘર બહાર નીકળી ગયા હતા. બિહારના એક જ્યોતિષીની સલાહથી એક સ્કૂલનાં છોકરાંઓને ભૂકમ્પ થતાં પહેલાં સ્કૂલના મકાનની બહાર કાઢવામાં આવ્યાં હતાં!

અમે વર્તમાન સાયન્સથી સિદ્ધ થએલી નહિ એવી વાતો ઝટ માની લેવાને તત્પર નથી પણ પૂર્વોક્ત વાતો જો યથાર્થ હોય—અને એ યથાર્થતા નક્કી કરવી કઠણ નથી, કારણકે છાપેલાં પંચાગ આપણે સહેલાઇથી તપાસી શકીએ એમ છે—તો વિશાળ મનના અને સત્યની જ દરકાર કરતા સાયન્સના વિદ્વાનોની ફરજ છે કે જ્યોતિષશાસ્ત્રની આ વાણીને હસીને કે તિરસ્કારીને કાઢી ન નાંખતાં ગ્રહોની પૃથ્વી ઉપર અસર થઈ શકે છે કે કેમ એ પ્રશ્નનો વધારે ઊંડા ઊતરીને ઉત્તર શોધવો જોઇએ. બીજું, આ ગ્રહોના સંયોગનાં વર્ષો શોધી, નોંધી, એ પણ તપાસવું જોઇએ કે એ વખતે જગતના ઇતિહાસમાં કોઈ અદ્ભુત ઉત્પાત થયા હતા કે કેમ.

શૌચાચાર

આપણા સમાજે શૌચાચારના ઘણા સુંદર નિયમો ઘડ્યા છે, પણ એ નિયમોનું પાલન કરનારાઓએ એમનું કેવળ જડ પાલન કર્યું અને આખા યે આચારધર્મમાં અતિશયતા ઊભી કરી; એટલે કેળવાએલા જુવાન સમાજે આખા શૌચાચારને બારીએથી ફગાવી દીધો. અને આજે હજી પણ આપણે એ શૌચાચારની દશા પર હસીએ પણ ખરા!

પણ શૌચાચારની આ દશા કરવાથી આપણને જેમ લાભ થયો છે, તેમ નુકસાન પણ થયું છે. આપણે મરજાદી લોકોના વહેમોમાંથી છૂટ્યા એ મોટો લાભ; આપણે પાણી ઢોળવાના ખોટા આચારમાંથી છૂટ્યા એ મોટો લાભ; આપણે સ્પર્શાસ્પર્શની ખોટી ઘડભાંજમાંથી છૂટ્યા એ મોટો લાભ; આપણે આભડછેટના ભૂતમાંથી બહાર નીકળ્યા એ મોટો લાભ. પણ સાથે સાથે આપણે મેલા ચોખ્ખાનો ભેદ ગુમાવ્યો એ નુકસાન; આપણે સ્વચ્છ અને અજીઠાનો ભેદ ભૂલ્યા એ નુકસાન; આપણે માત્ર દેખાવની સ્વચ્છતાને જ સ્વીકારી એ મોટું નુકસાન; આપણે ઘરનો રોટલો છોડી બજારના સેવ–ગાંઠિયા પર ચડ્યા, પાણી છોડી સોડાએ ચડ્યા, ગમે તેવું ગમે ત્યાંથી મોઢામાં નાખતાં સંકોચ ન રહ્યો એ નુકસાન અને આ માનસ આજે એટલી હદ સુધી ગયું છે કે આપણે પોતે જે પાણી પીએ છીએ તે ચોખ્ખું છે કે કેમ તેનો વિચાર સરખો આપણે કરતા નથી!

અંગ્રેજ લોકોની માફક આપણે તો ટેબલ પર લિજ્જતદાર વાનીઓ આવવી જોઇએ એવું આપણું મન છે; ખાવામાં ભલેને એકલો રોટલો જ આવે. પણ સ્વચ્છ રીતે તૈયાર થયેલો હોવો જોઇએ એવું આપણું મન નથી.

જૂના લોકોના વહેમથી નહિ, આજની દાક્તરી દૃષ્ટિથી પાણી જેવું ચોખ્ખું હોવું જોઇએ તેવું આપણે કાં ન રાખીએ? અને એવું ચોખ્ખું પાણી મેળવવા માટે જે સમય અને શક્તિ ગાળવાં પડે તે ઓછાં જ ગુમાવ્યાં કહેવાય?

મને તો લાગે છે કે આજે આપણે આપણા સમગ્ર આચારધર્મને નવેસરથી વિચારવો ઘટે છે. આપણું ઉત્થાન, આપણો દાતણવિધિ, આપણો મળમૂત્રત્યાગ, આપણું સ્નાન, આપણી રસોઇ, આપણો આહાર, આપણો એઠવાડ, આપણા ચા–ગાંઠિયા, આપણા નાસ્તાપાણી, આ બધાયને આપણે આજથી નવી દૃષ્ટિથી તપાસવાં જોઇએ અને આજના વિજ્ઞાનની દૃષ્ટિથી તેમાં યોગ્ય ફેરફાર કરવા જોઇએ. આપણો આજનો વ્યવહાર તો જૂના શૌચાચારનો પ્રત્યાઘાત છે. પણ હવે તો નવેસરથી એ બધાયને તપાસવાનો વખત આવી લાગ્યો છે.

આપણા દાક્તરો અને આપણા સમાજસેવકો આ બાબતમાં સાથે મંત્રણા કરે તો સમાજને ઘણો લાભ થાય. આ પ્રમાણે થશે પછી સમાજની સ્ત્રીઓ પોતાનાં બાળકોને સડક પર દિશાએ જવા નહિ બેસાડે; આપણા શહેરીઓ સરિયામ રસ્તાઓ પર પેશાબ કરવા નહિ બેસે; આપણા જુવાનો ગંદી હોટલોમાં ચહા નહિ પીએ, આપણે આજના બજારમાં વેચાતા સેવગાંઠિયા નહિ ખાઇએ; આજે ઊભા કરીએ છીએ એવા ઊકરડા ઊભા નહિ કરીએ, આવું થશે પછી આપણાં જીવનમાં આપણે ઘણું ખરું પરિવર્તન કરીશું એમાં શક નથી.

(છાત્રાલય) —નાનાભાઈ

પરવેલ અથવા વસનવેલ

આ જંગલી ઝાડ મુંબઇ અને બંગાળા ઈલાકામાં ઊગે છે. કદમાં તે નાનું હોય છે, અને પાંદડાં ગોળ આકારનાં તથા વચમાં ત્રણ ખાંચા પડેલાં હોય છે. તેના ફૂલ નાનાં અને લીલા રંગનાં થાય છે. તેનાં મૂળીઆં ને પાંદડાં ઉપયોગમાં આવે છે.

દેશી વૈદકનાં પુસ્તકોમાં તેનું વર્ણન કરેલું જોવામાં આવતું નથી. આ ઝાડનાં તાજાં મૂળિયાંને કાળાં મરી સાથે મેળવીને બકરીના દૂધમાં ફકાળીને દરરોજ સવારમાં આશરે પચીસ રૂપિયાભાર આપવાથી સંધિવાના દરદને ઘણી સારી અસર કરે છે, અને તેથી ઝાડો ખુલાસે આવે છે તથા શરીરે પરસેવો વળે છે. આ દવા ખાતો હોય તે વખતે દેશી વૈદ આ પાંદડાંનું શાક કરીને ખાવાની દરદીને ભલામણ કરે છે. તેનાં પાંદડાંનો રસ પાણીમાં નાંખી હલાવવાથી પાણી ચીકણું થઈ જાય છે. આ પાણીને તરત જ સાકર મેળવી આશરે ૨૫ રૂપિયાભાર દિવસમાં બે વખત પીવાથી પ્રમેહના દરદને ઘણો ફાયદો થાય છે. જો આ પાણીને વધારે વાર રહેવા દે તો તેમાંથી ચીકાશ જુદી પડીને ઉપર તરી આવે છે અને તેનો સ્વાદ નીકળી જાય છે. તેનાં મૂળિયાં ઘણીવાર સારસાપરીલાને બદલે શરીરનું લોહી સુધારવાને અપાય છે. — શા. જયતીલાલ રં. લોઢાવાળા

તીણામાં તીણી સોય

ભલેને અડતાંની સાથે તમારી આંગળીમાં ભોંકાઇને લોહી કાઢે એટલી તીણી હોય તોપણ કોઈ પણ સામાન્ય સોયની અણી ઊંચામાં ઊંચી શક્તિવાળા માઇક્રોસ્કોપમાંથી જોતાં તેની ટોચનો ગોળાકાર માપી શકાય છે,-ઇંચના અમુક હજારમા ભાગ જેટલો તે હોય છે.

પણ મિશિગન યૂનિવર્સિટીના એન્જીનીઅરોએ હમણાં એવી સોય બનાવી છે જેની અણીના મથાળાની ગોળાઈ એક ઇંચના દસ હજારમા ભાગ જેટલી પહોળી છે. તે હીરાની છે અને ઓપેલા પોલાદના સપાટીનો કસ કાઢી જોવાના ઉપયોગ સારૂ બનાવી છે. —(લિટરરી ડાઇજેસ્ટ)

સૂક્ષ્મતાનાં માપ

ભૌતિકશાસ્ત્રીઓએ એવી સૂક્ષ્માતિસૂક્ષ્મ વસ્તુઓ શોધી કાઢી છે કે જેમનાં કદનું માપ સામાન્ય રીતે સમજમાં ઉતારવું મુશ્કેલ છે. હમણાં એક જણે આ નીચેનું પરિમાણ પ્રકટ કર્યું છે:

એક મિલિમિટર—એટલેકે એક ઇંચના ૩૯/૧૦૦૦ ભાગ—ને જો ખેંચીને ૧૦૦૦ માઇલ જેવડો લાંબો કર્યો હોય તો નીચેની સૂક્ષ્મ વસ્તુઓનાં નામ લગભગ તેમની સામે દર્શાવ્યા પ્રમાણે થાય:

નરી આંખે દેખી શકાય તેવો સૂક્ષ્મમાં સૂક્ષ્મ રજકણ ૫૦ માઇલ

માઇક્રોસ્કોપમાંથી દેખી શકાય તેવો સૂક્ષ્માતિ

સૂક્ષ્મ રજકણ	૧/૪ માઇલ
અપર કૉલૉઇડલ લિગિડ્સ	૫૦૦ ફીટ
લોઅર ,, ,,	૨૫ ફીટ
મોલેક્યુલ (મધ્યમ કદનાં)	હાથી જેવડાં
પરમાણુ (ઍટમ)	માણસ જેવડાં
ઇલેક્ટ્રોન	૧/૪૦,૦૦૦ ઇંચ
પ્રોટોન	૧/૮,૦૦૦,૦૦૦ ઇંચ

(લિટરરી ડાઇજેસ્ટ) —જે. એ.

આવતી લડાઈ

મિ. સી. રૉજર્સ નામના અંગ્રેજે આવતી લડાઈ ક્યા વર્ષમાં થશે તેનું ભવિષ્ય ભાખવાની એક રીત શોધી કાઢી છે!

છેલ્લી લડાઇ કઇ સાલમાં પૂરી થઇ તેની સાલ લખો, અને તેના આંકડાઓનો સરવાળો કરી તેને ગેલી સાલમાં ઉમેરી દો. જે આવે તે સાલમાં નવી લડાઇ થવાની! અને આનો તાળો પણ મળે છે. જુઓ:

હિન્દના સનાતનના બળવાનો ૧૮૫૮ માં અંત આવ્યો. એ ચાર આંકડાનો સરવાળો કરો અને ૧૮૫૮ માં ઉમેરો એટલે તમને ૧૮૮૦ મળશે. તે વર્ષમાં અંગ્રેજોને ઇજિપ્તમાં લડાઇ થઇ હતી. ને એ રીત હજી પણ ચાલુ જ રહે છે જુઓ:

ઇજિપ્તની લડાઇ પૂરી થઇ		૧૮૮૧
	૧+૮+૮+૧ =	૧૮
બોઅર લડાઈ શરૂ થઇ		૧૮૯૯
,, ,, પૂરી થઇ		૧૯૦૨
૧+૯+૦+૨	=	૧૨
મહાયુદ્ધ શરૂ થયું		૧૯૧૪
,, પૂરૂં થયું		૧૯૧૮

હવે ૧૯૧૮ નો સરવાળો કરો અને તમને ૧૯ મળશે, તેને ૧૯૧૮ ના વર્ષમાં ઉમેરવાથી, આવતી લડાઈ ૧૯૩૭ માં શરૂ થશે એમ સમજાય છે. સંભાળજો બાવા! (નવી રોશની)

શ્રી હનુમાન વ્યાયામ પ્રસારક મંડળ અમરાવતી

આજ સુધીમાં દેશના જુદાજુદા પ્રાંતોમાંથી લગભગ ૫૦૦૦ યુવાનોએ જેનો અપૂર્વ લાભ ઉઠાવી સ્વાસ્થ્ય ને શક્તિ સંપન્ન કર્યાં છે તે શ્રી હનુમાન વ્યાયામપ્રસારક મંડળ અમરાવતી તરફથી આ વરસે પણ 'સમર ટ્રેઇનીંગ ક્લાસ' અમરાવતીમાં રાખવામાં આવેલ છે. અનિવાર્ય સંજોગોને લીધે છેલ્લાં ત્રણ વરસથી એ વર્ગો બંધ હતાં. ચાલુ વર્ષના મેની ૧લીથી, જૂનની ૨લી તારીખ સુધી તે ખુલ્લા રહેશે.

આ મંડળનો કુલ ત્રણ વરસનો કોર્સ પૂરો કરનારને 'વ્યાયામ વિશારદ'નું બીરૂદ મળે છે.

લાઠી, ભાલા, કુસ્તી, મગદળ, લેજિમ, ડ્રિલ, સ્કાઉટીંગ, પ્રાથમિક મિલિટરી તાલીમ વગેરે પહેલા વરસના અભ્યાસક્રમમાં છે. તે ઉપરાંત ફર્સ્ટ એઇડ, આરોગ્ય, સિવિક Civics વગેરે વિષયો પર વ્યાખ્યાનો પણ આપવામાં આવે છે.

મંડળના નિયમ અને ક્રમનું સંપૂર્ણ પાલન કરવું એ જ તેની દાખલ ફી. માત્ર રહેવા અને ખાવાપીવાના એક સત્રના માસિક રૂા. ૧૬ દાખલ થનારે આપવા પડે છે. લાભ લેવા ઇચ્છનારે ૦-૦-૯ પાઇની ટિકિટ બીડી નીચેને સરનામેથી તેની વધુ વિગત મેળવવી. અને વર્ગમાં દાખલ થવા ઇચ્છનારે મોડામાં મોડી ૨૦મી એપ્રિલ સુધીમાં એ જ સરનામે અરજી પહોંચાડવી જોઇએ.

સરનામું: H. A. Asanare, B. A. LL. B.
Secretary. H. V. P. M. Amravati

અકસ્માતમાં સપડાએલી 'સેન્ટ્રલ અમેરિકા' નામની આગબોટમાંથી સૌ ઊતરી ચૂકયાં હતાં ને આગબોટ ડૂબવાની અણી પર હતી. એ વેળા તેની વ્યવસ્થાપક બાઇએ જેટલું દ્રવ્ય હાથ લાગ્યું તેટલું ઘસડીને મોટું પોટલું બાંધ્યું અને આગબોટને છોડી જતી છેલ્લી હોડીમાં કૂદકો માર્યો. પરંતુ પેલા ધનના બોજાને લીધે એ કૂદકો હોડી સુધી ન પહોંચતાં તે દરિયામાં જઈ પડી. લોભના એ બોજાએ જ તેને સૌ પહેલાં તળિયે પહોંચાડી!

અનેકાર્થી શબ્દ : **ગોટો**=ગોટાળો; ગલગોટાના ફૂલ માટે વપરાતું ટૂંકું નામ; ફૂલની કલગી અથવા તોરો; ધુમાડાનો ગોળો; પેટમાં વાયુ ભરાવાને લીધે થતી વેદના; ફળની અંદરનો ગોળાકારી ગર્ભ.

ગણિતગમ્મતઃ કોઇ મિત્રને બે અથવા વધુ આંકડાની ગમે તે મોટી પૂર્ણાંક સંખ્યા ધારવાનું કહો. પછી તેને અવળી કરાવી ધારેલી સંખ્યાની સાથે તેની બાદબાકી કરાવો, અને જે રહે તેમાંથી નવડા વિના ગમે તે એક અંક છુપાવી બાકીના અંક તમને આપવાનું કહો. હવે તમારે એ મળેલા અંકોનો મનમાં સરવાળો કરી (સરવાળામાં બે અંક આવે તો તે બેનો ફરીથી સરવાળો કરી એક અંક કરી) જે આવે તેને નવમાંથી બાદ કરવા. બાકી રહે તે મિત્રને જણાવો કે આ તમે સંતાડેલો આંકડો! (રતિલાલ કે. ભટ્ટ)



દેશોની રેખામાં દેખાતી પ્રાણીઆકૃતિ: ગ્રીનલૅંડ રીંછના મોં જેવો દેખાય છે.

લીંબુના શરબતમાં સોડા બાઈ કાર્બ નાખતાં લેમોનેડની માફક ઊભરો આવશે. તે અપચો મટાડનારૂં છે.

જીત કરતાં હાર
પછી અંતઃકરણ
વધુ સાફ લાગે છે.

આમાં વજૂદ હશે?

કહે છે કે: જીવનભર અલુણ વ્રત પાળી કદી મીઠું જેણે ન ખાધું હોય તેને સર્પદંશની અસર થતી નથી.

કહે છે કે: આકડાના દૂધની અસરથી મગર મરી જાય છે! અને એ કારણે તેઓ તેનાથી એટલા તો ભડકે છે કે આકડાનું ડાળખું પાસે રાખીને નદી કે તળાવ ઊતરો તો તેમાં ગમે તેટલા મગરો હોય છતાં કંઇ પણ ઈજા કર્યા વિના જીવ લઇને નાસી જશે.

કહે છે કે: આમલી અને કેરીની ફસલ સામસામી હોય છે. જે વર્ષે કેરી વધારે હોય તે વર્ષે આમલી ઓછી પાકે; અને તે પછીને વર્ષે તેથી બરોબર ઊલટું જ થાય: આમલીની ફસલ વધારે આવે ને કેરીની અછત રહે.

ઉનાળામાં લૂ લાગતી અટકાવવાને ડુંગળીનું સેવન ઉપયોગી છે.



આમ્સ્ટરડામના વિલ્ટન મ્યૂઝિયમમાંની આ પ્રાચીન ખોપરી બે લમણાં વચ્ચે ૨૨ ઇંચ પહોળાઇની તથા દાઢીથી તાળવા સુધી વીસ ઈંચ ઊંચાઈની છે તેના પ્રમાણ ઉપરથી માનવવંશશાસ્ત્રીઓએ ગણત્રી કાઢી છે કે એ કાળે મનુષ્ય તેર ફીટ ઊંચો હશે.



ટેબલને ખૂણે પાયા ઉપર લગાડી શકાય એવી આ રચનામાં બે પ્યાલા પીણાના તથા સીગારેટની 'ઍશ ટ્રે'ને બદલે બીજી ફાવે તે ચીજો જરૂરત પ્રમાણે મૂકી શકો.

લેખનનાં સૂચનો: પોતાને જરૂરની વસ્તુ માગતી વેળા 'જોઇએ છીએ' એ પ્રમાણે બોલવાલખવાની ભૂલ સામાન્ય છે. એ તો બીજા પુરુષ બહુ વચનનું જોવાની ક્રિયા માટે વપરાતું ક્રિયાપદ થયું. ખરી રીતે તો 'જોઇએ છે' એમ કહેવું જોઇએ.

આપણે ત્યાં પુસ્તકો સંખ્યાથી વેચાય છે, પણ ઉત્તર હિંદુસ્તાનમાં મણથી વેચાય છે! લખનૌના નવલકિશોર પ્રેસમાં બુકસેલરો લેવા જાય તો એમ જ કહે કે ફલાણી નવલકથા આટલા મણ આપો!

જાપાનમાં બાળક જે દહાડે જન્મે છે તે દિવસે તે એક વરસનું ગણાય છે. જો બાળક વર્ષના છેલ્લા દિવસે જન્મ્યું હોય તો બીજે દિવસે નવું વરસ હોવાથી તે બે વર્ષનું ગણાય છે!

પૈસા ધીરજો પણ આબરૂ ન ધીરતા.



આ રોમન ફિલસૂફ સેનેકા ગમે તે આડાઅવળા ૨૦૦૦ શબ્દો માત્ર એક વાર સાંભળ્યા પછી તે બરોબર બોલી જઇ શકતો એટલી તીવ્ર યાદદાસ્ત ધરાવતો.